અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ જુલાઈ ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, શ્રાવણ સુદ ૬ | અંક : ૩૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### હિમાચલ પ્રદેશમાં ફરી આભ ફાટ્યું: મંડીમાં ૪ના મોત



। (એજન્સી) હિમાચલ પ્રદેશ, તા.૨૯ ।

હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં મંગળવારે (૨૯મી જુલાઈ) વાદળ ફાટવા અને સાંબેલાધાર વરસાદને કારણે ભારે તારાજી સર્જાઈ છે. મંડીના જેલ રોડ અને હૉસ્પિટલ રોડ વિસ્તારમાં પરિસ્થિતિ સૌથી ખરાબ છે. પૂર અને ભૂસ્ખલનના કારણે રસ્તાઓ સંપૂર્ણપણે બંધ થઈ ગયા હતા, જેના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. મંડીમાં અત્યાર સુધીમાં ચાર લોકોના મોત થયાના અહેવાલ છે. જ્યારે ૫૦ ગાડીઓ કાટમાળ નીચે દબાઈ છે. અહેવાલો અનુસાર, મંડી જિલ્લામાં ફરી એકવાર ભારે વરસાદે તબાહી મચાવી દીધી હતી. ભૂસ્ખલન અને કાટમાળ પડવાની ઘટનાઓને કારણે શહેરની જીવનરેખા ઠપ્પ થઈ ગઈ છે. ત્યારે ભારે વરસાદના કારણે મંડીના જેલ રોડ પરના નાળામાં અચાનક પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે નજીકના ઘરો પણ ડૂબી ગયા હતા. નાળાનો કાટમાળ ઘરોના નીચેના માળમાં ઘૂસી ગયો હતો. આ દુર્ઘટનામાં ચાર લોકોના મોત થયા છે.

### મેરઠમાં ડોક્ટરની બેદરકારીથી એક દર્દીનું કરૂણ મોત થયું

। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૨૯ ।

ઉત્તર પ્રદેશના મેરઠમાં ડૉક્ટરની બેદરકારીનેથી એક દર્દીનું કરૂણ મોત થયું. અકસ્માતમાં ઈજાગ્રસ્ત દર્દી ઈમરજન્સી વોર્ડમાં પીડાથી કણસતો રહ્યો અને ડૉક્ટર એસી સામે ટેબલ પર પગ ફેલાવીને સૂતો રહ્યો.

પરિવારજનો અપીલ કરતા રહ્યા, પરંતુ મેડિકલ સ્ટાફે ધ્યાન આપ્યું નહીં. ઈજાગ્રસ્ત વ્યક્તિનું મૃત્યુ વધુ પડતું લોહી વહી જવાના કારણે થયું હતું.

આ ઘટના ઉત્તર પ્રદેશના મેરઠમાં લાલા લાજપત રાય મેમોરિયલ (LLRM) મેડિકલ કોલેજનો છે. પીડિત પરિવારના જણાવ્યાનુસાર, રવિવારે (૨૭મી જુલાઈ)ની રાત્રે એક અજાણ્યા વાહને ૩૦ વર્ષીય સુનીલ કુમારની બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતમાં તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સારવાર માટે મેડિકલ કોલેજમાં ખસેડવામાં આવ્યો હતો. તેની ગંભીર હાલત જોઈને પરિવારે મેડિકલ સ્ટાફને સારવાર માટે અપીલ કરી હતી.

# તમે ઓપરેશન સિંદૂરની શરૂઆતમાં જ સીઝફાયર કરી દીધુ : રાહુલ ગાંધી

## રાજનીતિક ઇચ્છાશક્તિની જરૂર હોય છે. સેનાના ઉપયોગ માટે રાજનીતિક ઇચ્છાશક્તિ જરૂરી છે, ૧૯૭૧માં તત્કાલીન વડાપ્રધાને અમેરિકાની ચિંતા નહોતી કરી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૯ ।

ઓપરેશન સિંદૂર પર લોકસભામાં ચર્ચા હજુ પણ ચાલી રહી છે. ઓપરેશન સિંદૂર પર રાજ્યસભામાં પણ આજે ચર્ચાની શરૂઆત થઈ છે. ત્યારે લોકસભામાં વિપક્ષા નેતા રાહુલ ગાંધીએ પહલગામ હુમલાને ક્રૂર ગણાવતા કહ્યું કે, 'જે થયું, તે ખોટું થયું. તમામે તેની નિંદા કરી છે. અમે પહાડની જેમ સરકારની સાથે ઉભા રહ્યા.'

રાહુલ ગાંધીએ કહ્યું કે, 'અમે પહલગામ હુમલા બાદ નરવાલ સાહબના ઘરે ગયા, તેમના પુત્ર નેવીમાં હતા. ઉત્તરપ્રદેશમાં પણ પીડિત પરિવારોને મળ્યા. કાશ્મીરમાં પણ પીડિત પરિવારો સાથે મુલાકાત કરી. અમે રાજનીતિ કામથી લોકોને મળતા રહીએ છીએ. જ્યારે હાથ મિલાવો ત્યારે ખબર પડે છે કે આ ટાઈગર છે. ટાઈગરને આઝાદી આપવી પડે છે. સેનાને સંપૂર્ણ આઝાદી આપવી જોઈએ. રાજનીતિક ઈચ્છાશક્તિની જરૂર હોય છે. સેનાના ઉપયોગ માટે રાજનીતિક ઈચ્છાશક્તિ જરૂરી છે. ૧૯૭૧માં તત્કાલીન વડાપ્રધાને અમેરિકાની ચિંતા નહોતી કરી. એક લાખ પાકિસ્તાની સૈનિકોએ સરેન્ડર



કર્યું.' રાહુલ ગાંધીએ કહ્યું કે, 'ગઈકાલે સૈમ માનેકશૉને કોટ કરવામાં આવ્યા. ઈન્દિરાજીને સૈમ માનેકશૉએ કહ્યું કે, અમે હાલ ઓપરેશન નથી કરી શકતા. અમને છ મહિનાનો સમય આપવો જોઈએ, ઉનાળામાં કરીશું. ઈન્દિરાજીએ પૂરતો સમય આપ્યો હતો. સંરક્ષણ મંત્રીએ ગૃહમાં કહ્યું કે, અમે ૧.૩૫ વાગ્યે પાકિસ્તાનને એ જણાવ્યું કે અમે આતંકવાદી ઠેકાણાઓ પર હુમલા કર્યા છે. આ એસ્કેલેટરી ન હતું. હવે કોઈ એસ્કેલેશન ન હોવું જોઈએ. તમે ૩૦ મિનિટમાં જ પાકિસ્તાનને સામે સરેન્ડર કરી દીધું. એ જણાવવામાં આવ્યું કે, તમારી પાસે લડવાની ઈચ્છાશક્તિ નથી. સરકારે પાયલટ્સના હાથપગ બાંધી રાખ્યા છે.'રાહુલ ગાંધીએ કહ્યું કે, ભારત સરકારે ભૂલ કરી છે. આપણું કોઈ સાથે યુદ્ધ થયું છે અને આપણે તેને કહીએ કે ભાઈ હવે ઠીક છે, અમે લડાઈ નથી ઈચ્છતા. અમે તમને એક થપ્પડ મારી છે, બીજી નહીં મારીએ. ભૂલ સેનાની નહીં, સરકારની હતી. ટ્રમ્પે ૨૯ વખત કહ્યું કે, અમે યુદ્ધ અટકાવ્યું. જો દમ હોય તો વડાપ્રધાન મોદી આ ગૃહમાંથી એવું બોલી દે કે ડોનાલ્ડ ટ્રમ્પ ખોટું બોલી રહ્યા છે.

એક નવી વસ્તુ ચાલી છે, નવો શબ્દ ચાલ્યો છે- ન્યૂ નોર્મલ. વિદેશ મંત્રીએ તેનો ઉપયોગ કર્યો. ભાષણમાં તેમણને કહ્યું કે તમામ ઈસ્લામિક દેશોએ નિંદા કરી છે, પરંતુ એ નથી જણાવ્યું કે પહલગામ બાદ એક પણ દેશે પાકિસ્તાનની નિંદા નથી કરી. દરેક દેશે આતંકવાદની નિંદા કરી. ભૂલ સેનાની નહીં, સરકારની હતી. ટ્રમ્પે ૨૯ વખત કહ્યું કે, અમે યુદ્ધ અટકાવ્યું. જો દમ હોય તો વડાપ્રધાન મોદી આ ગૃહમાંથી એવું બોલી દે કે ડોનાલ્ડ ટ્રમ્પ ખોટું બોલી રહ્યા છે. એક નવી વસ્તુ ચાલી છે, નવો શબ્દ ચાલ્યો છે- ન્યૂ નોર્મલ. વિદેશ મંત્રીએ તેનો ઉપયોગ કર્યો. ભાષણમાં તેમણને કહ્યું કે તમામ ઈસ્લામિક દેશોએ નિંદા કરી છે, પરંતુ એ નથી જણાવ્યું કે પહલગામ બાદ એક પણ દેશે પાકિસ્તાનની નિંદા નથી કરી. દરેક દેશે આતંકવાદની નિંદા કરી.

### ૮૦ હજાર લોકોએ ઘર છોડ્યા

# ચીનમાં કુદરતનો કેરઃ બેઇજિંગમાં અતિભારે વરસાદ બાદ ૩૦ના મોત

## ભારે વરસાદ અને પૂરના કારણે ચીનના બેઇજિંગ અને તિયાનજિન શહેરમાં ૪૦,૦૦૦થી વધુ લોકોને નીચાણવાળા વિસ્તારોમાંથી સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે

। (એજન્સી) બેઇજિંગ, તા.૨૯ ।

ચીનની રાજધાની બેઈજિંગમાં ભારે વરસાદે તબાહી મચાવી છે. આ વરસાદને કારણે અત્યાર સુધીમાં ૩૦ લોકોનાં મોત થયાં છે, જ્યારે લગભગ ૮૦,૦૦૦ લોકોને પોતાનાં ઘર છોડીને સુરક્ષિત સ્થળોએ જવું પડ્યું છે. શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે અને ઘણા વિસ્તારોમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. સ્થાનિક પ્રશાસન દ્વારા બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. વરસાદના કારણે ઘણા રસ્તાઓને નુકસાન થયું છે અને ૧૩૬ ગામોમાં વીજળી ગુલ થઈ ગઈ છે.ચીનના રાષ્ટ્રપતિ



શી જિનપિંગે અધિકારીઓને ગુમ થયેલા લોકોની શોધ અને બચાવ માટે તમામ શક્ય પ્રયાસો કરવા, સ્થળાંતર કરાયેલા લોકોને યોગ્ય રીતે ફરીથી વસાવવા અને જાનહાનિ ઘટાડવા માટે શક્ય હોય તેટલું બધું કરવા નિર્દેશ આપ્યો છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર બેઈજિંગના મિયુન જિલ્લામાં મોડી રાત સુધીમાં ૨૮ અને યાનકિંગમાં ૨ લોકોના મૃત્યુ થયા છે. ચીનની રાજધાનીમાં રાતભર ભારે વરસાદ થયો હતો. સોમવારે મળેલા અહેવાલો અનુસાર, ભારે વરસાદ અને પૂરના કારણે ૪ લોકોના મોત થયા હતા, જ્યારે અન્ય ૮ હજુ પણ ગુમ છે. આ પીડિતો હેબેઈ પ્રાંતમાં થયેલા ભૂસ્ખલનમાં ફસાયા હતા. આ સાથે તોફાનથી મૃત્યુ પામનારા લોકોની સંખ્યા ઓછામાં ઓછી ૩૪ થઈ ગઈ છે.ભારે વરસાદ અને પૂરના કારણે ચીનના બેઈજિંગ અને તિયાનજિન શહેરમાં ૪૦,૦૦૦થી વધુ લોકોને નીચાણવાળા વિસ્તારોમાંથી સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. બેઈજિંગના ગ્રામીણ મિયુન જિલ્લામાં એક ડેમ છલકાઈ જતાં પાણી છોડવામાં આવ્યું હતું, જે ૧૯૫૯માં તેના નિર્માણ બાદના સર્વોચ્ચ સ્તરે હતું. અધિકારીઓએ લોકોને નદીઓના નીચાણવાળા વિસ્તારોથી દૂર રહેવા ચેતવણી આપી છે, કારણ કે પાણીનું સ્તર વધી રહ્યું છે અને હજુ પણ ભારે વરસાદની સંભાવના છે.બેઈજિંગના અધિકારીઓએ સોમવારે રાત્રે ૮ વાગ્યે ઉચ્ચ-સ્તરીય કટોકટી પ્રતિભાવ શરૂ કર્યો હતો. જ્યાં સુધી સ્થિતિ સામાન્ય ન થાય તું સુધી લોકોને ઘરોમાં રહેવા, શાળાઓ બંધ રાખવા, બાંધકામ કાર્ય સ્થગિત કરવા અને બહારના પર્યટન તેમજ અન્ય પ્રવૃત્તિઓ બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે.

### સંસદમાં ચોમાસા સત્રનો આજે છઠ્ઠો દિવસ

# અખિલેશ યાદવે સંસદમાં ઉઠાવ્યો ભારત-ચીનનો મુદ્દો

। નવીદિલ્હી, તા.૨૯ ।

સંસદમાં ચોમાસા સત્રનો આજે છઠ્ઠો દિવસ છે. સંસદના બંને ગૃહોમાં ઓપરેશન સિંદૂર અને પહલગામ હુમલા મુદ્દે ચર્ચા ચાલી રહી છે. સત્તાધારી પક્ષ અને વિપક્ષો વચ્ચો જોરદાર ચર્ચા જોવા મળી રહી છે. આજે (૨૯ જુલાઈ) સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે કહ્યું કે, 'ભારતને પાકિસ્તાન કરતા સૌથી વધુ ચીનથી ખતરો છે. ચીન આપણું માર્કેટ અને જમીન બંને છિનવી લેશે. પહલગામ હુમલા માટે જવાબદાર કોણ છે? શું ભારતે સરહદના વિસ્તારોમાં ચીનથી વધુ શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કર્યું છે. અખિલેશ યાદવે સરકારને પૂછ્યું કે, 'ભારતનું ક્ષેત્રફળ ૨૦૧૪માં કેટલું હતું અને હવે કેટલું છે? ભાજપ સત્તામાં આવ્યું તે પહેલા અને હવે ભારતનું કેટલું ક્ષેત્રફળ છે? ચીન સામે મુકાબલો કરવા માટે તમારી તૈયારી શું છે? શું સરકાર પાસે પેંગોગ ઝીલ, ગલવાન ખીણ મામલે જવાબ છે કે નહીં?અખિલેશ યાદવના સવાલનો જવાબ આપતા સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુ એ કહ્યું કે, '૧૯૬૨ના યુદ્ધ બાદ ચીને ભારતના ક્ષેત્રમાંથી એક ઈંચ પણ ઘુસણખોરી કરી નથી કે અરુણાચલ પ્રદેશમાં કોઈ વધારાની જમીન પર કબજો કર્યો નથી. હું અરૂણાચલપ્રદેશનો છું અને અખિલેશે કહી રહ્યા છે કે, ચીને તે રાજ્યમાં ઘૂસણખોરી કરી છે?

### ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌ દેશની પહેલી AI સિટી બનશે

। લખનૌ, તા.૨૯ ।

ભારતનું પહેલ AI શહેર બનશે લખનૌ. લખનૌમાં માર્ચ ૨૦૨૪માં AI ઈકોસિસ્ટમ વિકસિત કરવા માટે ઈન્ડિયા એઆઈ મિશન પ્રમાણે ૧૦,૭૩૨ કરોડ રૂપિયા ફાળવ્યા. જેના અંતર્ગત લખનૌને દેશની પહેલી AI સિટી બનાવવાની યોજના શરૂ કરવામાં આવી છે.મળતી માહિતી પ્રમાણે ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌ દેશની પહેલી AI સિટી બનશે. આ રોકાણ હેઠળ, ૧૦,૦૦૦ ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ, મલ્ટી-મીડિયા ભાષા મોડેલ અને એક છેૈં નવીનતા કેન્દ્ર બનાવવામાં આવશે.

### ભારતના દિલ્હીમાં પોલીસની અનોખી ઓફર

# ટ્રાફિક નિયમ ભંગ કરનારાઓનો ફોટો પાડો અને જીતો રૂ. ૫૦ હજાર

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૯ ।

દિલ્હીમાં ટ્રાફિક નિયમોના વધતા ઉલ્લંઘનને રોકવા માટે ટ્રાફિક પોલીસે એવો માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. જેમાં રેડ સિગ્નલ તોડનારા, રોંગ સાઈડ વાહન ચલાવતા અથવા આડેધડ વાહન પાર્કિંગ કરનારાઓને દિલ્હીના લોકો પાઠ ભણાવવી શકે છે અને ૫૦,૦૦૦ રૂપિયા સુધીનું ઈનામ જીતી શકે છે. દિલ્હી ટ્રાફિક પોલીસે પહેલી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ટ્રાફિક પ્રહરી એપ ફરીથી લોન્ચ કરી છે, જેમાં લોકો જ ટ્રાફિક નિયમો તોડનારાઓની ફરિયાદ કરી શકે છે.કોઈપણ એન્ડ્રોઈડ સ્માર્ટફોન યુઝર ગુગલ પ્લે સ્ટોર પરથી ટ્રિકકેંફ્ટ્રિક્રેઁ એપ ડાઉનલોડ કરી શકે છે. ત્યારબાદ જ્યારે પણ કોઈને ટ્રાફિક નિયમો તોડે છે જેમ



કે, રેડ સિગ્નલ તોડવું, સાઈડ વાહન ચલાવતા, આડેધડ વાહન અથવા રોડ રેજ અથવા ખતરનાક ડ્રાઈવિંગ કરનારાઓનો ફોટો કે વીડિયો રેકોર્ડ કરીને એપ દ્વારા અપલોડ કરી શકો છો. જોકે, ફોટો કે વીડિયોમાં ટાઈમ અને સ્થાન સ્પષ્ટ દેવાવું જોઈએ. દિલ્હી ટ્રાફિક પોલીસ ટીમ દ્વારા દરેક રિપોર્ટની તપાસ કરાશે. જો ફરિયાદ સાચી હોવાનું જાણવા મળે છે, તો ટ્રાફિક નિયમ તોડનારને દંડ ફટકારવામાં આવશે. આ ઉપરાંત દર મહિને સૌથી વધુ માન્ય રિપોર્ટ મોકલનારાને ઈનામ આપવામાં આવશે.

### ગાઝિયાબાદમાં હચમચાવી નાખે એવી ઘટના બની

# પાણીની બોટલે મેરઠના ૨ વેપારીઓના જીવ લીધા

## કારમાં પડેલી પાણીની બોટલ બ્રેક પેડલની નીચે આવી ગઈ હતી આના કારણે બ્રેક લાગી શકી નહીં અને તેમની કાર એક્સપ્રેસવેની બાજુમાં ઊભેલા ટ્રોલામાં ઘૂસી ગઈ

। (એજન્સી) ગાઝિયાબાદ, તા.૨૯ ।

પાણીની બોટલે મેરઠના ૨ વેપારીઓના જીવ લીધા છે... આ સાંભળીને તમે વિચારી રહ્યા હશો કે પાણીની બોટલ કેવી રીતે કોઈના જીવ લઈ શકે? પરંતુ ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં આવું જ કંઈક થયું છે. આ ઘટના કુંડલી ગાઝિયાબાદ પલવલ એક્સપ્રેસ હાઈવે એટલે કે KGPની છે, જ્યાં એક દુર્ઘટનામાં બે વેપારી મિત્રોના મોત થયા છે. ખરેખર, બંને વેપારી મિત્રો જ્યારે કારમાં જઈ રહ્યા હતા, ત્યારે કારમાં પડેલી પાણીની બોટલ બ્રેક પેડલની નીચે



આવી ગઈ હતી. આના કારણે બ્રેક લાગી શકી નહીં અને તેમની કાર એક્સપ્રેસવેની બાજુમાં ઊભેલા ટ્રોલામાં ઘૂસી ગઈ હતી. હાલમાં પોલીસે બંને મૃતદેહોનું પોસ્ટમોર્ટમ કરાવીને તેમના પરિવારજનોને સોંપી દીધા છે.આ કેસના તપાસ અધિકારી ASI બિજેન્દ્ર સિંહના જણાવ્યા મુજબ, પલવલના ચાંદહટ પોલીસ સ્ટેશનને સોમવારે સાંજે માહિતી મળી હતી કે KGP પર એક વેગનઆર કારે ટ્રોલાને પાછળથી ટક્કર મારી છે, જેમાં બે લોકોના મોત થયા છે. જે બાદ પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી. પોલીસની તપાસમાં બંને મૃતકો મેરઠના રહેવાસી હોવાનું સામે આવ્યું હતું, જેમના નામ અભિનવ અગ્રવાલ અને અમિત અગ્રવાલ હતા. બંને મિત્રો હતા. અભિનવ અગ્રવાલ મેરઠમાં બુક સ્ટોલ ચલાવતા હતા, જ્યારે અમિત અગ્રવાલની પૂજા સામગ્રીની દુકાન હતી.

### ફ્રાન્સિસ્કો એરપોર્ટ પર એક ચોંકાવનારી ઘટના બની

# અમેરિકામાં ભારતીય મૂળના પાયલટની વિમાનમાં જ ધરપકડ

। નવીદિલ્હી, તા.૨૯ ।

અમેરિકાના સેન ફ્રાન્સિસ્કો એરપોર્ટ પર એક ચોંકાવનારી ઘટના બની છે. રવિવારે સવારે મિનિયાપોલિસથી આવેલી ડેલ્ટા એરલાઈન્સની ફ્લાઈટ ૨૮૦૯ (બોઈંગ ૭૫૭-૩૦૦)ના લેન્ડિંગના ૧૦ મિનિટની અંદર જ તેના પાયલટ, ૩૪ વર્ષીય રૂસ્તમ ભગવાગરની ધરપકડ કરવામાં આવી હતી. રૂસ્તમ ભારતીય મૂળનો છે અને તેના પર બાળ જાતીય શોષણનો ગંભીર આરોપ છે. કોન્ટ્રા કોસ્ટા કાઉન્ટી શેરિફ વિભાગના અધિકારીઓ અને હોમલેન્ડ સિક્યુરિટી ઈન્વેસ્ટિગેશન (HSI)ના એજન્ટએ વિમાન લેન્ડ થતાંની સાથે જ કોકપિટમાં દરોડો પાડ્યો હતો. યુએસના મીડિયા અહેવાલ મુજબ, મુસાફરો હજુ વિમાનમાંથી ઉતરવાની



તૈયારી કરી રહ્યા હતા ત્યારે જ આ ધરપકડ કરવામાં આવી હતી. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, વિમાન લેન્ડ થતાં જ ઓછામાં ઓછા ૧૦ HSI એજન્ટ વિમાનમાં ચઢી ગયા અને પાયલટને પકડી લીધો. ભગવાગરની ધરપકડ ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકના જાતીય શોષણના આરોપમાં થઈ હતી. આ ઘટના અંગે ડેલ્ટા એરલાઈન્સે એક નિવેદન બહાર પાડીને કહ્યું છે કે, અમે આ ઘટનાથી સ્તબ્ધ છીએ.



## વડોદરાના કેલનપુર ગામે અજગરે બતકનો શિકાર કર્યો

। (એજન્સી) વડોદરા,તા.૨૯ ।

વડોદરાના કેલનપુર ગામે બતકનો શિકાર કરી અજગર પાંજરામાં બેસી ગયો હોવાનો કિસ્સો બન્યો હતો. વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટના પ્રેસિડેન્ટ અરવિંદ પવારને કેલનપુર પાસે આવેલા હેતમપુરા ગામથી પ્રતાપસિંહ વાઘેલાનો ફોન આવ્યો હતો કે, ગામ પાસે આંબાવાડીમાં એક અજગર બતકના પિંજરામાં આવી ગયો અને બતકને ગળી ગયો . ફોન આવતાની સાથે સંસ્થાના સેક્રેટરી યુવરાજસિંહ રાજપુત અને કાર્યકરો જીતેન્દ્ર તડવી, સુરેશ રાઠોડ, અમિત વસાવા, વિશાલ રાઠોડ અને વડોદરા વન વિભાગના અધિકારીને લઈને ત્યાં પહોંચ્યા હતા. ત્યાં આઠ ફૂટનો મોટો અજગર બતકને ગળીને રૂમમાં બેઠો હતો. અજગરને એક કલાકની ભારે જહેમત બાદ સહી સલામત રીતે રેસ્ક્યુ કરીને વન વિભાગના ખાતે લઈ જવામાં આવ્યો હતો.

## વડોદરાના રાવપુરા GPO પાસે તોતિંગ વૃક્ષ ધરાશાયી થતાં લારી, વાહનો દબાયા

। (એજન્સી) વડોદરા,તા.૨૯ ।

વડોદરાના રાવપુરા વિસ્તારમાં અવરજવર દરમિયાન એક વૃક્ષ ધરાશાયી થતાં મોટી દુર્ઘટના થતા રહી ગઈ હતી. બનાવને પગલે એક સાયકલ સવારને ઈજા થઈ છે.

વડોદરામાં ગઈકાલે રાતથી સતત વરસાદ વરસી રહ્યો છે ત્યારે આજે સવારે રાવપુરા મુખ્ય પોસ્ટ ઓફિસની સામે તોતિંગ વૃક્ષ તૂટી પડતાં અફરાતફરી સર્જાઈ હતી. વૃક્ષ પડે તે પહેલા ઈલેક્ટ્રીકના તારમાં સ્પાર્ક થતા ચાની લારી ધરાવતા સુનિલભાઈ તેમજ અન્ય ગ્રાહકો સમય સૂચકતા વાપરી ભાગી ગયા હતા.

ત્યાર પછી ગણતરીની સેકન્ડમાં જ વૃક્ષ બે લારી તેમજ બરોડા ડેરીના પાર્લર ઉપર તૂટી પડ્યું હતું. જેને કારણે નીચે પાર્ક કાર, રીક્ષા, સ્કૂટર અને સાયકલને ઓછુંવત્તું નુકસાન થયું હતું. આ વખતે સાયકલ પર પસાર થઈ રહેલા એક રાહદારીને પીઠના ભાગે ઈજા થઈ હતી. આમ વૃક્ષ તુટતા પહેલા થોડી સેકન્ડો મળી જતા અનેક લોકોનો બચાવ થયો હતો.

### નદી કાંઠાના નીચાણવાળા વિસ્તારોને તંત્ર દ્વારા એલર્ટ કરાયા

# દેવ ડેમના ચાર દરવાજા ખોલી દેવ નદીમાં પાણી છોડવામાં આવ્યું

### ડેમમાંથી ૩૭૫૪ ક્યુસેક પાણી દેવ નદીમાં છોડવામાં આવ્યું છે ઉપરવાસમાં સતત વરસાદથી પાણીની આવકમાં વધારો થયો છે

। (એજન્સી) પંચમહાલ,તા.૨૯ ।

ગુજરાતમાં પડી રહેલા ભારે વરસાદના પગલે નદીઓ તથા ડેમમાં પાણીની આવક જોવા મળી છે. તેવામાં પંચમહાલના દેવ ડેમમાં પાણીની આવક જોવા મળી છે. ડેમમાં સતત પાણીની આવક વધતા દેવ ડેમના ચાર દરવાજા ખોલવામાં આવ્યા છે. ડેમના ચાર દરવાજા ૦.૩૦ મીટર ખોલવામાં આવ્યા છે. ડેમમાંથી ૩૭૫૪ ક્યુસેક પાણી દેવ નદીમાં છોડવામાં આવ્યું છે. ઉપરવાસમાં સતત વરસાદથી પાણીની આવકમાં વધારો થયો છે.

પંચમહાલના દેવ ડેમના ચાર દરવાજા ખોલી નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. ઉપરવાસમાં ભારે વરસાદના પગલે ડેમમાં સતત પાણીની આવક જોવા મળી રહી છે. પંચમહાલના દેવડેમના ચાર દરવાજા ૦.૩૦ મીટર ખોલવામાં આવ્યા છે. દેવનદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. નદી કાંઠાના નીચાણવાળા વિસ્તારોને તંત્ર દ્વારા એલર્ટ કરાયા છે.

દેવડેમના દરવાજા ખોલી દેવ નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. દેવડેમના ૩,૪,૫,૬,નંબરના ગેટ ખોલી ૩૭૫૪ જેટલું ક્યુસેક પાણી દેવ નદીમાં છોડવામાં આવ્યું છે. ઉપરવાસમાં સતત પડેલા વરસાદના કારણને દેવડેમમાં પાણીની આવક થઈ રહી છે. દેવ ડેમમાંથી દેવ નદીમાં પાણી છોડવામાં આવતા દેવ નદીમાં પાણીની આવક જોવા મળી છે. વાઘોડિયા તાલુકા વહીવટી તંત્ર દ્વારા દેવ નદી કિનારાના ગામોના રહીશોને નદી કિનારા વિસ્તારોમાં ન જવાની સૂચનાઓ આપવામા આવી છે દેવડેમના દરવાજા ખોલી દેવ નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. દેવડેમના ૩,૪,૫,૬,નંબરના ગેટ ખોલી ૩૭૫૪ જેટલું ક્યુસેક પાણી દેવ નદીમાં છોડવામાં આવ્યું છે. ઉપરવાસમાં સતત પડેલા વરસાદના કારણને દેવડેમમાં પાણીની આવક થઈ રહી છે. દેવ ડેમમાંથી દેવ નદીમાં પાણી છોડવામાં આવતા દેવ નદીમાં પાણીની આવક જોવા મળી છે. વાઘોડિયા તાલુકા વહીવટી તંત્ર દ્વારા દેવ નદી કિનારાના ગામોના રહીશોને નદી કિનારા વિસ્તારોમાં ન જવાની સૂચનાઓ આપવામા આવી છે.

### ખાતર માટે તરસતો જગતનો તાત

# પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્ર ખાતે ખેડૂતો ખાતર લેવા લાઈનમાં લાગ્યા

### જરૂરિયાત મુજબ ખાતરની બેગો નહીં મળતા ખેડૂતો અટવાયા છે સમયસર અને જરૂરિયાત મુજબ ખાતર મળે તેવી તંત્ર વ્યવસ્થા કરી આપે તેવી ખેડૂતોની માંગ.

। (એજન્સી) મહીસાગર,તા.૨૯ ।

મહીસાગર જિલ્લામાં વરસાદના આગમનની સાથે જ ખાતર ડેપો ઉપર ખેડૂતોની લાંબી લાઈનો લાગી છે. પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્ર ઉપર ખેડૂતો વહેલી સવારથી જ ખાતર માટે લાઈનમાં લાગ્યા છે. ખાતર લેવા માટે ખેડૂતોની બૂમાબૂમ તો બીજી તરફ કેટલાક ખેડૂતોને જરૂરિયાત મુજબ ખાતર ન મળતા રોષે ભરાયા છે. જરૂરિયાત મુજબ ખાતરની બેગો નહીં મળતા ખેડૂતો અટવાયા છે. સમયસર અને જરૂરિયાત મુજબ ખાતર મળે તેવી તંત્ર વ્યવસ્થા કરી આપે તેવી ખેડૂતોની માંગ.

ચોમાસાની ,સિઝન જામી છે ત્યારે ખેડૂતો ખેતરમાં વાવણી કરવા માટે તત્પર બન્યા છે. ખેતરમાં વાવણી સમયે ખાતરની પણ એટલી જ જરૂર પડતી હોય છે. મહીસાગર જિલ્લામાં ખાતર ડેપો પર ખાતર લેવા માટે વહેલી સવારથી જ લાંબી લાઈનો લાગી છે. પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્ર ખાતે ખેડૂતો ખાતર લેવા લાઈનમાં લાગ્યા છે. ખેડૂતોને સમયસર ખાતર નહી મળતા બૂમાબૂમ કરી મુકી છે અને ખેડૂતોની તેમની જરૂરીયાત મુજબ ખાતરનો જથ્થો નહી મળતાં તેઓ રોષે પણ ભરાયા છે. ખેડૂતોને ખેતરમાં પાકના રક્ષણ અને સંવર્ધન માટે ખાતરની બહુ મોટી જરૂરીયાત રહેતી હોય છે. તેવામાં તેમને ખાતર નહીં મળતા તેઓ અટવાયા છે. ખેતરમાં પાક વાવેતર અને ખાતર આપવાનું કામ યોગ્ય સમયે કરવામાં આવે તો જ તે સારી ઉપજ આપી શકે છે. નહીંતર પાકને ખાતર નહીં મળતાં ખેડૂતોને મોટું નુકસાન થઈ શકે છે.

ખેડૂતોને સમયસર અને તેમની જરૂરીયાત મુજબ ખાતર મળી રહે તે માટે યોગ્ય વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે. ખેડૂતોને સમયસર ખાતર મળશે તો તેઓ સારી ખેતી કરીને સારી એવું એવું ઉત્પાદન મેળવી શકશે. તે માટે તંત્ર યોગ્ય વેવસ્થા કરે અને ઝડપી તેનું નિરાકરણ લાવે તેવી ખેડૂતોએ માંગ કરી છે.

## મલકાણા વહેરામાંથી પાણી છોડાતા જળબંબાકાર જેવી સ્થિતિ

। (એજન્સી) મહેમદાવાદ,તા.૨૯ ।

ગુજરાતમાં ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયાં છે. નદી અને તળાવોમાં પાણીની આવક થવાથી રોડ અને રસ્તાઓ પર પાણી ભરાઈ ગયાં છે. ખેડાના મહેમદાવાદ તાલુકામાં ભારે વરસાદને કારણે જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે.

ખેડામાં મહેમદાવાદના ખંભાલી જતા રોડ પર પાણી ફરી વળ્યાં છે. સ્ટેટ હાઈવેથી ખંભાલી જતા રોડ પર પાણી ભરાઈ ગયા હતાં. મલકાણા વહેરામાંથી પાણી છોડાતા રોડ રસ્તા ઉપર અને લોકોના ખેતરોમાં પાણી ફરી વળ્યા હતાં. જેના કારણે વરસોલા, ખંભાલી, અંઘેજ, મોહનપરુ ગામને જોડતો રોડ બંધ કરવાની નોબત આવી હતી. ૫૦૦થી ૬૦૦ વીઘા જમીન પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી.ખંભાલી જતા બે કિલોમીટરના રોડ આસપાસના ચારથી પાંચ ગામોને જોડતો રોડ છે. જ્યાં પાણી ભરાઈ જવાને કારણે કેટલાક ગામોમાં જવાનો રસ્તો બંધ કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. જો આગામી સમયમાં વધુ વરસાદ પડે કે વધુ પાણી છોડાય તો આ રોડ બ્લોક થવાની શક્યતા છે. ભારે વરસાદને કારણે જળાશયોમાં પાણીની આવ થતાં જળસ્તરને જાળવી રાખવા પાણી છોડવું પડ્યું હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

### વડોદરાથી મુંબઈની ટ્રેન કાયમી ધોરણે ચાલુ રાખવા અખિલ મહારાષ્ટ્ર યુવક સંગઠનની રજુઆત

। (એજન્સી) વડોદરા,તા.૨૯ ।

અખિલ મહારાષ્ટ્ર યુવક સંગઠન વડોદરા દ્વારા સાથે વડોદરા રેલવે ડી.આર.એમને આવેદનપત્ર આપી ગણેશ ઉત્સવ માટે શરૂ કરેલી ટ્રેન કાયમી ધોરણે ચાલુ રાખવા માગણી કરવામાં આવી છે. અખિલ મહારાષ્ટ્ર યુવક મંડળના પ્રમુખ વિજય જાદવે આવેદનપત્રમાં જણાવ્યું છે કે, જીલ્લા રાયગઢ અને જીલ્લા રત્નાગિરીના લાખોની સંખ્યામાં લોકો વસવાટ કરે છે. જેમને સાપ્તાહિક એક ટ્રેન મારુંસાગર એક્સપ્રેસ છે તેમજ અન્ય દિવસે ટ્રેનના હોવાથી વાયા મુંબઈથી પ્રવાસ કરવો પડે છે.

### સરસ્વતી નદીમાં નીર આવવાથી નદી કિનારે આવેલા ૨૩ ગામોમાં ખેતી માટે લાભ થાય છે

# સરસ્વતી નદીમાં નવા નીરની આવક થતા ખેડૂતોમાં ખુશી વ્યાપી

। (એજન્સી) પાટણ,તા.૨૯ ।

ગુજરાતમાં મોટા ભાગના તાલુકાઓમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. પાટણ તેમડ આસપાસના વિસ્તારોમાં બે દિવસથી ભારે વરસાદ પડી રહ્યો છે. ભારે વરસદાના પગલે નદીઓમાં પાણીની આવક જોવા મળી છે. પાટણની સરસ્વતી નદીમાં નવા નીરની આવક જોવા મળી છે. ઉપરવાસમાં ભારે વરસાદથી નવા નીરની આવક થઈ છે. નદી કિનારેના ૨૩ ગામના ખેડૂતોને લાભ થશે.

પાટણની સરસ્વતી નદીમાં નવા નીર આવ્યા છે. ગઈકાલે સિદ્ધપુરની કુંવારીકા સરસ્વતી નદીમાં ઉપરવાસમાં પડેલા ભારે વરસાદથી નીર આવ્યા હતા. ઉપરવાસમાં ભારે વરસાદથી સરસ્વતી નદીમાં નવા નીર આવ્યા છે. બનાસકાંઠાની અમરદશી અને મોહિણી નદીના નીર સરસ્વતી નદીમાં આવ્યા છે. સરસ્વતી નદીમાં નીર આવવાથી નદી કિનારે આવેલા ૨૩ ગામોમાં ખેતી માટે લાભ થાય છે.

બનાસકાંઠા તેમજ આસપાસના વિસ્તારમાં બે દિવસથી ભારે વરસાદ પડી રહ્યો છે. ભારે વરસાદના પગલે નદીઓ બે કાંઠે વહી રહી છે. નદીઓમાં નવા નીરની આવક થતા ખેડૂતોમાં ખુશી જોવા મળી છે. સરસ્વતી નદીમાં નવા નીર આવતા પવિત્ર શ્રાવણ મહિનામાં શ્રદ્ધાળુંઓ ધાર્મિક વિસર્જન કરી શકશે.

# ડીસામાં ભારે વરસાદથી તારાજી, અનેક ગામો પાણીમાં ગરકાવ

। (એજન્સી) બનાસકાંઠા ,તા.૨૯ ।

ઉત્તર ગુજરાતમાં મેઘરાજાએ ફરી એકવાર ધડબડાટી બોલાવી છે. બનાસકાંઠા જિલ્લાના ડીસા પંથકમાં અનરાધાર વરસાદને કારણે અનેક ગામો જળબંબાકાર બન્યા છે. ડીસા શહેરમાં પણ ભારે વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારોની સ્થિતિ વધુ દયનીય બની છે.

મળતી જાણકારી અનુસાર, ડીસા તાલુકાના દામા, શેરપુરા અને કંસારી જેવા ગામોમાં વરસાદી પાણી ફરી વળ્યા છે. આ ઉપરાંત બાઈવાડા અને યાવરપુરા સહિતના અન્ય ગામોમાં પણ પાણી ભરાયા હોવાના અહેવાલો છે. ખેતરોમાં વરસાદી પાણી ભરાઈ જતાં ખેડૂતોની હાલત કફોડી બની છે. ઉભા પાક પાણીમાં ગરકાવ થઇ જતાં પાક નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે. જેના કારણે ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે. મોંઘા બિયારણ અને ખતરનો ખર્ચ કર્યા પછી પાક ગુમાવવાનો વારો આવે તો આર્થિક રીતે મોટી નુકસાની વેઠવી પડે તેમ છે.

ડીસા તાલુકાના રામપુરા ગમે તો પરિસ્થતિ વધુ ગંભીર બની છે. અહીં લોકોના ઘરોમાં વરસાદી પાણી ઘૂસી ગયા છે. અચાનક ઘરોમાં પાણી આવતાં ઘરવખરીનો સામાન, અનાજ અને અન્ય કીમતી વસ્તુઓ પલળી ગઈ છે.

### આ શોરૂમમાં VF 6 અને VF 7 મોડેલ પ્રદર્શિત કરવામાં આવ્યા છે અને ૧૫ જુલાઈથી પ્રી-બુકિંગ શરૂ થયું છે

# વિયેતનામની ઇવી કંપની વિનફાસ્ટે સુરતમાં પહેલો શોરૂમ ખોલ્યો

। (એજન્સી) સુરત,તા.૨૯ ।

વિશ્વના જાણીતા ઈલેક્ટ્રિક વાહન નિર્માતા વિનફાસ્ટની ભારતીય સહાયિક કંપની વિનફાસ્ટ ઓટો ઈન્ડિયાએ ગુજરાતના સુરત શહેરમાં પોતાના પ્રથમ શોરૂમનું ઉદ્ઘાટન કરીને ભારતમાં રિટેલ યાત્રાની શરૂઆત કરી છે. આ વિકાસ કંપનીના આગામી ૨ અબજ ડોલર મૂલ્યના ઉત્પાદન યુનિટના ઉદ્ઘાટન પહેલાં થયો છે, જે ૪ ઓગસ્ટે તમિલનાડુના થૂથુકુડીમાં શરૂ થવાનો છે. સુરત શોરૂમ વિનફાસ્ટનો ભારતની જમીન પરનો પ્રથમ ફિઝિકલ ટચપોઈન્ટ છે અને કંપનીના લાંબા ગાળાના દૃષ્ટિકોણને ઉજાગર કરે છે કે જેમાં ગ્રાહકો કેન્દ્રમાં હોય અને એક મજબૂત ઈલેક્ટ્રિક મોબિલિટી ઈકોસિસ્ટમ ઊભું કરવામાં આવે. સુરત શોરૂમમાં વિનફાસ્ટના આગામી બે પ્રીમિયમ ઈલેક્ટ્રિક એસયૂવી મોડલ – VF 6 અને VF ૭ પ્રદર્શિત કરવામાં આવશે. કંપનીના વિસ્તરણ યોજના અંતર્ગત, ૨૦૨૫ના અંત સુધીમાં ૨૭થી વધુ શહેરોમાં કુલ ૩૫ ડીલરશીપ સ્થાપવાની યોજના છે. ‘વિનફાસ્ટ સુરત’ ડીલરશીપ – ચંદન કાર દ્વારા પ્રમોટેડ, સુરતના પીપલોદ વિસ્તારમાં આવેલું ૩૦૦૦ ચોરસ ફૂટનું આ શોરૂમ ‘વિનફાસ્ટ સુરત’ નામથી ઓળખાવાશે અને તેને ચંદન કાર પ્રમોટ કરે છે, જે ભારતીય ઓટોમોટિવ રિટેલ ક્ષેત્રમાં એક જાણીતું નામ છે. અહીં ગ્રાહકો માટે પ્રોડક્ટનું ઈમર્સિવ અનુભવ, સરળ ખરીદી પ્રક્રિયા અને વર્લ્ડ ક્લાસ આફ્ટર-સેલ્સ સર્વિસ ઉપલબ્ધ રહેશે. ૧૫ જુલાઈથી પ્રી-બુકિંગ શરૂ, VF 6 અને VF 7 માટે ૧૫ જુલાઈથી પ્રી-બુકિંગ શરૂ થઈ ચૂક્યું છે. બુકિંગ રકમ રૂ. ૨૧,૦૦૦ છે અને સંપૂર્ણપણે રિફંડેબલ છે. આ વાહનોનું સ્થાનિક એસેમ્બલીંગ થૂથુકુડી ખાતેના નવીન Upcoming પ્લાન્ટમાં થશે, જેના દ્વારા વિનફાસ્ટ ભારતને માત્ર માર્કેટ તરીકે નહીં, પરંતુ ભાવિ મેન્યુફેક્ચરિંગ હબ તરીકે વિકસાવવાની દૃષ્ટિ રાખે છે. વિનફાસ્ટ એશિયા ના CEO, ફામ સન્હ ચાઉએ જણાવ્યું કે, “ગુજરાતના સુરતમાં વિનફાસ્ટનું પ્રથમ શોરૂમ અમારા ભારત પ્રત્યેના ઊંડા વચનબદ્ધતાનું પ્રતિક છે. અમારા ટેકનોલોજી અને ગુણવત્તાસભર સેવા દ્વારા ગ્રાહકો માટે સંપૂર્ણ માલિકી અનુભવ આપવાનો ઉદ્દેશ છે.” તેમણે ઉમેર્યું, “ચંદન કાર જેવા ભરોસાપાત્ર પાર્ટનરો સાથે મળીને, અમે ભારતમાં એક ભવિષ્યગામી ઈવીઈકોસિસ્ટમ બનાવી રહ્યા છીએ, જે શ્રેષ્ઠ ઈલેક્ટ્રિક વાહન અનુભવ આપશે.”ઈવીઈકોસિસ્ટમ – ચાર્જિંગ અને રિસાયકલિંગ સુધી વિસ્તૃતવિનફાસ્ટે ભારતમાં પ્રવેશ સાથે RoadGrid, myTVS અને Global Assure સાથે ભાગીદારી કરી છે.

# ગાંધીનગરની મહિલાને 3 મહિના બંધક રાખી, ૧૯ કરોડ ખંખેરી લીધા, ડિજિટલ અરેસ્ટનો મોટો કિસ્સો, કુલ ૩૫ જેટલાં બેંક એકાઉન્ટમાં પૈસા જમા કરાવ્યા

### ડિજિટલ એરેસ્ટના આરોપીને CID ક્રાઈમે ઝડપી પાડ્યો, મહિલા ડોક્ટરને 3 મહિના ડિજિટલ અરેસ્ટ કરીને કરોડો પડાવ્યા, ગુજરાત સાયબર ક્રાઈમની ચાર ટીમ અલગ અલગ તપાસ કરી રહી છે.

। ગાંધીનગર, તા.૨૯ ।

ડિજીટલ એરેસ્ટની ઘટનાથી ગુજરાત ચોંકી ગયું છે. ગુજરાતનું સૌથી મોટું ડિજીટલ અરેસ્ટ સ્કેમ ગાંધીનગરથી ઝડપાયું છે. ડિજિટલ છેતરપિંડી કરતી ગેંગે એક મહિલા ડોક્ટરને ધમકાવીને રૂ.૧૯.૨૪ કરોડ ટ્રાન્સફર કરાવી લીધા છે. મહિલા ડોક્ટરને ૩ મહિના સુધી ડિજીટલ અરેસ્ટ કરાઈ હતી. CID ક્રાઈમની ટીમે એક વ્યક્તિને ઝડપી છે જેના ખાતામાં એક કરોડ ટ્રાન્સફર થયા છે. એક તરફ ગુજરાતમાં સાયબર ફ્રોડ અવેરનેસ ચાલી રહી છે, ત્યાં બીજી બાજુ ગાંધીનગરના એક મહિલા તબીબ ડિજીટલ એરેસ્ટનો ભોગ બન્યા છે. આરોપીઓએ અલગ અલગ બેંકખાતામાં મહિલા પાસેથી ૧૯.૨૪ કરોડ રૂપિયા ખંખેરી લીધા છે. મહિલા કુલ ૩ મહિના સુધી ડિજીટલ એરેસ્ટમાં રહી હતી. CID ક્રાઈમે આરોપી લાલજી બલદાણીયાની ધરપકડ કરી છે. ગાંધીનગરમાં સિનિયર સિટિઝન મહિલા ભોગ બન્યાં છે, તેઓ વ્યવસાયે ડોક્ટર છે. મહિલાને બે દીકરી છે અને બંને દીકરીઓ વિદેશમાં રહે છે.

મહિલા ડોક્ટર પોતાના ગાંધીનગરમાં રહે છે. ૧૫મી માર્ચ, ૨૦૨૫ના રોજ મહિલા પર એક ફોન આવ્યો હતો. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશનમાંથી જ્યોતિ વિશ્વનાથ નામની વ્યક્તિએ મહિલાને કહ્યું હતું કે, તમારા તમામ મોબાઈલ ફોન બંધ થઈ જશે, કારણ કે તમારા ફોનમાંથી અપમાનજનક મેસેજ વારંવાર ઘણા લોકો સુધી પોસ્ટ થઈ રહ્યા છે. એના માટે તમારા વિરુદ્ધમાં FIR કરવી પડશે. આ કેસમાં મની લોન્ડરિંગનો ગુનો દાખલ થયો છે અને એ માટે FEMA (ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ) એક્ટ અને PMLA (ધ પ્રિવેન્સન ઓફ મની લોન્ડરિંગ) એક્ટ, ભારત સરકારની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવશે. તમારા પર નજર રાખવા સિવિલ ડ્રેસમાં પોલીસના માણસો તેમના ઘરની આસપાસ ફરી રહ્યા છે. આ બાદ પોલીસ ઈન્સ્પેકટર અને પબ્લિક



પ્રોસિક્યુટર સહિતનાં નામે મહિલાને કોલ આવ્યા હતા. મહિલાને ગુનામાં સંડોવી દેવાની ધમકી આપવામાં આવતી હતી. તેમજ કાયદાકીય ધમકીનો કોલ લેટર પણ મોકલી દેવાયો હતો. આ ગુનામાંથી બહાર નીકળવું હોય તો પ્રોપર્ટી અને તમામ મિલકતની માહિતી આપો...” એવું કહીને મહિલા પાસેથી તમામ વિગતો માંગી લેવાઈ હતી. આ બાદ આરોપીઓએ અસલી ખેલ શરૂ કર્યો હતો. કોઈ મહિલા તબીબને આ રીતે ત્રણ મહિના ડિજીટલ એરેસ્ટ કરીને ૧૯.૨૪ કરોડ ખંખેરી લેવાની આ ગુજરાતની પહેલી ઘટના છે. તે દેશનો સૌથી મોટો ડિજીટલ એરેસ્ટનો કેસ બની ગયો છે. આ કેસમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. સુરતના લાલજીભાઈ જયંતીભાઈ બદલાણિયાના નામના શખ્સના કાતામાં ૧ કરોડ રૂપિયા ટ્રાન્સફર થયા હતા. જેની ધરપકડ કરવામાં આવી છે. મહિલા વ્યવસાયે ડોક્ટર છે. મહિલાને બે દીકરી છે અને બંને દીકરીઓ વિદેશમાં રહે છે. ડિજીટલ એરેસ્ટ થયેલી મહિલા તબીબને એટલી ડરાવાઈ હતી કે, તેણે વિવિધ રીતે રૂપિયા ભેગા કર્યા હતા. મહિલાઓ સોના પર લોન લીધી, એફડી તોડી અને શેર વેચીને રૂપિયા ચૂકવ્યા હતા.

આમ, કરીને મહિલાએ કુલ ૧૯.૨૪ લાખ આરોપીઓને ચૂકવ્યા હતા. અમારે કેટલાક રૂપિયા સરકારી બેંક એકાઉન્ટમાં ભરવાના છે અને એ તમને પાછા મળી જશે..” એમ કહી અલગ અલગ બેંક એકાઉન્ટ મળી કુલ ૩૫ જેટલાં બેંક એકાઉન્ટમાં પૈસા જમા કરાવ્યા હતા.

ગાંધીનગરનાં મહિલા ડોક્ટરને એટલા પ્રેશરમાં લાવી દેવામાં આવ્યાં હતાં કે તેઓ જ્યાં જતાં ત્યાં સામેથી વીડિયો કોલ કરીને હાજરી પુરાવતાં હતાં અને પોતાના લોકેશનનું અપડેટ આપતાં રહેતાં હતાં. સાયબર ઠગોએ મહિલા ડોક્ટર પાસેથી તેની સંપત્તિ, પ્રોપર્ટી, સોનું, FD, શેર, રોકડાની તમામ વિગતો માગી લીધી હતી. મહિલા અંધારામાં રહ્યાં ને બધી વિગતો આપી દીધી હતી. ડોકટર સાથે થયેલી ડિજિટલ અરેસ્ટની સૌથી મોટી ફરિયાદમાં ગુજરાત સાયબર ક્રાઈમની ચાર ટીમ અલગ અલગ તપાસ કરી રહી છે. ગાંધીનગરનાં મહિલા ડોક્ટરને એટલા પ્રેશરમાં લાવી દેવામાં આવ્યાં હતાં કે તેઓ જ્યાં જતાં ત્યાં સામેથી વીડિયો કોલ કરીને હાજરી પુરાવતાં હતાં અને પોતાના લોકેશનનું અપડેટ આપતાં રહેતાં હતાં. સાયબર ઠગોએ મહિલા ડોક્ટર પાસેથી તેની સંપત્તિ, પ્રોપર્ટી, સોનું, FD, શેર, રોકડાની તમામ વિગતો માગી લીધી હતી. મહિલા અંધારામાં રહ્યાં ને બધી વિગતો આપી દીધી હતી. ડોકટર સાથે થયેલી ડિજિટલ અરેસ્ટની સૌથી મોટી ફરિયાદમાં ગુજરાત સાયબર ક્રાઈમની ચાર ટીમ અલગ અલગ તપાસ કરી રહી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### ભીલડી પ્રાથમિક શાળા વરસાદી પાણીમાં ગરકાવ

। (એજન્સી) બનાસકાંઠા,તા.૨૯ ।

બનાસકાંઠા જિલ્લામાં બે દિવસથી પડી રહેલા ભારે વરસાદના પગલે અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાય છે. ડીસા તાલુકાના ભીલડી વિસ્તારમાં પણ બે દિવસથી પડી રહેલા ભારે વરસાદના પગલે શાળાઓમાં વરસાદી પાણી ભરાઈ ગયા છે. નવી ભીલડી પ્રાથમિક કેન્દ્ર શાળા ખાતે વરસાદી પાણી શાળામાં ઘૂસી જતા વિદ્યાર્થીઓ અને શિક્ષકો મુશ્કેલીમાં મુકાયા છે. વર્ગખંડોમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે જાય છે તે વર્ગખંડ આગળ જ ઘૂંટણ સમા વરસાદી પાણી ભરાઈ ગયા છે. બીજી તરફ પ્રાર્થના હોય અને આચાર્યની ઓફિસમાં પણ વરસાદી પાણી ભરાઈ જતા શિક્ષણ તંત્ર પાણીમાં નજરે જોવા મળ્યું હતું. આ શાળામાં જ્યાં નજર કરીએ ત્યાં માત્ર પાણી પાણી જોવા મળી રહ્યું છે પાણીના નિકાલની તંત્ર દ્વારા કોઈ જ નિકાલ ન કરવામાં આવતા દર વર્ષે આ શાળા પાણીમાં ગરકાવ થઈ જાય છે. શાળાના કમ્પાઉન્ડ થી માંડી તમામ વર્ગખંડો આગળ અત્યારે વરસાદી પાણી ભરાઈ ગયા છે જેના કારણે હવે વિદ્યાર્થીઓ અભ્યાસ વગર ઘરે જ રહેવા માટે મજબૂર બન્યા છે. આ બાબતે શાળાના આચાર્ય તેમજ વાલીઓ દ્વારા આ પાણીના નિકાલ માટે વારંવાર રજૂઆત કરી છે.

### સપાના સાંસદ ડિમ્પલ યાદવ વિરુદ્ધ મૌલાનાની અભદ્ર ટિપ્પણીથી વિવાદ

। (એજન્સી) લખનૌ, તા.૨૯ ।

સમાજવાદી પાર્ટીના સાંસદ ડિમ્પલ યાદવ વિરુદ્ધ મૌલાનાએ કરેલી અભદ્ર ટિપ્પણી બદલ વિવાદનો વંટોળ ઉઠ્યો છે. આ મામલે સોમવારે સંસદ ભવન બહાર એનડીએના સાંસદોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું અને તેમણે ડિમ્પલ યાદવ તેના પતી તથા સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ અને વિપક્ષના નેતાઓના મૌન સામે સવાલ ઉઠાવ્યો હતો. ડિમ્પલ યાદવ વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી કરવા બદલ ઉત્તર પ્રદેશમાં મૌલાના સામે ફરિયાદ દાખલ કરાઈ હતી.મૌલાના સાજીદ રાશિદીએ મસ્જિદમાં એક બેઠકમાં સાડી પહેરીને હાજર રહેલા ડિમ્પલ યાદવ સામે અભદ્ર ટિપ્પણી કરી હતી અને તેની તુલના સપાની અન્ય સાંસદ ઈકરા હસન સાથે કરી હતી જે માથું ઢાંકીને આવ્યા હતા. મૌલાનાએ ટીવી ચર્ચા દરમ્યાન ટિપ્પણી કરતા તેનો સોશિયલ મીડિયામાં તથા મહિલા સાંસદો દ્વારા વ્યાપક વિરોધ કરાયો છે. ભાજપના બાંસુરી સ્વરાજે નિવેદનને વખોડતાં કહ્યું કે, આ અત્યંત શરમજનક અને અસ્વીકાર્ય છે. તેમનો પક્ષ, તેમના પતિ અને સમગ્ર વિપક્ષ આ મુદ્દે શા માટે મૌન છે? કોંગ્રેસના સાંસદ રેણુકા ચૌધરીએ પણ મૌલાનાની ટિપ્પણીને વખોડતા કહ્યું કે, આ નિવેદન તેમની માનસિકતા અને સંસ્કાર દર્શાવે છે. આવું બોલવાની તેની હિંમત કેવી રીતે થઈ શકે? આ મામલે લખનૌના વિભુતિ ખંડ પોલીસ સ્ટેશનમાં સ્થાનિક પરવેશ યાદવે મૌલાના વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરાવી હતી. તેણે જણાવ્યું કે, જાહેર મંચ પરથી કરાયેલું નિવેદન ફક્ત એક મહિલાનું જ નહીં પરંતુ દેશની તમામ મહિલાઓનું અપમાન છે. આ પ્રકારની ટિપ્પણી સાંપ્રદાયિક તણાવને ઉશ્કેરી શકે છે. એનએડીએના સાંસદોના વિરોધ અંગે ડિમ્પલ યાદવે વળતો પ્રહાર કરતા જણાવ્યું કે, જો મણિપુરમાં થયેલી હિંસા અને તેના વીડિયો સામે આવ્યા તેને લઈને વિરોધ નોંધાવ્યો હોત તો તે અર્થપૂર્ણ પુરવાર થઈ શકત. કોંગ્રેસના સાંસદ રેણુકા ચૌધરીએ પણ મૌલાનાની ટિપ્પણીને વખોડતા કહ્યું કે, આ નિવેદન તેમની માનસિકતા અને સંસ્કાર દર્શાવે છે. આવું બોલવાની તેની હિંમત કેવી રીતે થઈ શકે? આ મામલે લખનૌના વિભુતિ ખંડ પોલીસ સ્ટેશનમાં સ્થાનિક પરવેશ યાદવે મૌલાના વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરાવી હતી. તેણે જણાવ્યું કે, જાહેર મંચ પરથી કરાયેલું નિવેદન ફક્ત એક મહિલાનું જ નહીં પરંતુ દેશની તમામ મહિલાઓનું અપમાન છે. આ પ્રકારની ટિપ્પણી સાંપ્રદાયિક તણાવને ઉશ્કેરી શકે છે. એનએડીએના સાંસદોના વિરોધ અંગે ડિમ્પલ યાદવે વળતો પ્રહાર કરતા જણાવ્યું કે, જો મણિપુરમાં થયેલી હિંસા અને તેના વીડિયો સામે આવ્યા તેને લઈને વિરોધ નોંધાવ્યો હોત તો તે અર્થપૂર્ણ પુરવાર થઈ શકત.

**એક દંપતીએ પુત્રનો DNA ટેસ્ટ કરાવ્યો, ત્યારે સરોગસી દ્વારા જન્મેલા આ બાળકનો DNA તેમના માતાપિતાના NDA સાથે મેચ થયો ન હતો**

# ૯૦ હજારમાં બાળક ખરીદીને દંપતીને ૩૫ લાખમાં પધરાવ્યું

। (એજન્સી) હૈદરાબાદ, તા.૨૯ ।

હૈદરાબાદમાં એક ભયાનક અને ગેરકાયદેસર સરોગસી અને સ્પર્મ તસ્કરીના રેકેટનો પર્દાફાશ થયો છે, જેણે માત્ર આ એક દંપતીને જ નહીં, પરંતુ દેશભરના ફર્ટિલિટી ક્લિનિક્સ પર પણ પ્રશ્નો ઉભા કર્યા છે. જ્યારે એક દંપતીએ તેમના પુત્રનો DNA ટેસ્ટ કરાવ્યો, ત્યારે તેઓના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. સરોગસી દ્વારા જન્મેલા આ બાળકનો DNA તેમના માતાપિતાના NDA સાથે મેચ થયો ન હતો. આ જોઈને, તેઓ સીધા પોલીસ સ્ટેશન ગયા હતા. જ્યારે પોલીસે તેમની ફરિયાદના આધારે રેજિમેન્ટલ બજારમાં સ્થિત યુનિવર્સલ સૃષ્ટિ ફર્ટિલિટી સેન્ટર પર દરોડો પાડ્યો, ત્યારે આગળ જે ખુલાસો થયો તે વધુ ભયાનક હતો. પોલીસે આ કેસમાં ઓછામાં ઓછા ૧૦ લોકોની ધરપકડ કરી છે, જેમાં ફર્ટિલિટી સેન્ટરના મેનેજર ડૉ. અટલુરી નમ્રતા ઉર્ફે પચીપાલા નમ્રતાનો પણ સમાવેશ થાય છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ રેકેટમાં પછાત અને જરૂરિયાતમંદ મહિલાઓને, ખાસ કરીને ગર્ભપાત માટે ક્લિનિકમાં આવતી મહિલાઓને નિશાન બનાવવામાં આવતી હતી. આ મહિલાઓને પૈસા અને અન્ય વસ્તુઓની લાલચ આપીને ગર્ભ રાખવા માટે સમજાવવામાં આવતી હતી, અને પછી તેમના નવજાત બાળકોને સરોગસી માટે ક્લિનિકમાં આવેલા યુગલોને સોંપવામાં આવતા હતા. હૈદરાબાદના ઉત્તર ઝોનના ડેપ્યુટી કમિશનર ઑફ પોલીસ (ડીસીપી) એસ. રશ્મિ પેરુમલે જણાવ્યું હતું કે, ક્લિનિક દ્વારા લોકોને એવો વિશ્વાસ આપવામાં આવતો હતો કે, તે બાળકો તેમના જૈવિક બાળકો છે, જ્યારે વાસ્તવમાં એવું નહોતું. તે મોટા પાયે સરોગસી અને બાળક વેચવાનું કૌભાંડ હતું. ફરિયાદી દંપતી મૂળ રાજસ્થાનના છે અને હાલમાં સિકંદરાબાદમાં રહે છે. તેઓએ ઓગસ્ટ ૨૦૨૪ માં ફર્ટિલિટી અને IVF સલાહ માટે યુનિવર્સલ સૃષ્ટિ ફર્ટિલિટી સેન્ટરનો સંપર્ક કર્યો હતો. દંપતીના જણાવ્યા અનુસાર, ડૉ. નમ્રતાએ તેમના ફર્ટિલિટી ટેસ્ટ કરાવ્યા હતા અને તેમને સરોગસી પસંદ કરવાની સલાહ આપી હતી. ડીસીપી રશ્મિ પેરુમલે જણાવ્યું હતું કે, દંપતીને વિશાખાપટ્ટનમમાં ક્લિનિકની બીજી શાખામાં નમૂનાઓ (સ્પર્મ અને એગ્સ) સબમિટ કરવાનું કહેવામાં આવ્યું હતું. ક્લિનિકે દાવો કર્યો હતો કે, તેઓ સરોગેટ માતાની વ્યવસ્થા કરશે અને દંપતીનો ગર્ભ તેનામાં ઈમ્પ્લાન્ટ કરવામાં આવશે. નવ મહિના દરમિયાન, દંપતીએ ક્લિનિકને અલગ અલગ સમય કુલ ૩૫ લાખથી વધુ રૂપિયા આપ્યા હતા. જૂન ૨૦૨૫ માં, દંપતીને જાણ કરવામાં આવી હતી કે, વિશાખાપટ્ટનમમાં સરોગેટ માતાએ સિઝેરિયન ડિલિવરી દ્વારા પુત્રને જન્મ આપ્યો છે. તેમને ડિલિવરી ચાર્જ તરીકે વધારાના રૂ. ૨ લાખ ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું. બાળકને નકલી જન્મ પ્રમાણપત્ર સાથે દંપતીને સોંપવામાં આવ્યું હતું, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, આ બાળક તેમનું જૈવિક બાળક છે. બાળકનું વર્તન જોઈને દંપતીને શંકા ગઈ અને DNA ટેસ્ટ કરાવવાનું નક્કી કર્યું હતું, પરંતુ ક્લિનિકે DNA ટેસ્ટમાં વિલંબ કર્યો અને કોઈ દસ્તાવેજો આપવાનો ઈનકાર કર્યો હતો. જ્યારે દંપતીએ દિલ્હીમાં પ્રાઈવેટ DNA ટેસ્ટ કરાવ્યો, ત્યારે તેના પરિણામથી તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. બાળક તેમની સાથે જૈવિક રીતે સંબંધિત નહોતું. જ્યારે તેઓએ ક્લિનિક પાસેથી જવાબ માંગ્યો, ત્યારે ડૉ. નમ્રતાએ પોતાની ભૂલ સ્વીકારી, પરંતુ પછીથી તે ગાયબ થઈ ગઈ અને ક્લિનિકે તેમને ધમકી આપવાનું શરૂ કરી દીધું હતું.

**જયશંકરના બચાવમાં ગર્જ્યા અમિત શાહ**

# ભારતના વિદેશમંત્રીની વાતમાં ભરોસો નથી અને બીજા દેશ પર ભરોસો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

સંસદનું મોનસુન સત્ર જ્યારથી શરૂ થયુ છે ત્યારથી વિપક્ષ ઓપરેશન સિંદૂરને લઈને ચર્ચાની માગ કરી રહ્યો છે. ત્યારે સંસદમાં આજથી ઓપરેશન સિંદૂર પર ૧૬ કલાકની મેરેથોન ચર્ચા શરૂ થઈ છે. આ દરમિયાન સૌપ્રથમ સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે ઓપરેશન સિંદૂર પર સંસદમાં તેમનું વક્તવ્ય આપ્યુ જે બાદ ગૌરવ ગોગોઈએ સવાલો ઉઠાવ્યા.



બપોર બાદ વિદેશમંત્રી એસ જયશંકર જ્યારે ઓપરેશન સિંદૂર પર તેમની વાત રાખી રહ્યા હતા ત્યારે વિપક્ષે વિદેશના જેમા ખાસ કરીને પાકિસ્તાનના નેતાઓ અને અમેરિકાના નેતાઓને ક્વોટ કરી સવાલોનો મારો ચલાવ્યો હતો. જેના બચાવમાં ગૃહમંત્રી અમિત શાહે વિપક્ષ પર આકરા પ્રહાર કર્યા. અમિત શાહે કહ્યુ,''હું સમજી શકુ છુ કે તમારી પાર્ટીમાં વિદેશી નિવેદનોનું કેટલુ મહત્વ છે. પરંતુ તમે શપથ લીધેલા ભારતના વિદેશમંત્રી પર વિશ્વાસ ન કર્યો અને સદન પર તમારા વિચારો થોપવાનો પ્રયાસ કર્યો. આ જ કારણ છે કે આટલા વર્ષોથી તમે ત્યાં બેઠા છો જ્યાં બેઠા છો.

સંસદમાં ચાલી રહેલા મોનસુન સત્ર દરમિયાન ઓપરેશન સિંદૂર પર ચર્ચા ચાલી રહી છે. વિદેશ મંત્રી એસ જયશંકરે સદનને ૯ મેની સવારે અમેરિકી રાષ્ટ્રપતિ જેડી વેંસના ફોન કોલ અંગે જાણકારી આપી રહ્યા હતા. તેમણે સદનને જણાવ્યુ,''અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યુ કે પાકિસ્તાનીઓ મોટો હુમલો કરી શકે છે. તેના પર પીએમ મોદીએ સ્પષ્ટ કહ્યુ કે ભારત મજબુતાઈથી આ હુમલાનો જવાબ આપશે.'' વિદેશમંત્રીએ વધુમાં જણાવ્યુ કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ વચ્ચે ૨૨ એપ્રિલથી ૧૭ જૂન સુધી કોઈ ફોન કોલ થયો નથી.

વિદેશમંત્રીની આ વાત પર વિપક્ષે હંગામો કર્યો. એટલામાં જ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉભા થયા અને એસ જયશંકરનો બચાવ કરવા લાગ્યા. તેમણે વિપક્ષ પર હુમલો કરતા કહ્યુ કે ''ભારતના વિદેશમંત્રી અહીં બોલી રહ્યા છે, પરંતુ તેમને વિદેશમંત્રીની વાતમાં ભરોસો નથી.

કોઈ બીજા દેશની વાતમાં વિશ્વાસ છે. આથી જ તેઓ ત્યાં બેઠા છે અને આવનારા ૨૦ વર્ષો સુધી ત્યાં જ બેસવાના છે. આ બહારનાઓનું સાંભળે છે.''

**દિલ્હીમાં કૂતરું કરડવાના કારણે છ વર્ષની બાળકીનું મોત**

# કૂતરાઓની સમસ્યા એટલી ગંભીર બની કે ખુદ સુપ્રીમ કોર્ટે કેસ હાથમાં લેવો પડ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

દેશમાં કૂતરા કરડવાની સમસ્યા એટલી ગંભીર બની ગઈ છે કે તાજેતરમાં જ યુપીના એક કબડ્ડી ખેલાડીનું કુતરું કરડતા હડકવાના ચેપના કારણે મોત થયું હતું. એવામાં હવે દિલ્હીમાં છ વર્ષની એક બાળકીને કૂતરું કરડવાથી હડકવા થતા મોત થયું હોવાનો મામલો સામે આવ્યો છે. આથી સુપ્રીમ કોર્ટે સોમવારે રખડતા કૂતરાઓ દ્વારા કરવામાં આવતા હુમલા અને તેના પરિણામે થતા મૃત્યુને ચિંતાજનક ગણાવીને તેના પર સુઓ મોટો કાર્યવાહી શરૂ કરી છે. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે કૂતરા કરડવાને લઈને હડકવા થયો હોવાના સમાચારને ખૂબ જ પરેશાન કરનારા અને ચિંતાજનક ગણાવતા કહ્યું કે, સમાચારમાં કેટલાક ચિંતાજનક અને પરેશાન કરનારા આંકડા છે. જેમાં દરરોજ શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં કૂતરા કરડવાની સેંકડો ઘટનાઓ સામે આવી રહી છે, જેનાથી હડકવા પણ ફેલાઈ રહ્યો છે અને અંતે બાળકો અને વૃદ્ધો આ ભયંકર બીમારીનો શિકાર બની રહ્યા છે. આ અંગે કોર્ટે કહ્યું, અમે



આ સમાચાર પર સુઓ મોટો કાર્યવાહી કરી રહ્યા છીએ. યોગ્ય આદેશ માટે આ નિર્ણયને સમાચાર રિપોર્ટ સાથે ભારતના ચીફ જસ્ટિસ સામે રજૂ કરવામાં આવશે. દિલ્હીમાં કૂતરું કરડવાના કારણે છ વર્ષની બાળકીના મોત પછી સુપ્રીમ કોર્ટે સુઓ મોટો કરી છે. દિલ્હીના સુલતાનપુરના પુઠ ખુર્દ ગામમાં રખડતું કૂતરું કરડ્યાના ૨૪ દિવસમાં એક છ વર્ષીય બાળકીનું મોત થયું હતું. આ ઘટના પછી પરિવારજનોએ બાળકીને આંબેડકર હોસ્પિટલમાં સારવાર માટે પહોંચાડી હતી. ત્યાં તેની ઈન્જેક્શન આપીને સારવાર પણ કરાઈ.



મુંબઈના ભાયખલા પ્રાણી સંગ્રહાલયમાં આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ પર લોકો રોયલ બંગાળ વાઘ 'શક્તિ' ને જુએ છે....

# રશિયન એરલાઈન્સ પર સાઈબર એટેક, અનેક ફ્લાઈટ્સ રદ્દ

। (એજન્સી) મોસ્કો, તા.૨૯ ।

રશિયાની સરકારી એરલાઈન્સ એરોફ્લોટ પર સાઈબર એટેક થયો હતો. એના કારણે અનેક ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ કેન્સલ કરવી પડી હતી. રશિયન સરકારના હેસ્તકની અન્ય કંપનીઓ પર પણ હેકિંગનો ખતરો મંડરાઈ રહ્યો છે.રશિયાની સરકારી કંપની એરોફ્લોટ પર સાઈબર હુમલો થતાં ૧૦૦થી વધુ ફ્લાઈટ કેન્સલ થઈ હતી અને ૩૦૦થી વધુ ફ્લાઈટ્સ ડીલે કરવી પડી હતી. આ કારણે હજારો મુસાફરો અટવાઈ પડયા હતા. મોસ્કો સહિતના ઘણાં એરપોર્ટ પર મુસાફરોએ હોબાળો મચાવ્યો હતો. તેના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા.આ સાઈબર એટેકની જવાબદારી યુક્રેન અને બેલારૂસના હેકિંગ ગ્રુપે લીધી હતી. યુક્રેનના હેકર્સે યુદ્ધના વિરોધમાં અને બેલારૂસના હેકર્સે પ્રમુખ એલેક્ઝાન્ડર લુકાશેન્કોની રશિયા તરફેણ કરે છે એટલે હુમલો કર્યો હતો. હેકર્સે એવો દાવો કર્યો હતો કે એરોફ્લોટ કોર્પોરેશનનો ડેટા એક વર્ષથી એક્સેસ કરી રહ્યા છે અને હજારો કસ્ટમર્સ તેમ જ સ્ટાફનો ડેટા તેમની પાસે છે. ટેલિગ્રામ ચેનલના માધ્યમથી હેકર્સે આ દાવો કર્યો હતો.

# નૈના દેવીના મંદિરેથી દર્શન કરી પાછા ફરી રહેલા શ્રદ્ધાળુઓની પિકઅપ વાન પલટી

**મોડી રાત્રે મલેરકોટલા રોડ પર પિકઅપ વાને નિયંત્રણ ગુમાવી દીધુ હતું અને તે જગેડા નહેરમાં જઈને ખાબકી, અકસ્માતમાં ૬ લોકોના દર્દનાક મોત**

। (એજન્સી) લુધિયાણા, તા.૨૯ ।

લુધિયાણામાં ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. હિમાચલ પ્રદેશનું તીર્થસ્થાન માતા નૈના દેવીના મંદિરેથી દર્શન કરીને પરત ફરી રહેલા શ્રદ્ધાળુથી ભરેલી પિકઅપ વાન પલટી જવાથી ૬ લોકોના મોત થઈ ગયા છે. મોડી રાત્રે લુધિયાણા જિલ્લામાં મલેરકોટલા રોડ પર પિકઅપ વાને નિયંત્રણ ગુમાવી દીધુ હતું અને તે જગેડા નહેરમાં જઈને ખાબકી ગઈ હતી. આ ભયંકર દુર્ઘટનામાં બે બાળકો સહિત ૬ લોકોના મોત થઈ ગયા છે અને બે લોકો પાણીમાં તણાઈ ગયા છે જેમની હજુ સુધી કોઈ માહિતી મળી નથી. મૃતકોમાં બે બાળકો પણ સામેલ છે. આ દુર્ઘટનામાં અનેક લોકો ઘાયલ પણ થયા છે જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બીજી તરફ પાણીમાં તણાઈ ગયેલા લોકોની તલાશમાં રેસ્ક્યૂ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે માનકવાલ ગામના કેટલાક લોકો રાત્રે ૧૦ વાગ્યા આસપાસ હિમાચલ પ્રદેશમાં માતા નૈના દેવી મંદિરેથી દર્શન કરીને પરત ફરી રહ્યા હતા. પિકઅપ વાનમાં ૨૪ લોકો સવાર હતા, જેના કારણે ગાડી ઓવરલોડ હતી. આ પિકઅપ વાન ખૂબ જ સ્પીડમાં હતી અને એક વાહનને ઓવરટેક કરતી વખતે અચાનક તેણે કાબુ ગુમાવી દીધો અને સીધી નહેરમાં ખાબકી ગઈ. દુર્ઘટના બાદ આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. ગ્રામીણોએ વિલંબ કર્યા વિના પાણીમાં કૂદીને શ્રદ્ધાળુઓને બચાવવાનો પ્રયાસ શરૂ કરી દીધો. ઘણા શ્રદ્ધાળુઓ પાણીમાં તણાઈ ગયા જ્યારે કેટલાક લોકોને સુરક્ષિત બહાર નીકળવામાં આવ્યા. દુર્ઘટનાની સૂચના મળતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ અને રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી દીધું હતું. પોલીસ વહીવટી તંત્રએ ડાઈવર્સની મદદથી લાપતા લોકોની તલાશ શરૂ કરી દીધી છે. આજે સવાર સુધીમાં છ લોકોના મૃતદેહ નહેરમાંથી મળી આવ્યા છે, જેમાં બે બાળકો પણ સામેલ છે. ઘાયલોને સારવાર માટે લુધિયાણાની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. લુધિયાણાના ડીસી હિમાંશુ જૈન, ખન્નાની એસએસપી જ્યોતિ યાદવ અને ધારાસભ્ય મનવીન્દર સિંહ ગ્યાસપુરા ઘાયલોને મળવા હોસ્પિટલ પહોંચ્યા હતા. ડીસી હિમાંશુ જૈને કહ્યું કે, જગેડા પુલ પર આ દુર્ઘટના ઘટી હતી. પિકઅપ વાનમાં કુલ ૨૪ લોકો સવાર હતા.

**US પ્રમુખના દાવાને જયશંકરે ફગાવ્યા**

# ૨૨ એપ્રિલથી ૧૭ જૂન સુધી PM મોદી અને ટ્રમ્પ વચ્ચે કોઈ વાતચીત નથી થઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

સંસદના ચોમાસું સત્રના શરૂઆતના પાંચ દિવસ ખૂબ હોબાળો રહ્યો. વિપક્ષે બિહારની મતદાર યાદીને લઈને ચાલી રહેલા સ્પેશિયલ ઈન્સેન્ટિવ રિવિઝન (SIR)નો વિરોધ કર્યો. ત્યારે આજે (૨૮ જુલાઈ) સંસદમાં ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરવામાં આવી હતી. ત્યારે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ બાદ વિદેશ મંત્રી એસ. જયશંકરે સરકારનો પક્ષ રાખ્યો છે. વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે, પાકિસ્તાનની ધરતી પર ઉછરી રહેલા બોર્ડર પાર આતંકવાદને ભારતનો જવાબ ઓપરેશન સિંદૂર સુધી મર્યાદિત નહીં રહે. પાકિસ્તાની નાગરિકો માટે વિઝા પ્રતિબંધ યથાવત્ રહેશે. વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે, ભારતને પોતાના નાગરિકોની રક્ષા કરવાનો અધિકાર છે. પાકિસ્તાન સુરક્ષા કાઉન્સિલનું સભ્ય છે અમે નથી. અમે આંતરરાષ્ટ્રીય સમુદાયને પાકિસ્તાન અંગે જણાવ્યું કે જ્યારે તેઓ રેડ લાઈનને ક્રોસ કરી ત્યારે અમારે આકરાં પગલાં ભરવા પડ્યાં. એસ. જયશંકરે કહ્યું કે, ભારતે પાકિસ્તાનને આખી દુનિયામાં ઉઘાડું પાડી દીધું છે. UNમાં સામેલ ૧૯૩ દેશોમાંથી માત્ર ત્રણ દેશ હતા જેમણે ઓપરેશન સિંદૂરનું સમર્થન નહોતું કર્યું. બાકીના દેશોએ આતંકવાદીઓ વિરુદ્ધ કાર્યવાહીનું સમર્થન કર્યું. ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ દ્વિપક્ષીય મામલો હતો. કોઈ અન્ય દેશની દખલથી ઓપરેશન સિંદૂર રોકવામાં નથી આવ્યું, પરંતુ DGMOના સ્તર પર પાકિસ્તાને જ પહેલ કરીને ઓપરેશન સિંદૂર રોકવાની અપીલ કરી હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામને લઈને ડોનાલ્ડ ટ્રમ્પના દાવાઓને ફગાવતા વિદેશ મંત્રીએ કહ્યું કે, ૨૨ એપ્રિલથી ૧૭ જુન સુધી વડાપ્રધાન મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ફોન પર કોઈ વાતચીત નથી થઈ. ૯ મેના રોજ અમેરિકન ઉપરાષ્ટ્રપતિએ ફોન કર્યો હતો. વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ જણાવ્યું હતું કે, જો પાકિસ્તાન કોઈ હરકત કરશે તો તેને જડબાતોડ જવાબ આપવામાં આવશે.

વિદેશ નીતિ પર વિપક્ષના સવાલોનો જવાબ આપતા કહ્યું કે, સરકારની વિદેશ નીતિના કારણે જ અમેરિકાએ TRFને આતંકવાદીઓની યાદીમાં નાખી દીધું છે.

૨૬/૧૧ આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર રાણા જો અમેરિકાથી ભારત આવી ગયો છે તો તે વિદેશ નીતિના કારણે જ શક્ય બન્યું છે. જયશંકરે કહ્યું કે, પડકાર એ હતો કે પાકિસ્તાન સિક્યુરિટી કાઉન્સિલનું સભ્ય છે. સિક્યુરિટી કાઉન્સિલમાં આપણું લક્ષ્ય હતું કે આ હુમલામાં જે લોકોના જીવ ગયા છે, તેમના પરિવારોને ન્યાય મળે. ૨૨ એપ્રિલે સુરક્ષા પરિષદે કહ્યું હતું કે, તમામ સભ્ય આતંકવાદી હુમલાની નિંદા કરે છે. આ પ્રકારના આતંકવાદી હુમલા આખી દુનિયાની શાંતિ માટે ખતરો છે. જે લોકો પણ આ હુમલા માટે જવાબદાર છે, તેમને ઉઘાડા પાડવા જરૂરી છે.

## તંત્રી લેખ...

# ટ્રમ્પ-નાટો ચીફની ટેરિફ ધમકી પર ભારતીય હાઈકમિશનનો જવાબ

બ્રિટનમાં ભારતના હાઈ કમિશનર વિક્રમ દોરાઈસ્વામીએ ભારતની રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદીને લઈને પશ્ચિમી દેશોની ટીકાને નકારી દીધી છે. તેમણે કહ્યું કે, કોઈપણ દેશ પોતાની અર્થવ્યવસ્થાને એક ઝટકે બંધ ન કરી શકે. અનેક યુરોપિયન દેશો તે જ સ્ત્રોતથી ઊર્જા અને દુર્લભ ખનિજની ખરીદી કરે છે, જેને તે ભારતને ખરીદવાનો ઈનકાર કરી રહ્યા છે. દોરાઈસ્વામીએ પશ્ચિમી દેશોની બેવડી નીતિ પર પ્રશ્ન કરતા કહ્યું કે, અનેક યુરોપિયન દેશ આજે પણ એ જ સ્ત્રોત પાસેથી રેર અર્થ અને ઊર્જા ઉત્પાદન ખરીદી શકે છે, જેને તેઓ ભારતને ખરીદવાનો ઈનકાર કરી રહ્યા છે. શું આ વિરોધાભાસી નથી? વધુમાં તેમણે કહ્યું કે, દુનિયામાં ક્રૂડ ઓઈલની આયાત કરનારો ત્રીજો સૌથી મોટો દેશ ભારત છે. ભારત પહેલાં મિડલ ઈસ્ટ પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદતું હતું, પરંતુ ૨૦૨૨માં યુક્રેન પર રશિયાના આક્રમણ અને પશ્ચિમી પ્રતિબંધો બાદ, રશિયાએ વૈકલ્પિક ખરીદદારોને આકર્ષિત કરવા માટે ભારે છૂટ પર ઓઈલ વેચવાનું શરૂ કર્યું છે. ભારતે આ તકનો લાભ લીધો. દોરાઈસ્વામીએ કહ્યું કે, અમારા પરંપરાગત ઊર્જા સ્ત્રોતો હવે અન્ય લોકો દ્વારા કબ્જે કરવામાં આવ્યા છે અને કિંમતોમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. અમે અમારી જરૂરિયાતનો ૮૦%થી વધુ ક્રૂડ ઓઈલનો જથ્થો આયાત કરીએ છીએ. એવામાં અમારી પાસે શું વિકલ્પ છે? શું અમે અમારી અર્થવ્યવસ્થાને તાળું મારી દઈએ? રશિયા સાથે ભારતની નિકટતા પર તેમણે કહ્યું કે, અમારો સંબંધ ફક્ત એક નેતા અથવા સરકાર પર આધારિત નથી. આ લાંબા સમયથી ચાલી રહેલો સુરક્ષા સહયોગ છે. જ્યારે અમુક પશ્ચિમી દેશ અમને હથિયાર વેચવાનો ઈનકાર કરતા અને અમારા પડોશીઓને એ જ હથિયાર વેચતા હતા, ત્યારે રશિયાએ અમારી મદદ કરી હતી. જેમ બીજા દેશ પોતાના રાષ્ટ્રીય હિતોના આધારે સંબંધ બનાવે છે, તેવી જ રીતે ભારત પણ પોતાની ઊર્જા અને વ્યૂહાત્મક હિતોને ધ્યાને રાખીને નિર્ણય લે છે. દોરાઈસ્વામીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારંવાર કહ્યું છે કે, આ યુદ્ધનો સમય નથી. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કી બંનેને આ વાત કહી ચુક્યા છે. ભારત આ યુદ્ધને જલ્દી સમાપ્ત થતા જોવા ઈચ્છે છે. અમે દુનિયાભરમાં ચાલી રહેલા સંઘર્ષનું શાંતિપૂર્ણ સમાધાન ઈચ્છીએ છીએ. દોરાઈસ્વામીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારંવાર કહ્યું છે કે, આ યુદ્ધનો સમય નથી. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કી બંનેને આ વાત કહી ચુક્યા છે. ભારત આ યુદ્ધને જલ્દી સમાપ્ત થતા જોવા ઈચ્છે છે. અમે દુનિયાભરમાં ચાલી રહેલા સંઘર્ષનું શાંતિપૂર્ણ સમાધાન ઈચ્છીએ છીએ.

### કર્મચારીઓ અને પેન્શનર્સ માટે એક મોટા સમાચાર

# કેન્દ્ર સરકારના કર્મચારીઓને મોટો ઝટકો મળી શકે છે

### એક નવા રિપોર્ટ મુજબ બેઝિક સેલરીમાં ઓછા રૂપિયા વધે તેવી શક્યતા : પગારમાં સરેરાશ ૧૩ ટકાનો વધારો થઈ શકે




કેન્દ્ર સરકારના લાખો કર્મચારીઓ અને પેન્શનર્સ માટે એક મોટા સમાચાર આવ્યા છે. અત્યાર સુધી કર્મચારીઓ ૧૮૦૦૦ રૂપિયા ન્યૂનતમ બેઝિક સેલરી વધીને ૫૧,૦૦૦ રૂપિય થશે તેવી આશા રાખી બેઠા હતા પરંતુ એક નવા રિપોર્ટ મુજબ બેઝિક સેલરીમાં ઓછા રૂપિયા વધે તેવી શક્યતા છે. આઠમાં પગાર પંચ લાગૂ થવાથી કર્મચારીઓના પગારમાં સરેરાશ ૧૩ ટકાનો વધારો થઈ શકે છે. અત્યાર સુધી એવી આશા હતી કે કર્મચારીઓનો પગાર ૩ ગણો થઈ શકે છે. પરંતુ નવા રિપોર્ટથી કર્મચારીઓના સપના તૂટી શકે છે. કોટક ઈન્સ્ટીટ્યૂશનલ ઈક્વિટિઝના રિપોર્ટ મુજબ આઠમાં પગાર પંચમાં ફિટમેન્ટ ફેક્ટર ૧.૮ રાખવામાં આવી શકે છે. જેનો અર્થ એ થાય કે વર્તમાન પગારને ૧.૮ સાથે ગુણવામાં આવે તો નવો પગાર નક્કી થશે. આ હિસાબે લઘુત્તમ વેતન ૧૮,૦૦૦ રૂપિયાથી વધીને ૩૦,૦૦૦ રૂપિયા માસિક થઈ શકે. જ્યારે અત્યાર સુધી એવા સમાચાર સામે આવતા હતા કે વધીને ૫૧,૦૦૦ રૂપિયા થઈ શકે છે. પગાર અંગે આ નવી સંભાવનાઓથી કર્મચારીઓને ઝટકો મળી શકે છે. ફિટમેન્ટ ફેક્ટર એક મલ્ટીપ્લાયર હોય છે જેની મદદથી જૂના પગારને નવા વેતનમાં ફેરવવામાં આવે છે. જેમ કે સાતમાં પગાર પંચમાં આ ફેક્ટર ૨.૫૭ હતું જેનાથી કર્મચારીઓના પગારમાં ઘણો વધારો થયો હતો. રિપોર્ટ મુજબ સરકારે જાન્યુઆરી ૨૦૨૫માં આઠમાં પગાર પંચની જાહેરાત તો કરી દીધી પરંતુ હજુ સુધી તેના ્દ્વિજ ક ીકીીહિષ્ઠી (ઇ) નક્કી થયા નથી કે ન તો પંચના સભ્યોની નિયુક્તિ થઈ છે. કોટકનું અનુમાન છે કે આયોગના રિપોર્ટને આવવામાં દોઢ વર્ષ તો લાગી શકે છે અને ત્યારબાદ સરકારને તેને મંજૂરી આપવામાં તથા લાગૂ કરવામાં ૩થી ૯ મહિનાનો સમયગાળો લાગી શકે છે. કોટકના જણાવ્યાં મુજબ પગાર પંચને લાગૂ કરવામાં સરકાર પર ૨.૪ થી ૩.૨ લાખ કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ આવશે જે ય્ડ્ઢ ના લગભગ ૦.૬-૦.૮% હશે. સૌથી વધુ ફાયદો યક્રિદ્ઘી ઝ ના કર્મચારીઓને થઈ શકે છે. જે કેન્દ્ર સરકારની વર્કફોર્સના ૯૦% ભાગ છે. ગત પગાર પંચની જેમ જ આ વખતે પણ કાર, હ્વસ્ઝ્રય જેવા ક્ષેત્રે પણ ખર્ચ વધવાની શક્યતા છે. કોટકનું કહેવું છે કે તેનાથી લોકોની બચત પણ વધશે. અનુમાન છે કે પગાર વધવાથી ૧ થી ૧.૫ લાખ કરોડ રૂપિયાની વધારાની બચત થઈ શકે છે. જે શેરબજાર, બેંક ડિપોઝિટ અને ફિઝિકલ એસેટ્સમાં રોકાણ થઈ શકે છે. ૨૧ જુલાઈ ૨૦૨૫ના રોજ સંસદમાં એક લેખિત જવાબમાં નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ કહ્યું કે, આઠમાં પગાર પંચ અંગે કામ શરૂ થઈ ગયું છે. મંત્રાલયે રક્ષા મંત્રાલય, ગૃહ મંત્રાલય, કાર્મિક વિભાગ અને રાજ્યો પાસેથી સૂચનો માંગ્યા છે.

---

### સૌનાં હૃદયમાં કરુણા રુપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ

# લિંગસ્વરૂપ સ્તંભ આદિ અને અંત વિનાનો છે. તે અણુથી સૂક્ષ્મ અને વસ્તુથીય વિરાટ છે.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**એટલે કે રોજ કેટલાય જીવનો જન્મ થાય છે! અને કોઈનું મૃત્યુ ન થાય, બધાં જ જીવે તો કેટલું અસંતુલન થાય, માટે એ દરેકની પોતાની નિયતી અનુસાર આ વિસર્જન ક્રિયાને આવરી લેવામાં આવી છે, અને એટલે જ મૃત્યુથી બચવા ભગવાન શંકરની આરાધના વધુ થાય છે. ભગવાન શિવ શંકર તો તત્વતઃ મૂળ સ્વરૂપે નિરંજન-નિરાકાર પરબ્રહ્મ છે.**

હે દેવોના દેવ મહાદેવ.

આપણે આ શ્રાવણે શિવ તત્વને વિધવિધ પાસાને આવરીને શિવનું એક શુદ્ધ સ્વરૂપ એટલે કલ્યાણ, એ રીતે એને આત્મસાત કરીશું. તત્વતઃ શિવ તત્વને સમજવું થોડું સરળ બનાવવા માટે, એને ત્રિપરિમાણ અથવા ત્રિસ્તરીય રીતે સમજીએ. આકાશ, પૃથ્વી, અને જળ અથવા પાતાળ એમ બાહ્ય રીતે સૃષ્ટિના ત્રણેય લોકમાં જે સર્વ રુપે વ્યાપ્ત છે, અથવા સર્વ માટે વ્યાપક બન્યાં એ શિવશંકર. સ્થૂળ સૂક્ષ્મ અને કારણ એમ જોઈએ તો સત્ય પ્રેમ અને કરુણા રૂપે જે દરેકની ભીતરી ધરાને ભીંજવીને પ્રફુલ્લિત રાખે છે એ શિવશંકર. શિવ આદિ અનાદી છે, એ તથ્યને શિવ પુરાણ સિદ્ધ કરે છે. શિવ પુરાણની એક પૌરાણિક કથા અનુસાર ભગવાન શંકર માગશર માસનાં આર્દ્રા નક્ષત્રમાં બ્રહ્મા અને વિષ્ણુ સમક્ષ લીંગ સ્વરૂપે પ્રગટ થયાં હતાં, અને પોતાનાં સુક્ષ્મ લીંગ સ્વરૂપે પણ પોતે અનંત છે, એ સત્ય સમજાવ્યું હતું, અને ત્યારે બ્રહ્મા અને વિષ્ણુ એ સૌ પ્રથમ વખત ભગવાન શંકરની લિંગ સ્વરૂપે પૂજા કરી હતી. શિવપુરાણ અને લિંગ પુરાણની પૌરાણિક કથા અનુસાર એકવાર ભગવાન વિષ્ણુ અને ભગવાન બ્રહ્મા એ બે માંથી કોણ મહાન? એ બાબત ચર્ચા થઈ, અને બ્રહ્મા એ કહ્યું કે પોતે સચરાચર જીવ સૃષ્ટિની રચના કરી, અને એટલે પોતે મહાન છે! જ્યારે ભગવાન વિષ્ણુ એ કહ્યું કે મેં એ જીવ સૃષ્ટિનું ભરણ પોષણ કે લાલન પાલન કર્યું માટે હું મહાન! અને બંને પોતાના મત પર અડગ હતાં ત્યાં એમની સામે ભગવાન શંકર એક નાનકડા બિંદુ સ્વરૂપે પ્રગટ થયા, અને એને સ્પર્શ કરતા જ એ મોટું થવા લાગ્યું. બીજી વાત એમ છે કે એક ધગધગતા સ્તંભ રૂપે એ બંને વચ્ચે આવી ગયા, અને સ્તંભ વધવા લાગ્યો. ભગવાન વિષ્ણુ કે ભગવાન બ્રહ્મા જાણતા નહોતા કે શું છે? અને કંઈ શક્તિ ને કારણે વૃદ્ધિ પામે છે? એટલે બ્રહ્મા ઉપરની તરફ ગયા અને ભગવાન વિષ્ણુ નીચેની તરફ ગયાં પણ આદિ અનંતનો છેડો કેમ મળે! બ્રહ્મા એ ઉપર એક કેતકીનું ફૂલ જોયું એણે ફૂલને કહ્યું કે તું હું પહેલા પહોંચ્યો એમ રજૂઆત કરજે! ભગવાન શિવ પાસે બંને આવ્યાં, કેતકી ના ફૂલ એ કથિત સત્ય કહ્યું. ભગવાન શિવ બ્રહ્માના અસત્યને જાણી ગયાં, એમણે એનાં એક શિરનો વિચ્છેદ કર્યો એટલે બ્રહ્મા ચતુર્મુખ છે. બંનેને પોતાની ભૂલ અને ભગવાન શિવ શંકરની મહત્તા સમજાઈ ગઈ! ત્યારે એ જયોતિર્લિંગમાંથી સદાશિવ પ્રગટયા. બ્રહ્મા-વિષ્ણુનો ગર્વ દૂર થયો. બ્રહ્મતત્વ શિવ તો આદિ-અંત-રહિત અનંત છે, અગમ્ય છે. યુગો યુગોથી દેવો પણ એનું રહસ્ય પામી શકતા નથી. કારણકે સૃષ્ટિને સંતુલનમાં રાખવા માટે સર્જન કે ભરણપોષણ કરતાં પણ મહત્વનું સંહાર કે વિસર્જન છે! યોગ્ય સમયે આ ક્રિયા ન થાય તો સૃષ્ટિનું સંતુલન ખોરવાય જાય. પહેલાંનાં પ્રમાણમાં કુદરતી કે કૃત્રિમ દુર્ઘટના વધવાનું એક કારણ આ પણ છે! જેમકે વારંવારના ધરતી કંપ, કે વાવાઝોડું, સુનામી, કે બસ ખાઈમાં પડી જવી, ટ્રેન પાટા પરથી ઉથલી જવી, પ્લેન ક્રેશ થવું, કે મોટી આગ લાગવી,પૂર આવવું આ બધું જ. એટલે કે રોજ કેટલાય જીવનો જન્મ થાય છે! અને કોઈનું મૃત્યુ ન થાય, બધાં જ જીવે તો કેટલું અસંતુલન થાય, માટે એ દરેકની પોતાની નિયતી અનુસાર આ વિસર્જન ક્રિયાને આવરી લેવામાં આવી છે, અને એટલે જ મૃત્યુથી બચવા ભગવાન શંકરની આરાધના વધુ થાય છે. ભગવાન શિવ શંકર તો તત્વતઃ મૂળ સ્વરૂપે નિરંજન-નિરાકાર પરબ્રહ્મ છે. 'શિવલિંગ' એ નિરાકાર પરમાત્માની એક અનન્ય ઓળખની નિશાની છે. આપણાં ઉપનિષદોમાં સૃષ્ટિના સર્જક પરબ્રહ્મને 'પૂર્ણ' કે 'શૂન્ય' સ્વરૂપ કહ્યા છે : ઓમ પૂર્ણમદઃ પૂર્ણમિદમ્... ગોળાકાર-પૂર્ણોકાર સૂક્ષ્મ પરમાત્મામાંથી સૃષ્ટિનું સર્જન થાય છે. આ પૂર્ણ કે શૂન્યનો સૂક્ષ્મ આકાર એટલે 'લિંગ'. લિંગ એટલે એક નાનકડું બિંદુ. જો બિંદુ વિસ્તરે તો બિંદુમાંથી, રેખા, રેખા વિસ્તરે, અને વર્તુળ થાય અથવા શૂન્ય થાય, પછી એને કોઈ પણ અંકની આગળ મૂક્યા કરીએ, તો આંકડો વધ્યા કરે, તેમ લિંગાકાર બિંદુસ્વરૂપનું કે શિવલિંગ સ્વરૂપનું સુક્ષ્મ ચિંતન કરીએ તો આ જ રીતે પરબ્રહ્મમાંથી સૃષ્ટિના, કે બ્રહ્માંડના તાણાવાણા રચાય છે, એ સત્ય સમજાય છે. શૂન્ય કે રિક્ત અથવા શૂન્યાવકાશમાં શિવલિંગ સ્વરૂપ શિવ, અને તેમની દેવીશક્તિના સંયોગથી સૃષ્ટિ સર્જાય છે. 'કંકરમાં શંકર' એટલે ભગવાન શંકરનું શિવલીંગ! કે જેનાં દર્શન માત્રથી જીવન ધન્ય થઈ જાય છે. સનાતન ધર્મની આ જ લાક્ષણિકતા છે કે, પ્રકૃતિ જન્ય પદાર્થનાં સંવર્ધન માટે એમાં ઈશ્વરનાં નિવાસની પ્રણાલી ઉભી કરે. પણ મનુષ્ય પોતાનાં સંરક્ષણ અને સંવર્ધનમાં પ્રકૃતિનું સંવર્ધન ભૂલી ગયો અને એટલે જ વિસર્જન માટે કુદરતી કે કૃત્રિમ આપત્તિ રૂપે ધીમો પ્રલય થાય છે. આપણે ૐકારના લેખમાં જોયું એમ શિવલિંગ ઓમકાર સ્વરૂપ મનાય છે. ૐ ને પ્રણવ મંત્ર કહેવામાં આવે છે, એમાં 'અ', 'ઉ' અને 'મ' એ ત્રણ અક્ષરોનું સંયોજન થયું છે. 'અ' એટલે બ્રહ્મા, 'ઉ' એટલે વિષ્ણુ અને 'મ' એટલે શિવ. મકાર શિવ એ બીજ છે, અને તે બીજ લિંગરૂપે સૃષ્ટિના સર્જનનું મૂળ તત્વ છે. શિવ પુરાણની વિધ્યેશ્વર સંહિતામાં શિવલિંગનો મહિમા બતાવ્યો છે. લિંગસ્વરૂપ સ્તંભ આદિ અને અંત વિનાનો છે. તે તો અણુથી પણ સૂક્ષ્મ અને મહાનથી યે મહાન, વિરાટ છે. શિવલિંગ તો ભક્તિ અને મુક્તિનું સાધન છે. શિવપુરાણ પ્રમાણે શિવલિંગ ચૈતન્યસ્વરૂપ છે. લિંગની પીઠ પાર્વતીસ્વરૂપ છે. શિવ હંમેશ પાર્વતીને પોતાની ગોદમાં ધારણ કરે છે. લિંગ અને પીઠિકા તો શિવ-શક્તિનું સંયોજન છે, સૃષ્ટિ-સર્જનનું પ્રતીક છે. ભગવાન શિવ પાર્વતીને એટલે જ દામ્પત્ય જીવનનાં આદર્શ માનવામાં આવે છે, તેમજ તે સંન્યાસની ઉચ્ચત્તમ કક્ષાએ હોવા છતાં સંસારી કહેવાયા છે! સંસારમાં રહીને જ શિવ પાર્વતીએ પ્રસન્ન દામ્પત્યનો દાખલો બેસાડ્યો છે. આમ ભગવાન આશુતોષ પથ્થરમાં વસીને પોતાનો વિશ્વાસ ભક્તનાં મનમાં દૃઢ કરે. શિવલિંગ એ હિન્દુઓમાં સૌથી વધુ પૂજાતું સ્વરૂપ છે, કારણ કે ભગવાન શંકરની પૂજા સાવ સીધી સાદી છે. અન્ય દેવી દેવતાઓના કર્મકાંડો ભરેલા યજ્ઞ, દરેક વ્યક્તિ કરી શકે નહીં. શુદ્ધ પાણી અને એક ટબુડી દૂધ, બે ત્રણ બીલીપત્ર હોય એટલે શંકર રાજી રાજી! ન કોઈ ભોગની ઉપેક્ષા,ન કોઈ અન્ય સાધન, માત્ર ને માત્ર ભાવનાનો ભૂખ્યો, એવો ભોળો ભંડારી સદીઓથી ભક્તની ભીડ ભાંગે છે. ભગવાન ભોળાનાથ તો સૌના કલ્યાણ માટે પ્રત્યેક તીર્થમાં લિંગ રૂપે નિવાસ કરે છે. શિવ પુરાણમાં શિવલિંગના અનેક પ્રકારો ગણાવ્યાં છે, જેની વાત પછી કરીશું. પ્રત્યેક લિંગનાં મૂળમાં બ્રહ્મા, મધ્યમાં વિષ્ણુ અને પરબ્રહ્મરૂપ સદાશિવ લિંગના ઉપરના ભાગમાં રહે છે.



---

### શ્રાવણ માસમાં શિવ મહિમા-૬

# ભગવાન શિવના મંદિરને શિવાલય અથવા શિવ મંદિર કહેવામાં આવે છે. શિવાલય- શિવમંદિરનો મહિમા જાણીએ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**આ ઉપરાંત ભકતો દ્વારા કરવામાં આવતા પાણી અને દુધનાં અભિષેકનાં પ્રવાહીને વહેવા માટેની જગ્યા કરવામાં આવે છે. જેને ઉત્તર દિશામાં ગર્ભાગારની બહાર કાઢવામાં આવે છે.જયાં નાની કુંડી કરીને તેમાં સમાવી દેવા માં આવે છે.આમ થાળુ અને જળાધારી કુંડલીની શક્તિ(દેહમાં રહેલી આંતરચેતના) દર્શાવે છે.**

શ્રાવણ માસના છઠ્ઠા દિવસનો આજે શિવાલયમાં શિવલિંગ પર અભિષેક થઈ રહ્યો છે. આપણે શ્રાવણ માસમાં શિવ મહિમા-૬માં આજે શિવાલય-શિવમંદિરનો મહિમા જાણીએ.સૃષ્ટિના સંહારક શિવજીને બલ મુખ્ય દેવોમાંના એક માનવામાં આવે છે.અન્ય દેવોની જેમ શિવને મૂર્તિ રૂપે નહી પૂજતા તેમનું પૂજન લિંગ સ્વરૂપે કરવામાં આવે છે.શિવ પરિવારમાં ભગવાન શંકર, માતા પાર્વતી અને તેમના પુત્રો ગણેશ અને કાર્તિકેય નો સમાવેશ થાય છે. શિવજીની એક પુત્રી ઓખાનો પણ પુરાણો માં ઉલ્લેખ જોવા મળે છે, પરંતુ સામાન્ય રીતે શિવ પરિવારમાં તેમની ગણતરી કરવા માં આવતી નથી.આ ઉપરાંત શિવમંદિરોમાં હનુમાનજી,કાચબો અને પોઠીયો પણ શિવ પરિવારની સાથે જોવા મળે છે.દક્ષિણભારતમાં કાર્તિકેય ને મુરુગનસ્વામી તરીકેઓળખવા માં આવે છે.ગુજરાતમાં હનુમાન જી અને ગણેશજીનાં અલાયદા મંદિરો પણ જોવા મળે છે પરંતુ કાર્તિકેયનું અલાયદુ મંદિર જોવા મળતું નથીકે નથી તો તે શિવાલય શિવ મંદિરમાં જોવા મળતાં,તેનું કારણએ છે કે ગુજરાતમાં કાર્તિકેયની દેવ તરીકે પૂજા થતી નથી.ભગવાન દત્તાત્રેયને કાર્તિકેય નો અવતાર માનવામાં આવતો હોવાથી,તેમના અનુયાયીઓ કાર્તિકેયની પૂજા કરતા હોય છે. ભગવાન શિવના મંદિરને શિવાલય અથવા શિવ મંદિર કહેવામાં આવે છે.બીજી એક એ પણ ખાસિયત છે કે અન્ય દેવી દેવતાઓનું સ્થાપન મંદિરોમાં મૂર્તિ સ્વરૂપે થાય છે પરંતુ અજન્મા એવા ભગવાન શિવનું સ્થાપન લિંગ સ્વરૂપે થાય છે.ભગવાન શિવ તો એવા દેવ છે કે જેમણે હંમેશા માણસોની વસ્તીથી અલગ અને એકાંત જગ્યા વધારે પસંદ કરી છે. તેવી જ રીતે તેમના શિવાલયો પણ જંગલ અથવા તો ગામથી ઘોડા દુર જોવા મળે છે. મહાદેવનાં શણગાર તથા પૂજન વિધિમાં પણ જંગલની કુદરતી વસ્તુઓનો જ ઉપયોગ જોવા મળે છે. જેમાં વનનાં ફુલો ધતુરો, બીલીપત્ર,રુદ્રાલ શાગાર તરીકે, શરીર ઉપર ભસ્મનું લેપન,વાહન માં પોઠીયો,વગાડવામાં ડમરૂ, શરીરે જટાજુટ સર્પોની માળા અને પોશાકમાં હાથી કે વાઘનું ચામડું હોય છે.પૂજન વિધિમાં પાણીનો લોટો અને થોડા બીલી પત્રનાં પાન.શિવને આમ તો મંદિર ની પણ જરૂર નથી,પથ્થરનાં ઓટલે,ઝાડની નીચે,ડુંગરની ટોચે પણ આ ભોળાનાથ બીરાજી જાય છે.સ્વયંભૂ ગણાતા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશમાં શંકરને સદા શિવ કહેવાય છે.શિવનું મંદિર શાસ્ત્રોકત દ્રષ્ટિએ જીવનમાં માનવ દેહ અને મનનું પ્રતીક અને ભાવના બની રહે છે.સર્વનું કલ્યાણ કરનારા શિવનાં શિવાલયમાં વાસ્તુશાસ્ત્ર-શિલ્પકલા વિધાનમાં તેમજ માનવજીવન માટે આશિષ ગણાતી અષ્ટાંગ યોગ કલ્પના સાકાર થાય છે. ગુજરાતનાં પ્રદેશોમાં થતાં શિવાલયની રચના (બાંધકામ)નીચે મુજબ હોય છે.શિવાલયની રચના બે ભાગમાં હોય છે જેમાં આગળનો ભાગ મંદિર અને અંદર નો ભાગ ગર્ભ ગૃહ (ગર્ભાગાર-ગભારો)કહેવાય છે.જેમાં મનુષ્ય ના જન્મથી અંત સુધીના સંસ્કાર તેમાં પ્રગટ થાયછે શિવાલયમાં આગળનાં ભાગમાં કાલ ભૈરવનું સ્થાપન કરવામાં આવે છે.જે યમનું પ્રતીક માનવા માં આવે છે. દેહ સાથે જોડાયેલી મૂત્યુની વાત જન્મતા જ જાણી લેવી જોઈએ. 'જે જોયું તે જાય' એ ચરિતાર્થ કરવા માટે શરૂઆતમાં જ કાલ ભૈરવની મૂર્તિ હોય છે.તે મૃત્યુના પ્રતીક રૂપે છે. શિવાલયમાં પ્રથમ ભાગ એવા મંદિરમાં પ્રવેશતા પોઠીયાનું સ્થાપન થાય છે.જે પરિશ્રમ અને ભારવહનનાં પ્રતીક તરીકે ઓળખાય છે.તેના સ્થાપન દ્વારા એવુ સમજાવાય છે કે જીવનમાં પોતાના ફાળે આવેલ કોઈપણ કામ લાલચ કે લાલસા વગર કરવુ જોઈએ.શિવાલય માં પોઠીયા પછી કાચબાનું સ્થાપન કરવામાં આવે છે.કાચબો પોતાની બધીજ બહારની ઈન્દ્રિયોનેસંકોરી પોતાની જાતમાં સમાવી શકે છે. મનુષ્ય માટે પણ બહારનીઈન્દ્રિયો (આંખ,કાન,જીભ,હાથે અને પગ ઉપર કાબુ અને સંયમ આવશ્યક છે.પોતાની જાત સંકોરીચાલવાની વાત સમાજમાં પ્રચલિત છે. જે કાચબાનાં સ્થાપન દ્વારાપ્રમાણિત થાય છે.શિવાલયમાં કાચબાની ડાબી બાજુએ ઉત્તર દિશા બાજુ મુખે ગણેશનું સ્થાપન કરવામાં આવે છે.ગણેશ વિઘ્નોનાં હરનાર કહેવાય છે. ગણપતિમાં બીજાની નાનામાં નાની વાત સાંભળીને પેટ માં રાખવાની ટેવ, પરિસ્થિતિનો ક્યાસ કાઢતા અને ઝીણી નજરે નીરખવાની ટેવ છે,જે દરેક મનુષ્યમાં હોવી જોઈએ. એ રીતે ગણેશનાં કાન મોટા,આંખ નાની, પેટ મોટું રખાયા છે.તે ઉપરાંત ગણેશ પ્રજ્ઞા-બુધ્ધિના દેવ ગણાય છે. મનુષ્ય માટે બુધ્ધિ જીવન જીવવાની આવડતમાં આવશ્યક વસ્તુ છે.શિવાલયમાં ગણેશની બરોબર સામેની બાજુ એટલેર્કે દક્ષિણ દિશા બાજુ મુખે હનુમાન જીનું સ્થાપન કરવામાં આવે છે. હનુમાન બ્રહ્મચર્ય-શક્તિ અને સેવા નાં ઉદાહરણ રૂપે છે.જે મનુષ્યને જીવન જીવવામાં એક આદર્શરૂપ નિવડે છે.શિવાલયનાં બીજાભાગમાં ગર્ભ દ્વારનાં ઉંબરે વાઘનાં શિલ્પોનું સ્થાપન કરવામાં આવેછે.ગર્ભદ્વારનાં ઉંબરાની બન્ને બાજુ વાઘના શિલ્પો કંડારેલા હોય છે.વાઘ ચોકસાઈ અને ધારણાવાળું પ્રાણી છેજેનું નિશાન ઘણું ચોક્કસ હોય છે જે ભાગ્યે જ ખાલી જાય છે. મનુષ્યએ પણ પોતાના જીવનનાં ચોક્કસ ધ્યેયો ચોકસાઈથી પાર પાડવા જોઈએ શિવાલયનાં ગર્ભાગારની બરોબર વચ્ચે ભગવાન શિવનું લિંગની સ્થાપના કરવામા આવે છે.શિવના લિંગના સ્થાપનની એક ખાસ વિશેષતા છે કે ભગવાન શિવ અજન્મો છે તેથી તેના સ્થાપન સમયે તે લિંગનો પ્રવેશ દરવાજેથી થતો નથી પરંતુ તે મંદિરનાં ગર્ભાગારની ટોચેથી કરવામાં આવે છે. શિવલિંગ હૃદય અને આત્માનું પ્રતીકછે.શિવાલયમાં શિવલિંગની ફરતે થાળુ અને ઉપર જળા ધારી તથા સર્પનું સ્થાપન કરવામાં આવે છે. તેમાં થાળુ શિવલિંગની ફરતે ગોળાકાર લિંગનાં માપ જેટલુ વધારે હોય છે. શિવલિંગ ઉપર જે પાત્ર લટકાવવામાં આવે છે તેને જળાધારી કહેછે જેમાં પાણી ભરીને લિંગ ઉપર સતત અભિષેક થાય છે. આ ઉપરાંત ભકતો દ્વારા કરવામાં આવતા પાણી અને દુધનાં અભિષેકનાં પ્રવાહીને વહેવા માટેની જગ્યા કરવામાં આવે છે. જેને ઉત્તર દિશામાં ગર્ભાગારની બહાર કાઢવામાં આવે છે.જયાં નાની કુંડી કરીને તેમાં સમાવી દેવા માં આવે છે.આમ થાળુ અને જળાધારી કુંડલીની શક્તિ(દેહમાં રહેલી આંતરચેતના) દર્શાવે છે. જયારે શિવલિંગ ઉપર સર્પ એટલે કે નાગનું છત્ર હોય છે.જે જાગૃતિ અને ચંચળતાને પ્રગટ કરે છે. શિવાલયમાં શિવલિંગની બરોબર પાછળ પાર્વતીની મૂર્તિનું સ્થાપન કરવામાં આવે છે. જે ભક્તિ અને નમ્રતાનાં પ્રતીકરૂપે છે.પાર્વતી શ્રધ્ધા અને ભક્તિના ગુણો પ્રગટ કરે છે.મનના આંતરિક ગુણોમાં ભક્તિ,શ્રધ્ધા,નમ્રતાઅને તપ જરૂરી ગણાય છે.

### આ ફિલ્મની સિક્વલ ઉમેશ બિશ્ત ડિરેક્ટ કરશે

# 'ખોસલા કા ઘોસલા ૨'નું કામ ચાલુ, હુમા કુરેશી ફિલ્મની કાસ્ટમાં જોડાઈ

**ખોસલા કા ઘોસલા ૨માં હુમા કુરેશી એક મહત્વના પાત્રમાં જોવા મળશે. તેણે સ્ક્રિપ્ટ વાંચી અને જે લખાયું છે એ તેને ગમ્યું છે**



એક કલ્ટ કટાક્ષ કોમેડી ફિલ્મ 'ખોસલા કા ઘોસલા'ની સિક્વલ હવે નક્કી છે, ૨૦ વર્ષ પછી આ ફિલ્મની સિક્વલ આવશે. પહેલી ફિલ્મ ૨૦૦૬માં આવ હતી, જેમાં અનુપમ ખેર, બોમન ઈરાની, નવીન નિશ્ચલ, પ્રવીણ ડબ્બાસ, તારા શર્મા, રણવીર શૌરી અને વિનય પાઠક જેવા દિગ્ગજ કલાકારો હતા. આ ફિલ્મમાં દિલ્હીના મીડલ ક્લાસની ભ્રષ્ટાચાર અને રીઅલ એસ્ટેટ કૌભાંડ સામે લડની એક કટાક્ષ, કોમેડી અને જમીનથી જોડાયેલી ફિલ્મ ઘણી લોકપ્રિય થઈ હતી. ત્યારે હવે કેટલાક અહેવાલો અનુસાર ફિલ્મની સિક્વલની તૈયારીઓ ચાલી રહી છે. આ અહેવાલો અનુસાર, ઉમેશ બિશ્ત આ ફિલ્મ ડિરેક્ટ કરવાના છે. તેઓ સ્ક્રિપ્ટ અને કાસ્ટિંગ પર કામ કરી રહ્યા છે. આ ફિલ્મ સાથે સંકળાયેલા સુત્રોના આધારે આ ફિલ્મની સ્ક્રિપ્ટ ફાઈનલ થઈ ગઈ છે અને તેનું કાસ્ટિંગ ચાલુ છે. ફિલ્મનું શૂટિંગ નવેમ્બરમાં શરૂ થશે, ૨૦૨૬માં ફિલ્મ રિલીઝ થશે. પહેલા ભાગની જેમ આ ફિલ્મ પણ કોમેડી ફિલ્મ હશે. આ ફિલ્મના કાસ્ટિંગની મહત્વની વાત એ છે કે આ વખતે તેમાં હુમા કુરેશી પણ જોડાઈ છે. સુત્રએ જણાવ્યું,"ખોસલા કા ઘોસલા ૨માં હુમા કુરેશી એક મહત્વના પાત્રમાં જોવા મળશે. તેણે સ્ક્રિપ્ટ વાંચી અને જે લખાયું છે એ તેને ગમ્યું છે. ટી-સિરીઝ દ્વારા આ ફિલ્મ પ્રોડ્યુસ કરવામં આવશે."હુમા કુરેશી એક્ટિંગ સાથે પ્રોડક્શનમાં પણ પોતાની પાંખો ફેલાવી રહી છે, તેણે પોતાના ભાઈ સાકીબ સલીમ સાથે મળીને પોતાનું પ્રોડક્શન હાઉસ પણ શરૂ કર્યું છે. તેની પહેલી ફિલ્મ બેબી ડુ ડાઈ ડુ પણ ટૂંક સમયમાં રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મ સાથે સંકળાયેલા સુત્રોના આધારે આ ફિલ્મની સ્ક્રિપ્ટ ફાઈનલ થઈ ગઈ છે અને તેનું કાસ્ટિંગ ચાલુ છે. ફિલ્મનું શૂટિંગ નવેમ્બરમાં શરૂ થશે, ૨૦૨૬માં ફિલ્મ રિલીઝ થશે. પહેલા ભાગની જેમ આ ફિલ્મ પણ કોમેડી ફિલ્મ હશે. આ ફિલ્મના કાસ્ટિંગની મહત્વની વાત એ છે કે આ વખતે તેમાં હુમા કુરેશી પણ જોડાઈ છે. સુત્રએ જણાવ્યું,"ખોસલા કા ઘોસલા ૨માં હુમા કુરેશી એક મહત્વના પાત્રમાં જોવા મળશે. તેણે સ્ક્રિપ્ટ વાંચી અને જે લખાયું છે એ તેને ગમ્યું છે. ટી-સિરીઝ દ્વારા આ ફિલ્મ પ્રોડ્યુસ કરવામં આવશે."હુમા કુરેશી એક્ટિંગ સાથે પ્રોડક્શનમાં પણ પોતાની પાંખો ફેલાવી રહી છે, તેણે પોતાના ભાઈ સાકીબ સલીમ સાથે મળીને પોતાનું પ્રોડક્શન હાઉસ પણ શરૂ કર્યું છે. તેની પહેલી ફિલ્મ બેબી ડુ ડાઈ ડુ પણ ટૂંક સમયમાં રિલીઝ થવા જઈ રહી છે.

### ફાતિમા અને તમન્ના બંને મુંબઈમાં એક ઇવેન્ટમાં સાથે જોવાં મળ્યાં હતાં

# ફાતિમાએ તમન્ના સાથેનો ફોટો પડાવીને વિજય સાથે ડેટિંગને અફવા ગણાવી





તમન્ના ભાટિયા અને વિજય વર્મા જ્યારે થોડાં મહિનાઓ પહેલાં એકબીજાંથી અલગ થયાં ત્યારે તેમના વિશે ઘણા અહેવાલો આવ્યા હતા. તેનાં થોડાં જ દિવસોમાં વિજય અને ફાતિમા સના શેખ કેટલીક ઈવેન્ટમાં સાથે જોવાં મળ્યાં હતાં. તેથી તેમનાં બંનેના ડેટિંગની ચર્ચાઓ શરૂ થઈ હતી. જોકે, બંનેમાંથી કોઈએ રિલેશનશિપ વિશે કોઈ વાત કરી નહોતી. ત્યારે હવે એક તસવીર વાયરલ થઈ છે, જેમાં ફાતિમા અને તમન્ના એકસાથે જોવાં મળે છે.તાજેતરમાં ફાતિમા અને તમન્ના બંને મુંબઈમાં એક ઈવેન્ટમાં સાથે જોવાં મળ્યાં હતાં. તમન્નાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં આ ઈવેન્ટનો એક ફોટો શેર કર્યો હતો. જેમાં તેની સાથે શાલિની પસ્સી, તાહા શાહ બાદુશા અને ફાતિમા એક જ ફ્રેમમાં દેખાય છે.આ બધાં જ સ્ટાઈલિશ ડ્રેસિંગ સાથે ગોર્જિયસ લૂકમાં દેખાય છે. તેમાં ફાતિમા અને તમન્ના બંને ખુબ ખુશ ને હસતાં દેખાય છે. એક તરફ ફાતિમા અને વિજયની ડેટિંગની ચર્ચા ચાલે છે, ત્યારે આ તસવીર સોશિયલ મીડિયામાં વાયરલ થઈ છે. થોડાં મહિના પહેલાં વિજય અને ફાતિમા મુંબઈના એક કેફેમાં પણ સાથે દેખાયાં હતાં. તે પછી ૨૬ જૂને રેખાની ઉમરાવ જાનનું પ્રીમિયર યોજાયું ત્યારે પણ ફાતિમા અને વિજય સાથે બેઠેલાં જોવા મળ્યાં હતાં. બંનેમાંથી કોઈએ આ સંબંધ વિશે હજુ કોઈ વાત કરી નથી. ફાતિમાએ થોડા સમય પહેલાં કહ્યું હતું કે તે વિજય સાથે રિલેશનશિપમાં નથી.

# મલ્લિકા શેરાવતનું એલાન, 'બિગ બોસ'માં ક્યારેય કામ નહીં કરું

**આ વખતે શોમાં પ્રથમ વખત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સ્પર્ધક કાવ્યા મેહરા અને યુએઈની AI ડોલ હાબુબુને લવાય તેવી શક્યતા પણ છે**



'બિગ બોસ ૧૯'માં મલ્લિકા શેરાવત જોડાઈ રહી હોવાની અટકળો લાંબા સમયથી ચાલી રહી હતી. મલ્લિકા શેરાવત એક્ટિંગમાં ફરી પગ જમાવવા મથી રહી છે અને તેના માટે ચર્ચામાં રહેવું જરૂરી છે. 'બિગ બોસ' જેવા રિયાલિટી શોમાં ભાગ લીધા પછી ઘણાં એક્ટર્સના સિતારા બુલંદ થયા છે ત્યારે મલ્લિકા પણ આ જ માર્ગે ચાલે તેવી શક્યતા હતી. લાંબા સમયની અટકળો બાદ આખરે મલ્લિકાએ જાતે જ સ્પષ્ટ કરી દીધું છે કે, 'બિગ બોસ ૧૯'માં ભાગ લેવાની તેની કોઈ ઈચ્છા નથી અને ભવિષ્યમાં પણ તે ક્યારેય 'બિગ બોસ'માં જોડાશે નહીં. ૪૮ વર્ષીય મલ્લિકાએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, તમા પ્રકારની અફવાઓ પર પૂર્ણવિરામ મૂકુ છું. હું 'બિગ બોસ' કરી રહી નથી અને ક્યારેય તેમાં ભાગ લેવાની નથી. ઉલ્લેખનીય છે કે, અગાઉ મલ્લિકાએ પોતાની ફિલ્મ વિકી વિદ્યા કા વો વાલા વીડિયો માટે રિયાલિટી શોમાં હાજરી આપી હતી. અગાઉ વર્ષ ૨૦૧૯માં 'બિગ બોસ ૧૩' દરમિયાન મલ્લિકાએ સ્પર્ધકો સાથે વાતચીત કરી હતી અને આ શોમાં નોંધપાત્ર હાજરી આપી હતી. 'બિગ બોસ'ની આગામી સિઝન ઓગસ્ટ મહિનાથી જિયોસ્ટાર પર સ્ટ્રીમ થવાની છે. તેમાં સલમાન ખાન ફરી હોસ્ટ તરીકે આવી રહ્યા છે. જો કે સમગ્ર સિઝન દરમિયાન સલમાન આ શોને હોસ્ટ કરવાના નથી. સલમાન ખાન દ્વારા શરૂઆત બાદ કરણ જોહર, ફરાહ ખાન અથવા અનિલ કપૂર જેવા ફિલ્મ મેકર્સ આ શોનું સુકાન સંભાળે તેવી શક્યતાઓ છે. 'બિગ બોસ'ના પ્રોડ્યુસર્સ દ્વારા હજુ સંભવિત સ્પર્ધકો અથવા અન્ય હોસ્ટના નામ જાહેર થયા નથી. આ વખતના સ્પર્ધકોમાં યુટ્યૂબર પૂરવ જહા, આંત્રપ્રિન્યોર રાજ કુન્દ્રા, ઈન્ફલુએન્સર રેબેલ કિડ, એક્ટર મુનમુન દત્તા, કોરિયોગ્રાફર ધનશ્રી વર્મા, સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર ફૈઝલ શેખ સહિત કેટલાક નામ ચર્ચાઈ રહ્યા છે.

### કિઆરા અડવાણી કાવ્યા લુથરાના રોલમાં જોવા મળશે

# રૂ.૪૦૦ કરોડની 'વોર ૨', ભારતની સૌથી મોંઘી સ્પાય થ્રિલર બનશે



**જુનિયર એનટીઆરની ફી ૭૦ કરોડ અને રિતિક ૫૦ કરોડ ઉપર નફામાં પણ ભાગ લેશે**

રિતિક અને જુનિયર એનટીઆરની ફિલ્મ 'વૉર ૨' આ વર્ષે સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોમાંની એક છે. તાજેતરમાં જ ફિલ્મનું ટ્રેલર લોંચ થયું હતું, ત્યારથી તેની ક્વોલિટી અને સ્કેલ પર ઘણી ચર્ચા છે. આ ફિલ્મમાં ૬ અલગ અલગ પ્રકારની એક્શન સિક્વન્સ હોવાનું ટ્રેલર પરથી ધ્યાનમાં આવે છે, આ વિશ્વકક્ષાની ફિલ્મ ૧૫ ઓગસ્ટના વીકેન્ડમાં રિલીઝ થશે. જેમાં રિતિક મેજર કબીર ઢાલિવાલના રોલમાં, કિઆરા અડવાણી કાવ્યા લુથરાના રોલમાં જોવા મળશે.ફિલ્મ સાથે સંકળાયેલા ટ્રેડના સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર આ ફિલ્મ સૌથી મોંઘી ફિલ્મ છે, "વૉર ૨ ૪૦૦ કરોડના વિશાળકાય બજેટ પર બની રહેલી ફિલ્મ છે, તેણે ટાઈગર ૩ના ૩૫૦ કરોડના ખર્ચના આંકડા અને પઠાણના ૩૨૫૦ કરોડના ખર્ચના આંકડાને પણ વટાવી દીધો છે. ૪૦૦ કરોડમાં હજુ માર્કેટિંગ અને પ્રિન્ટ પબ્લિસિટીનું બજેટ તો ગણાયું જ નથી."આ બજેટમાં પણ આ ફિલ્મનાં બંને લીડ એક્ટર્સની મસમોટી ફીનો પણ સમાવેશ થાય છે, આ આંકડાઓ સાંભળીને ભલભલા લોકોની આંખો પહોળી થઈ ગઈ છે. આ ફિલ્મ માટે જુનિયર એનટીએરને ૭૦ કરોડ તેમજ રિતિક રોશનને ૫૦ કરોડ ઉપરાંત ફિલ્મની આવકમાંથી પણ હિસ્સો આપવાની ડીલ કરવામાં આવી છે. જ્યારે કિઆરા અડવાણીને ફી પેટે ૧૫ કરોડ ચૂકવાયા હોવાની ચર્ચા છે. અનિલ કપૂરને આ ફિલ્મમાં ૧૦ કરોડ જેટલી ફી મળી છે. તો મુખ્ય કલાકારોની ફીના જ ૧૫૦ કરોડ થઈ ગયા છે. જ્યારે ફિલ્મના ડિરેક્ટર આયાન મુખર્જીએ આ ફિલ્મ માટે ૩૦ કરોડનો ચેક લીધો છે. ટ્રેડ સુત્રના જણાવ્યા અનુસાર, "બાકીના ૨૨૦ કરોડ ફિલ્મની ઉત્તમ ગુણવત્તા પાછળ અને તેના પહેલા ભારતમાં ન જોવા મળ્યો હોય એવા સ્કેલ પર ખર્ચ થયા છે."રિતિકે આ ફિલ્મ માટે જે ફી અને પ્રોફિટ શેરિંગમાં હિસ્સો માગ્યો છે, તેની પણ ચર્ચા છે. આ એક્શન થ્રિલર સ્પાય ફિલ્મમાં રિતિકે પ્રોડ્યુસર આદિત્ય ચોપરા પાસેથી ફી ઉપરાંત મોટો હિસ્સો પ્રોફિટ શેરિંગમાં પણ માગ્યો છે. જ્યારથી આ ફ્રેન્ચાઈઝીની પહેલી ફિલ્મ રિલીઝ થઈ ત્યારથી રિતિક આ ફિલ્મમાં આદિત્ય ચોપરા સાથે પાર્ટનર છે. પહેલી 'વૉર' ૨૦૧૯માં યશરાજ ફિલ્મ્સે રિલીઝ કરી હતી. આ ફિલ્મ બધાં જ થિએટરમાંછી ઉતરી જશે પછી આદિત્ય ચોપરા રિતિકને કુલ નાફામાંથી તેનો હિસ્સો આપશે. આ ફિલ્મ કમાણીમાં પણ અનેક ફિલ્મના રેકોરડ તોડશે એવી આશા છે, જેથી રિકિતને ફી ઉપરાંત ઘણો નફો મેળવશે એવી આશા છે. આદિત્ય ચોપરા સાથે શાહરુખ ખાન, સલમાન ખાન અને આમિર ખાન બધાં જ આ પ્રકારની ડીલ કરી ચૂક્યા છે.

# સુપરમેન ૧૭ દિવસે પણ અણનમ, ગ્લોબલી ૩૬૦૦ કરોડની કમાણી

**તેલુગુમાં અત્યાર સુધીમાં ૧.૬૭કરોડ, તમિલમાં ૧.૮૪ કરોડ અને ઈ વીકેન્ડ સુધીમાં હિન્દીમાં ૯.૬૫ કરોડની આવક થઈ**



જેમ્સ ગનની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'સુપરમેન' બે અઠવાડિયા પછી પણ સ્થિર ગતિએ આગળ વધી રહી છે. ૧૭ દિવસમાં આ ફિલ્મે વર્લ્ડ વાઈડ ૩૬૦૩.૭૬ કરોડની કમાણી કરી છે. આ વર્ષે સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મમાં તેનું નામ છે, ભારતમાં હાલ સુધીમાં તેની કમાણી ૪૭.૯૫ કરોડે પહેંચી ગઈ છે, જે હજુ આ અઠવાડિયે ૫૭.૨૬ કરોડે પહેંચશે એવો અંદાજ છે.સુપરમેન તેલુગુ, તમિલ અને હિન્દીમાં પણ ડબ થઈ છે, જેમાં તેની આવક થોડી ઉપર નીચે થઈ છે. તેલુગુમાં અત્યાર સુધીમાં ૧.૬૭કરોડ, તમિલમાં ૧.૮૪ કરોડ અને ઈ વીકેન્ડ સુધીમાં હિન્દીમાં ૯.૬૫ કરોડની આવક થઈ છે. આ ફિલ્મે પહેલા દિવસે ૭.૨૫ કરોડથી શરૂઆત કરી હતી, જે શનિવારે ૯.૫ કરોડ થયા અને રવિવારે થોડા ઘટાડા સાથે પહેલાં અઠવાડિયાના અંતે આ ફિલ્મની આવક ૨૬ કરોડ થઈ હતી. જોકે, સોમવારે ફિલ્મની કમાણીમાં ૭૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો. તેમ છતાં આ ફિલ્મ સ્થિર ગતિએ ત્રીજા અઠવાડિયે પણ આગળ વધી રહી છે. હજુ આ અઠવાડિયાના અંતે ધીમી ગતિએ પણ સુપરમેન ૫૦ કરોડના લક્ષ્યને પાર કરી લે તેવો અંદાજ છે. આ ફિલ્મમાં ડેવિડકોરેન્સ્વેટ સુપરમેનના રોલમાં છે, તે સિવાય રેચેલ બ્રોસ્નેહાન, નિકોલસ હોલ્ટ, ઈઝાબેલા મર્સીડ, નેથન ફિલ્ટન, એન્થની કેરિગન અને એડી ગેથેગી સહિતના કલાકારો છે. જે ડીસી યુનિવર્સની ફિલ્મમાં નવા અંદાજ સાથે અને જુની એનર્જી સાથે બનેલી ફિલ્મ છે.

### ગૌહર ખાને પતિ ઝૈદ દરબાર સાથેના એજ ગેપ પર ટ્રોલ્સનો જવાબ આપ્યો

# પહેલા અમને તો પુછો, પછી ટ્રોલ કરો : ગૌહર ખાન

**ગૌહરે કહ્યું, આ માત્ર મીડિયાની વાતો છે, મીડિયાને વિચાર્યા વિના જ નિરાકરણ પર પહોંચી જવામાં મજા આવે છે**



એક્ટ્રેસ અને ગૌહર ખાન હાલ તેનાં બીજાં બાળક સાથે પ્રેગનન્ટ છે, ત્યારે તેણે પોતાનાં પતિ ઝેદ દરબાર સાથે એજ ગેપને કારણે સહન કરવી પડતી મુશ્કેલીઓ અંગે વાત કરી હતી. તેના આત્મવિશ્વાસ અને સુંદરતા માટે જાણીતી ગૌહર ખાને મીડિયા અને ટ્રોલ્સ જે રીતે કોઈ માહિતીની ખાતરી કર્યા વિના જ જે રીતે ગમે તેના પર નિવેદનો આપતા હોય છે, તે અંગે વાત કરી હતી. એક પોડકાસ્ટમાં ગૌહરે કહ્યું, "આ માત્ર મીડિયાની વાતો છે, મીડિયાને વિચાર્યા વિના જ નિરાકરણ પર પહોંચી જવામાં મજા આવે છે. અમારી તરફથી અમે તો જાહેરમાં આવું કશું ક્યારેય કહ્યું નથી, છતાં પહેલી હેડલાઈન એવી હતી કે "કોઈ ૧૨ વર્ષ નાનાને પરણી." ૧૨ વર્ષ? આ આંકડો આવ્યો પણ ક્યાંથી? પહેલા એક વખત અમને પુછી તો લો."ગૌહરે જણાવ્યું કે તેને કે ઝૈદને આવા આંકડાથી કોઈ ફરક પડતો નથી. તેને લોકોમાં સામાન્ય સમજણના અભાવથી વાંધો છે. ગૌહરે કહ્યું, "આંકડાથી કોઈ વાંધો નથી. આપણી ઈન્ડસ્ટ્રીમાં ઘણા કપલ વચ્ચે આવો ઉમરનો તફાવત છે અને એ બિલકુલ બરાબર છે. પરંતુ મને વાંધો એ છે કે – બસ પહેલાં અમને પૂછો. પૂછો અને અમે તમને કહીશું."ગૌહરે આગળ એવું પણ કહ્યું કે તેમને કોઈને કંઈ સ્પષ્ટતા આપવાની જરૂર નથી. "આવા સમાચાર પછી, અમે કોઈ જ નિવેદન આપ્યું નથી. એ ૨ વર્ષનો તફાવત હોય કે ૧૨ વર્ષનો, કોઈ ફરક પડતો નથી. જ્યારે મને કે ઝૈદને ફરક ન પડતો હોય તો દુનિયા શું બોલે છે તેનાથી શું ફરક પડે છે."બંને પરિવારો તરફથી કેમને મળતાં સંપુર્ણ સહકાર અંગે પણ ગૌહરે વાત કરી હતી. ગૌહરે કહ્યું, "શરૂઆતથી જ અમે નક્કી કર્યું હતું કે અમે જ્યારે પણ લગ્ન કરીશું ત્યારે બંને પરિવારના દરેક વ્યક્તિને કહીશું અને તેમનાં આશીર્વાદ લઈશું પરંતુ અમે કોઈના અભિપ્રાયો પર કોઈ ધ્યાન આપીશું નહીં"તેમણે આ પરિસ્થિતિનો કઈ રીતે સામનો કર્યો એ અંગે ગૌહરે કહ્યું, "ઝૈદે તેના પરિવાર સાથે મારો પરિચય કરાવ્યો, મેં તેનો પરિચય મારા પરિવાર સાથે કરાવ્યો.

### મેકર્સે અહાન અને અનીત પહેલાં એમનો સંપર્ક કર્યો હતો

# 'સૈયારા' માટે સિદ્ધાર્થ અને કિઆરા હતાં પહેલી પસંદ



બે ડેબ્યુ કરનારા કલાકારોની ફિલ્મ 'સૈયારા'એ જે રીતે બોક્સ ઓફિસ પર સપાટો બોલાવ્યો છે, તેનાથી ઘણા આશ્ચર્યમાં છે. આ ફિલ્મે અહાન પાંડે અને અનીત પડ્ડાને રાતોરાત સ્ટાર બનાવી દીધાં છે. આજે જેનઝી આ બંનેના ફેન થઈ ગયાં છે. ત્યારે તાજેતરમાં ફિલ્મના ડિરેક્ટર મોહિત સુરીએ એક નવો ખુલાસો કર્યો છે. તેમના કહેવા મુજબ આ મ્યુઝિકલ રોમેન્ટિક ફિલ્મ માટે પહેલી પસંદ અહાન અને અનીત નહોતા.એક ઈન્ટરવ્યુમાં મોહિત સુરીએ જણાવ્યું છે કે રિયલ લાઈફ કપલ સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિઆરા અડવાણી આ ફિલ્મ માટે પહેલી પસંદ હતાં. બંનેની ધર્મા પ્રોડક્શન્સની 'શેરશાહ'ને લોકોએ ખુબ પ્રેમ આપ્યો હતો. આ ફિલ્મ પછી જ તેમની વચ્ચે વાસ્તવિક જીવનમાં પણ પ્રેમ થઈ ગયો હતો. મેકર્સે અહાન અને અનીત પહેલાં એમનો સંપર્ક કર્યો હતો, પરંતુ આ ચર્ચા લાંબો સમય ન ચાલી.મોહિત સુરીએ ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તે કોઈ જાણીતા કલાકારોને કાસ્ટ કરતો હતો પરંતુ આદિત્ય ચોપરાએ મોહિત સુરીને કોઈ નવા ચહેરા લેવા કહ્યું. કારણ કે આદિત્યએ કહ્યું કે આ ફિલ્મ યુવા કપલની છે, તો જાણીતા ચહેરા લેશે તો ફિલ્મ ચાલશે નહીં. ત્યારે મોહિત સુરીએ આદિત્યને એમ પણ પૂછ્યું કે શું તેઓ નવા કલાકારોની ફિલ્મ પાછળ પૈસા રોકશે? ત્યારે આદિત્યએ હા પાડી હતી. મોહિત સુરીએ ૨૦૧૪માં એક વિલનમાં પણ સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે કામ કર્યું હતું, તે ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ રહી હતી. સુરી તેના એક્ટર્સને રિપીટ કરવા માટે જાણીતા છે. તેણે ઈમરાન હાશ્મી, આદિત્ય રોય કપૂર અને શ્રદ્ધા કપૂર બધાં સાથે એકથી વધુ ફિલ્મ કરી છે. તો

જાણીતા ચહેરા લેશે તો ફિલ્મ ચાલશે નહીં. ત્યારે મોહિત સુરીએ આદિત્યને એમ પણ પૂછ્યું કે શું તેઓ નવા કલાકારોની ફિલ્મ પાછળ પૈસા રોકશે? ત્યારે આદિત્યએ હા પાડી હતી. મોહિત સુરીએ ૨૦૧૪માં એક વિલનમાં પણ સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે કામ કર્યું હતું, તે ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ રહી હતી. સુરી તેના એક્ટર્સને રિપીટ કરવા માટે જાણીતા છે. તેણે ઈમરાન હાશ્મી, આદિત્ય રોય કપૂર અને શ્રદ્ધા કપૂર બધાં સાથે એકથી વધુ ફિલ્મ કરી છે.

# ઝાલોદ નગર પાલિકા દ્વારા આવનાર તહેવારોને અનુલક્ષી ટ્રાફિકને અડચણ રૂપ દબાણો દૂર કરવા કામગીરી આરંભી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।



ઝાલોદ નગરના બસ સ્ટેશન વિસ્તાર થી બાંસવાડા રોડ સુધી રસ્તા ઉપર દબાણો કરનારા લોકો પર પાલિકા તંત્ર દ્વારા લાલ આંખ કરી દબાણો દૂર કરવા માટેની કવાયત નગરપાલિકા ચીફ ઓફીસર ટી.બી.ભાભોર દ્વારા કરવામાં આવી હતી. નગરપાલિકા ચીફ ઓફિસર, નગરપાલિકા કર્મચારી સ્ટાફ તેમજ ચુસ્ત પોલિસ બંદોબસ્ત સાથે આજરોજ નગરના ટ્રાફિકને નડતર રૂપ દબાણો દૂર કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નગરના હાઈવે રોડ રસ્તાઓ પહોળા હોવા છતાંય દુકાનદારો, પથારા વાળાઓ તેમજ લારી ગલ્લા વાળાઓ રસ્તાઓ રોકી ટ્રાફિકને અડચણ પડે તે રીતે વ્યાપાર કરતા હોવાનું જાણવા મળતા નગરમાં આવતા તહેવારોને અનુલક્ષી તેમજ નગરમાં ટ્રાફિક વ્યવસ્થાનું સુચારુ આયોજન થાય તે માટે આજરોજ ટ્રાફિકને નડતર દબાણો દૂર કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી તેમજ આવનાર દિવસોમાં નગરના અંદરના મુખ્ય માર્ગો પર પણ આ કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. આજરોજ અનેક વ્યાપારીઓને વોર્નિંગ આપી દબાણ હટાવી લેવા સૂચના આપવામાં આવી હતી. તેમજ જો ફરી આવનાર દિવસમાં રસ્તા રોકી વ્યાપાર કરતા જોવા મળશે તો તેઓ પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું પણ જાણવા મળેલ છે.

# કાશ્મીરી યુવકો સાથે અમદાવાદમાં હેવાનિયત, ધોકા લઈને બે યુવકો પર હુમલો કર્યો



। અમદાવાદ, તા.૨૯ ।

ઈસનપુરમાં અમીનાં બીબીની ચાલીમાં રહેતા કાશ્મીરી પરિવારના બે યુવકો પર ત્રણ લોકોએ હિચકારો હુમલો કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. સ્થાનિક યુવકે પરિવારની મહિલાને ગાળો ભાંડી બાદમાં તકરાર કરી અને આ કાશ્મીરીઓને અહીંયાથી કાઢો કહીને ત્રણ આરોપીએ બે કાશ્મીરી યુવક પર લાકડાના ડંડા વડે જીવલેણ હુમલો કર્યો હતો. યુવકે આ મામલે ત્રણ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. મૂળ જમ્મુ કાશ્મીરના કુપવાડા જિલ્લાના વતની મોહંમદ ઈકબાલ બશીર અહેમદ પઠાણ (ઉ.૩૨) હાલ ઈસનપુર માં આવેલ અમીના બીબીની ચાલીમાં તેના ભાઈ અને ભાભી સાથે રહે છે અને ડ્રાયફ્રુટનો વેપાર ધંધો કરીને રોજગારી મેળવે છે. ગત ૨૭ જુલાઈના રોજ મોહંમદ ઈકબાલ અને તેના ભાઈ તથા ભાભી તેમના ઘરમાં હાજર હતા અને સાંજના સમયે ઈકબાલ બશીરના ભાભી તેના દીકરા માટે ડાયપર લેવા માટે ઘરમાંથી બહાર નીકળી ચાલીની નાકે આવેલી મેડીકલની દુકાને ગયા હતા. આ સમયે ચાલીના નાકે ઉભેલો મુજ્ઝફર ઉસ્માન ખાન ત્યાં ઉભો હતો અને મહિલાને જોઈને ગાળો બોલવા લાગ્યો હતો. મહિલા ગભરાઈ ગઈ અને ઘરે આવીને તેના પતિ અને દિયરને આ અંગેની જાણ કરી હતી.

ત્યારબાદ દિયર મોહંમદ ઈકબાલ પઠાણ ઘરેથી નીચે ઉતર્યો ત્યારે આરોપી મુજ્ઝફર ઉસ્માન હાજર જોઈને ગાળો કેમ બોલ્યો કહેતા બંને વચ્ચે માથાકૂટ થઈ હતી. બુમાબુમ થતાં આસપાસના રહીશો એકઠા થઈ જતા મુજ્ઝફર ઉસ્માન નાસી ગયો અને થોડીવાર બાદ મુજ્ઝફર તેના ભાઈ મુનવ્વર ઉસ્માન ખાન અને તેનો ભાણિયો ત્રણેય ભેગા થઈને આવ્યો અને બૂમો મારવા લાગ્યા કે "કાશ્મીરીઓને અહીંયાથી ભગાડી મુકો" કહીને મોહંમદ ઈકબાલ બશીર અહેમદ પઠાણ અને તેના ભાઈને લાકડાના ડંડા વડે માર મારવા લાગ્યા હતા. આ સમયે આસપાસના રહીશોના ટોળા એકઠા થઈ ગયા અને ઝઘડાનો મામલો થાળે પડાવ્યો હતો. ત્યારબાદ આ મામલે મોહંમદ ઈકબાલે ફરિયાદ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં મુજ્ઝફર ઉસ્માનખાન, મુનવ્વર ઉસ્માનખાન તથા તેના ભાણીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

# માસુમ બાળકોનો ભોગ લેવા ભ્રષ્ટ્રાચાર

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।



ઝાલોદ તાલુકાની મીરાખેડી ગ્રુપ ગ્રામ પંચાયતમાં આવેલ વસ્તી પ્રાથમિક શાળા અને વસ્તી પગાર કેન્દ્રમાં ધોરણ એક થી આંઠ સુધીની આઝાદી સમયની શાળા બનેલ હતી. જેમાં અનેક વાર છતના પોપડા ખરતા બાળકો તેમજ જાતે શિક્ષક પણ ઘાયલ થયેલ હતા જે અનુસન્ધાને મુકેશભાઈ ડાંગીએં અનેક રજુઆતો કર્યા બાદ માંડ ત્રણ મનઝલી બાર ઓરડા વાળી બિલ્ડીંગ મંજુર કરવામાં આવેલ હતી અને તે જૂની શાળા તોડ્યા બાદ બાળકો હાલ ખુબ હાલાકી ભોગવી શિક્ષક ક્વાર્ટરમાં અભ્યાસ કરવા મજબુર બન્યા છે. ત્યાં આ બિલ્ડીંગના કોન્ટ્રાકટર દ્વારા ભ્રષ્ટ્રાચાર કરી બિમ્બ અને કોલમોમાં સલીયા અને માલ સામાનની જગ્યા એં તેલના ડબ્બા મૂકી તેની ઉપર કોક્રરિટનો માલ નાખી ગેપ પુરી દેવામાં આવતાં આ બાબત મુકેશભાઈ ડાંગીને ધ્યાનમાં આવતાં મુકેશભાઈ ડાંગી દ્વારા રૂબરૂ બિલ્ડીંગની મુલાકાત લઈ ભ્રષ્ટ્રાચાર થતો હોવાનું ખુલ્લું પાડી મીડિયા બોલાવી ઉચ્ચ કક્ષાએં રજુઆતો કરી હતી. અનેક સાલો બાદ બની રહેલ બિલ્ડીંગમાં એક થી દોઢ ફૂટના ગાળે સલીયા મૂકી ખુબ મોટો ભ્રષ્ટ્રાચાર કર્યો હોવાનો આક્ષેપ મૂકેશ ડાંગીએ લગાવ્યો હતો સાથે ઈંટોની જગ્યા એં જે બ્લોક મુકવામાં આવ્યાં છે તેમાં માલ પણ ભરવામાં આવ્યો નથી અને જે જૂનો જર્જરીત કમ્પાઉન્ડ વોલ બનાવેલ હતો તેને પોપડા દૂર કરી સમારકામ કરી કમ્પાઉન્ડ વોલને નવો બનાવી દિધો છે. જો આવી રીતે આ કોન્ટ્રાકટર દ્વારા કામ કરવામાં આવશે તો આવનાર સમયમાં વાલીઓએ પોતાના વ્હાલ સોયા બાળકો ગુમાવવાનો વારો આવશે .તેવી ચિંતા વ્યક્ત કરી હતી અને સાથે આ કોન્ટ્રાકટરે બીજી અન્ય બિલ્ડીંગો બનાવી તે બિલ્ડીંગોમાં પણ આવી રીતે જ ડબ્બા ગોઠવી ભ્રષ્ટ્રાચાર કર્યો હશે જે સાબિત થાય છે. માટે આવા કોન્ટ્રાકટર નું લાયસન્સ રદ કરી કરેલ બાંધકામ દૂર કરી નવેસર થી બાંધકામ કરવામાં આવે તેવી રજુઆત કરી હતી.તેમ છતાં પણ ભીનું સંકેલવામાં આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી જવાબદાર અધિકારી ઓની રહેશે અને આ સાથે મુકેશભાઈ ડાંગી એં એમ પણ જણાવ્યું હતું કે જવાબદાર અધિકારીઓ દ્વારા યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો વાલીઓને સાથે રાખી જ્યાં જ્યાં આવી બિલ્ડીંગો બનાવવામાં આવી છે તે બાબતોને ધ્યાને લઈ આવેદન આપી ઉગ્ર આંદોલનો કરવામાં આવશે.

# કાર્યક્રમ "દિક્ષારંભ ૨૦૨૫" ૨૩ થી ૩૦ જુલાઈ ૨૦૨૫ દરમિયાન ઉત્સાહભેર આયોજન કર્યું હતું

। (માહિતી) અમદાવાદ, તા.૨૯ ।




આ કાર્યક્રમ દ્વારા તમામ વિભાગોના નવા વિદ્યાર્થીઓને ઔપચારિક રીતે યુનિવર્સિટીના શૈક્ષણિક પર્યાવરણમાં સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત સ્વાગત સાથે કરવામાં આવી હતી, ત્યારબાદ કિટ વિતરણ અને વિવિધ ફેકલ્ટી દ્વારા માહિતીપ્રદ પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી. શરૂઆતના સત્રમાં માનનીય પ્રોવોસ્ટ ડો. અનિલ તોમર અને I/c રજિસ્ટ્રાર ડો. દીપક કૃષ્ણ વ્યાસ દ્વારા યુનિવર્સિટીનો સારાંશ આપ્યો હતો. સાથે જ, પરીક્ષા વિભાગ, લાયબ્રેરી, વિદ્યાર્થી કલ્યાણ, એન્ટી-રેગિંગ, ફરિયાદ નિવારણ અને આંતરિક ફરિયાદ સમિતિ જેવી મુખ્ય શૈક્ષણિક અને સાહાયક શાખાઓની વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને રીત, પ્રયત્ન, વોરીયર અને ઈવોલ્વ જેવા વિદ્યાર્થીઓ દ્વારા સંચાલિત ક્લબ્સ વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા, જે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને સહ-પાઠ્ય પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે. "હ્યુમન બિંગો," "એમોજી ફેસેસ," અને "વોટ્સ ઈન એ નેમ?" જેવી રસપ્રદ આઈસ બ્રેકિંગ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી વચ્ચે મૈત્રીપૂર્ણ વાતાવરણ સર્જાયું. પ્રથમ દિવસનો અંત દસ્તાવેજ ચકાસણી અને ERP મોડ્યૂલના તાલીમ સત્ર સાથે થયો. બીજા દિવસે, વિખ્યાત MOTr વેશનલ સ્પીકર ડો. પરેશ કારિયાના પ્રેરણાદાયક સત્રથી વિદ્યાર્થીઓને ઉત્સાહ અને દિશા મળી. કાર્યક્રમનો સમાપન યુનિવર્સિટીના ડીન્સ અને વિભાગ વડાઓ દ્વારા સ્મૃતિચિહ્ન પ્રસ્તુતિ, આભાર વિધિ અને ઔપચારિક સમાપન સાથે થયો. સંપૂર્ણ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓનો ઉત્સાહપૂર્વક સહભાગ અને ફેકલ્ટી-સ્ટાફની સમન્વિત મહેનતે "દિક્ષારંભ ૨૦૨૫" ને સફળ અને યાદગાર બનાવ્યો, અને રાય યુનિવર્સિટીમાં શૈક્ષણિક જીવનની મજબૂત શરૂઆત માટે પાયાનો પથ્થર મુક્યો.

# ૦૩ ઓગસ્ટ ૨૦૨૫ સુધી રેલવે ક્રોસિંગ નં. ૩૫ (વિરોચન નગર ફાટક) બંધ રહેશે

। અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદ મંડળના વિરોચન નગર–જખવાડા સ્ટેશનોની વચ્ચે આવેલ રેલવે ક્રોસિંગ નં. ૩૫ (વિરોચન નગર ફાટક) કિ.મી. ૫૪૧/૨૩-૨૫ પર સમારકામ અને જાળવણી કામગીરી માટે ૩૦ જુલાઈ ૨૦૨૫ના રોજ સવારે ૦૮:૦૦ વાગ્યાથી ૦૩ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સાંજે ૨૦:૦૦ વાગ્યા સુધી બંધ રહેશે. આ અવધિ દરમિયાન હલકાં વાહનો માટે લેવલ ક્રોસિંગ નં. ૩૨ (છારોડી રેલવે ફાટક) અને ભારે વાહનો માટે લેવલ ક્રોસિંગ નં. ૩૭ (સચાણા રેલવે ફાટક) દ્વારા અવરજવર કરી શકાશે.

# ઝાલોદ ડી.વાય.એસ.પી ડી.આર.પટેલના જન્મદિવસ પર પોલિસ પત્રકાર પરિવાર દ્વારા શુભેચ્છાઓ પાઠવવામા આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।




। (માહિતી) સૌરાષ્ટ્ર, તા.૨૮।

ઝાલોદ નગરના ડી.વાય.એસ.પી ડી.આર.પટેલ ઝાલોદ ડિવિઝનમાં ૨૮-૧૦-૨૦૨૨ થી ફરજ નિભાવી રહેલ છે. ઝાલોદ ડીવીઝનના ડી.વાય.એસ.પી હોવા છતાંય તેઓ અધિકારી છે તેવું વર્તન નગરજનો સાથે રાખેલ નથી નગરના દરેક સમાજ અને દરેક લોકો સાથે સૌહાર્દ જાળવી કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તેનું ધ્યાન રાખતા હતા. સામાન્ય નાગરિક સાથે પણ મૈત્રી તેમજ પારિવારિક સંબંધ કેળવી માનાવતાનુ ઉત્તમ ઉદાહરણ તેઓએ નગરમાં પૂરું પાડેલ હતું. નગરના લોકો પણ એવું જ ઈચ્છે છે આ સાહેબ સદાય ઝાલોદ નગરમાં જ રહી ઉચ્ચ હોદ્દાઓ પ્રાપ્ત કરે. તેમજ નગરમાં રહી પોલિસ અધિકારી તરીકેનો કાર્યકાળ પૂરો કરે.

ઝાલોદ ડી.વાય.એસ.પી ડી.આર.પટેલનો જન્મ ૨૯-૦૭-૧૯૭૭ ના રોજ થયેલ હતો તેઓને આજે ૪૮ વર્ષ પૂર્ણ થયેલ હતા.આજરોજ ડી.વાય.એસ.પી ડી.આર.પટેલના જન્મદિવસ નિમિતે આજરોજ પોલિસ પરિવાર અને પત્રકારો દ્વારા તેઓને જન્મદિવસ નિમિતે શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી. પોલિસ પરિવારની બહેનો દ્વારા જન્મદિવસ નિમિત્તે કુમકુમ ચાંદલો કરી આરતી ઉતારી તેઓના લાંબા આયુષ્ય તેમજ ખુશહાલ જીવન માટે પ્રાર્થના કરવામાં આવી હતી. પોલિસ પરિવાર તેમજ પત્રકારો દ્વારા મીઠાઈ ખવડાવી કેક કાપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. તેમજ નગરના હિત માટે સદાય કાર્યરત એવા ડી.વાય.એસ.પી સાહેબને ઉચ્ચ હોદ્દાઓ મળે તેવું કાર્ય નિરંતર કરતા રહે તે માટે તેઓ માટે ઉપસ્થિત સહુ લોકોએ ભગવાન પાસે પ્રાર્થના કરી હતી.

# હિન્દૂ બનીને યુવતીને પ્રેમજાળમાં ફસાવી શારીરિક શોષણ કરનારા હોમગાર્ડ જવાનની ધરપકડ

। અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદ પૂર્વ વિસ્તારમાં હિન્દૂ બનીને યુવતીને પ્રેમજાળમાં ફસાવીને શારીરિક શોષણ કરનારા હોમગાર્ડ જવાનની પોલીસે ધરપકડ કરી છે.

આરોપીએ પ્રેમ સંબંધ બનાવીને યુવતી સાથે બે વખત મૈત્રી કરાર પણ કર્યો હતો. આરોપીએ યુવતીને મુસ્લિમ ધર્મ સ્વીકારવા દબાણ કર્યું હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. અમરાઈવાડી પોલીસે દુષ્કર્મ,ધમકી અને એટ્રોસીટી હેઠળ ગુનો નોંધી એસસીએસટી સેલે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આરોપી શબાબ શેખ છેલ્લા ૪ વર્ષથી યુવતીને માનસિક ત્રાસ આપીને શારીરિક શોષણ કરતો હતો.૨૦૨૧માં યુવતી એક્ટિવા પર કમ્પ્યુટર કલાસીસમાં જઈ રહી હતી ત્યારે આરોપી હોમગાર્ડ જવાન શબાબે વાહન ચેકીંગના બહાને યુવતીનો મોબાઈલ નંબર મેળવીને તેની સાથે વાતચીત શરૂ કરી હતી.આરોપીએ સતીશ બનીને યુવતીને પ્રેમજાળમાં ફસાવી હતી. ૨૦૨૧માં જ યુવતી સાથે આરોપીએ મૈત્રી કરાર કર્યો હતો.પરંતુ યુવતીને તેના મુસ્લિમ હોવાની જાણ થતાં તેને સંબધ ખતમ કરી દીધો હતો. પરંતુ આરોપી તેનો પીછો કરતો હતો. જેથી આરોપીથી બચવા માટે યુવતીએ ૨૦૨૩માં સુરતના એક વ્યક્તિ સાથે સમાજિક રીતે લગ્ન કર્યા હતા.

યુવતીએ લગ્ન કર્યા હોવાની જાણ આરોપીને થતા તેને યુવતીના પતિને પ્રેમ સંબંધની જાણ કરી હતી.જેથી યુવતીના ૨ મહિનામાં જ છૂટા છેડા થઈ ગયા હતા. આરોપી સતત યુવતીને સંબંધ રાખવા માટે દબાણ કરતો હોવાથી યુવતીએ ૨૦૨૫માં ફરી મૈત્રી કરાર કરીને લીવ ઈન રિલેશનશિપ માં રહેવા જતા આરોપીએ ૨૦ દિવસ યુવતીને ગોંધી રાખીને ત્રાસ આપતા યુવતી ફરી માતા પિતાના ઘરે આવી ગઈ હતી.પરંતુ આરોપી હેરાન કરવાનું બંધ નહીં કરતા યુવતીએ અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે આરોપી શબાબ શેખ ૨૦૨૧માં મણિનગર પોલીસ સ્ટેશનમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવતો હતો.આરોપી પરિણીત છે અને તેને સંતાનો પણ છે. આરોપી પરિણીત હોવા છતાં યુવતીને પ્રેમજાળમાં ફસાવી હતી.યુવતીને મુસ્લિમ ધર્મ અંગીકાર કરીને અફસાના નામ રાખવા માટે દબાણ કરતો હતો.૨૩ જુલાઈના રોજ પણ યુવતી ઘરની બહાર નીકળી ત્યારે આરોપીએ બળજબરીથી તેને કારમાં બેસાડીને શારીરિક અડપલાં કર્યા હતા. જેથી યુવતીએ અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં આરોપી શબાબ શેખ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. અગાઉ પણ યુવતીએ હોમગાર્ડના ત્રાસથી કંટાળીને ૨ વખત અરજી પણ કરી હતી. અમરાઈવાડી પોલીસે યુવતીને લગ્નની લાલચ આપીને દુષ્કર્મ, ધમકી , અપહરણ અને એટ્રોસીટીની જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. હાલમાં કેસની તપાસ STSC સેલને સોપતા પોલીસે આરોપીની ધરપકડ કરીને લવ જેહાદ કેસમાં વધુ પૂછપરછ શરૂ કરી છે.

# ઝાલોદ તાલુકાના સંજેલી ક્રોસીંગ ખાતે મંદબુદ્ધિ મહિલા મળતા નીલમબેન વસૈયાએ અભયમને સોંપી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ તાલુકાના સંજેલી ક્રોસીંગ ખાતે થી ગુજરાત રાજ્ય બાપ પાર્ટી ઉપાધ્યક્ષ નીલમબેન વસૈયા ઝાલોદ આવી રહેલ હતા ત્યારે તેઓને મંદ બુદ્ધિની મહિલા મળી આવતા તેઓ તેને લઈ ઝાલોદ ઝાલા વસૈયા ચોક ખાતે આવી ગયેલ હતા ત્યારબાદ તેઓએ આ મહિલાની પૂછપરછ કરી તેની બાતમી મેળવવાની કોશિશ કરી હતી. આ મંદબુદ્ધિ મહિલા સાથે પૂછપરછ દરમ્યાન નીલમબેન વસૈયાને આ મંદબુદ્ધિ મહિલા અલગ અલગ ગામોના નામ બતાવી રહેલ હતી. બતાવેલ તમામ ગામોના આગેવાનોનો સંપર્ક કરવાની કોશિશ નીલમબેન વસૈયા દ્વારા કરવામાં આવી રહેલ હતી જેથી મહિલાને તેના પરિવારજનો સુધી પહોંચાડી શકાય. ત્યારબાદ આ મંદબુદ્ધિ મહિલા માટે નીલમબેન વસૈયા એ દાહોદ અભયમને કોલ કરતા તાત્કાલિક તેઓ સમય મુજબ ઝાલોદ આવી ગયેલ હતા. દાહોદ જિલ્લા અભયમની ટીમ અને નીલમબેન વસૈયાએ મંદબુદ્ધિ મહિલા સાથે વાતચીત કરતાં આ મહિલાનુ પિયર ઝાલોદ તાલુકાનુ ખાખરીયા ગામ માલુમ પડેલ હતું. ખાખરીયા ગામના સમાજ સેવી પ્રીત ડામોર તેમજ ઘોડિયા સરપંચ અવસર અડ સાથે વાતચીત કરતાં તેઓએ આ મંદબુદ્ધિ બેન ખાખરીયા ગામમા માતા ફળિયામાં રહેતા હોવાનું માલુમ પડેલ હતું. આ મંદબુદ્ધિ મહિલાના પરિવાર સંબંધી સાથે અભયમ ટીમ દ્વારા વાતચીત કરાતા સંતોષકારક જવાબ ન મળતાં આ મંદબુદ્ધિ મહિલાને અભયમની ટીમ દ્વારા દાહોદ ખાતે લઈ જવામાં આવેલ હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય. મહત્વના લોકો સાથે હળો-મળો ત્યારે તમારા આંખ-કાન ખુલ્લા રાખો-કેમ કે એવું કરવાથી તમને મહત્વની કોઈ વાત જાણવા મળી શકે છે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.



**કર્ક (ડ,હ) :**

આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. ઘરમાં કોઈક વિધી કરાવશો. સહકાર આપવાનો તમારો અભિગમ તથા વિશ્લેષણાત્મક કૌશલ્યની નોંધ લેવાશે. આજે તમે તમારી જાતને સ્પૉટલાઈટ હેઠળ મહેસૂસ કરશો.



**સિંહ (મ,ટ) :**

આજે તમારે તબિયત પર થોડું વધારે ધ્યાન આપવું પડશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે સ્વાસ્થ્યની દૃષ્ટિએ તમારા માટે સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.



**તુલા (ર,ત) :**

આજે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? મહેમાનોની સંગત માણવા માટે અદભુત દિવસ. તમારા સગાં-સંબંધીઓ સાથે કોઈક ખાસ યોજના ઘડો. તેઓ પણ આ બાબતને ચોક્કસ જ બિરદાવશે. આજે તમે કુદરતી સૌદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. આજે તમને જે ફાજલ સમય મળે તેનો લાભ લો અને તમારા પરિવારના સભ્યો સાથે પ્રેમભર્યો સમય વિતાવો.



**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો. સહ-કમર્મચારીઓ તથા વરિષ્ઠાનો સંપૂર્ણ સહકારને કારણે ઑફિસમાં કામ ગતિ પકડશે.



**મકર (ખ,જ) :**

આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશે પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. પરિવારના સભ્યો તમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે કશુંક રસપ્રદ વિચારીને માનસિક વ્યાયામ કરો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. તમારા બૉસ અથવા વરિષ્ઠોને તમારા ઘરે આમંત્રવા માટે સારો દિવસ નથી.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારૂં કોઈ એક સૌથી પ્રિય સપનું સાકાર થવાની શક્યતાઓ છે પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### ચીન, USની મધ્યસ્થીથી થાઈલેન્ડ અને કમ્બોડિયા વચ્ચે શસ્ત્રવિરામની જાહેરાત

। (એજન્સી) નોમ પેન્હ, તા.૨૯ ।

કંબોડિયાના વડાપ્રધાન હુન માનેટે થાઈલેન્ડની સાથે ચાલી રહેલા સરહદ વિવાદમાં છેવટે શસ્ત્રવિરામની જાહેરાત કરી છે. આ સાથે વડાપ્રધાન હુન માનેટનું કહેવુ છે કે, બંને દેશોની વચ્ચે તણાવને ઓછો કરવા માટે તાત્કાલિક યુદ્ધ રોકવાની આશા છે. આ પહેલા, ચીન અને અમેરિકાએ પણ શસ્ત્રવિરામમાં મધ્યસ્થતા કરી છે. બંને દેશોની વચ્ચે મલેશિયાની રાજધાની કુઆલાલમ્પુરમાં શાંતિ સંવાદ થયો હતો. આ બેઠકમાં થાઈલેન્ડ તરફથી કાર્યકારી વડાપ્રધાન ફુમથમ વેચાયાચાઈ અને કંબોડિયા તરફથી વડાપ્રધાન હુન માનેટે ભાગ લીધો હતો. આ બેઠકની અધ્યક્ષતા મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ કરી કરી હતી. ઉલ્લેખનીય છે કે, બંને દેશોની વચ્ચે સરહદ વિવાદને પગલે તાજેતરના દિવસોમાં સરહદ પર ઘર્ષણ થયું હતું, જેમાં ૩૩ લોકોના મોત થયા છે. મૃતકોમાં મોટાભાગના સામાન્ય નાગરિકો છે. મલેશિયા હાલમાં દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોના સંગઠન આસિયાનનું નેતૃત્વ કરી રહ્યું છે. મલેશિયાએ બંને દેશોને વાતચીત માટે ટેબલ પર બોલાવ્યા છે.અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે કહ્યું હતું કે થાઈલેન્ડ અને કંબોડિયાની વચ્ચેના સંઘર્ષનો ઉકેલ લાવવાનું કામ તેમના માટે સરળ છે, કારણ કે તેમણે આ પહેલા ભારત-પાકિસ્તાનની વચ્ચે પણ વિવાદને ઉકેલ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુરોપિયન યુનિયનના વડા ઉર્સુલા વોન ડેર લેયન સાથેની મુલાકાતમાં કહ્યું હતું કે તેમણે થાઈલેન્ડ અને કંબોડિયાને ચેતવણી આપી છે કે જો યુદ્ધ અટકાવ્યું નહીં તો અમેરિકા વ્યાપારિક કરાર કરશે નહીં.આ પહેલા ટ્રમ્પે શનિવારે દાવો કર્યો હતો કે થાઈલેન્ડ અને કંબોડિયાના નેતાઓએ તરત શસ્ત્રવિરામ માટેની વાતચીત પર સહમતી આપી દીધી છે. આ યુદ્ધ મને ભારત-પાકિસ્તાનના ટકરાવની યાદ અપાવે છે, જે અમે રોકવામાં સફળ રહ્યા હતા.બીજી તરફ, થાઈલેન્ડના વડાપ્રધાન ફુમથમે ટ્રમ્પનો આભાર વ્યક્ત કરીને કહ્યું હતું કે થાઈલેન્ડ શસ્ત્રવિરામ માટે તૈયાર છે, પરંતુ આ માટે કંબોડિયાએ પણ ગંભીર થવું જરુરી છે.

### ગાઝા પર ઇઝરાયેલનો ભીષણ હુમલો : ૩૪ પેલેસ્ટેનિયનોનાં મોત

। (એજન્સી) દેઇર અલ-બલાહ, તા.૨૯ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે ગાઝામાં સંકટ દિવસેને દિવસે વધુ ઘેરું બની રહ્યું છે. ઈઝરાયેલના તાજેતરના હુમલામાં ગાઝામાં ૩૬ પેલેસ્ટિનિયનોના મોત થયા છે. મૃતકોમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ છે. સ્થાનિક આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું કે, ઈઝરાયેલે પ્રદેશમાં વધતી જતી માનવતાવાદી કટોકટીના સંદર્ભમાં સહાય પ્રતિબંધો હળવા કર્યાના એક દિવસ પછી મોટો હુમલો કર્યો હતો. ઈઝરાયેલી સેનાએ કહ્યું હતું કે ગાઝા સિટી, દેઈર અલ-બલાહ અને મુવાસી વિસ્તારોમાં દરરોજ સવારે ૧૦ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધી લશ્કરી કાર્યવાહી બંધ કરવામાં આવશે. તેનો હેતુ ભૂખ્યા લોકોને સલામત માર્ગો દ્વારા રાહત સામગ્રી પહોંચાડવાનો હતો. જોકે, ઈઝરાયલે એ પણ સ્પષ્ટ કર્યુ હતું કે તે લશ્કરી કાર્યવાહી સંપૂર્ણપણે બંધ કરશે નહીં. સોમવારે થયેલા હુમલાઓ એ જ ૧૦ કલાકના રાહત સમયગાળાની બહાર કરવામાં આવ્યા હતા. આ અંગે ઈઝરાયલી સેના તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. ગાઝામાં પરિસ્થિતિ દિવસેને દિવસે વધુ ભયાનક બની રહી છે.

### ૨ સપ્ટેમ્બરથી અમલ કરવામાં આવશે

# US નોન-ઈમિગ્રન્ટ વિઝા માટેના ઈન્ટરવ્યૂના નિયમમાં ફેરફાર થશે

### ૧૪થી ઓછી અને ૭૯થી વધુ વર્ષના અરજદારોએ ફરજિયાત કોન્સ્યુલર ઈન્ટરવ્યૂમાંથી પસાર થવું પડશે

। (એજન્સી) વોશિંગ્ટન ડીસી, તા.૨૯ ।




અમેરિકાના પ્રમુખ પદે બીજી વખતની સત્તા સંભાળ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે ઈમિગ્રેશન મુદ્દે આકરી નીતિઓનું અમલીકરણ શરૂ કર્યું છે. ટ્રમ્પના આ વલણને પગલે સ્ટુડન્ટ વિઝા સહિતના નોન-ઈમિગ્રન્ટ વિઝાના ભારત સહિત વિશ્વના અન્ય દેશોના અરજદારોની મુશ્કેલીઓમાં વધારો થયો છે. અમેરિકન વિદેશ વિભાગે નોન-ઈમિગ્રન્ટ વિઝા માટે અપાતી ઈન્ટરવ્યૂ માફીના પ્રોગ્રામમાં કેટલાંક ફેરફાર કર્યા છે. આગામી ૨ સપ્ટેમ્બરથી અમલી બનનારા આ ફેરફારને પગલે નોન-ઈમિગ્રન્ટ વિઝાના ૧૪થી ઓછી અને ૭૯થી વધુ વર્ષના બહુમતિ અરજદારોએ ફરજિયાત કોન્સ્યુલર ઈન્ટરવ્યૂઝમાંથી પસાર થવું પડશે. આ ફેરફારોને કારણે વિઝા માટેની એપોઈન્ટમેન્ટ્સમાં વિલંબ થશે. નોન ઈમિગ્રન્ટ વિઝા શ્રેણીમાં બિઝનેસ વિઝા (B-1/B-2), સ્ટુડન્ટ વિઝા (F અને M), વર્ક વિઝા (H-1B), એક્સચેન્જ વિઝા (J) તથા ડિપ્લોમેટિક વિઝ (A અને G)નો સમાવેશ થાય છે.હ્યુસ્ટન સ્થિત ઈમિગ્રેશન બાબતોના વકીલ સ્ટીવન બ્રાઉને નવા નિયમો અંગે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, સત્તાવાળાઓ મોટાભાગની વિઝા કેટેગરીઝ માટે ડ્રોપબોક્સ (ઈન્ટરવ્યૂમાંથી મુક્તિ)ની વ્યવસ્થા હટાવી દેવા માગતા હોય તેમ જણાઈ રહ્યું છે. આમ થવાને કારણે વિઝાની એપોઈન્ટમેન્ટ્સમાં વધુ વિલંબ થશે. એટલું જ નહીં બાળકોના ઈન્ટરવ્યૂ લેવાની બાબત તો તદન વાહિયાત છે તેમ તેમણે ઉમેર્યું હતું. નવી માર્ગદર્શિકા અનુસાર, ઈન્ટરવ્યૂમાંથી મુક્તિ મળી હોય તેમ છતાં કોન્સ્યુલરના અધિકારીને જરૂરી જણાય તો તે અરજદારને ઈન્ટરવ્યૂ માટે બોલાવી શકે છે. આ નવી નીતિથી ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ઈન્ટરવ્યૂ વેઈવર માટે જારી કરાયેલી અપડેટ રદ થઈ છે. યુએસ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ(USCIS)ના જણાવ્યાં અનુસાર, કોન્સ્યુલરના અધિકારી વ્યક્તિગત ધોરણે કોઈ પણ કારણસર વિઝા માટે અરજી કરનારા અરજદારોને રૂબરૂ ઈન્ટરવ્યૂમાં હાજર થવા કહી શકે છે. અરજદારોએ વિઝા અરજી માટેની જરૂરિયાતો અને પ્રક્રિયા માટે એમ્બેસી અને કોન્સ્યુલેટની વેબસાઈટ પર અપાયેલી માહિતીનો અભ્યાસ કરવો જોઈએ. અમેરિકાના વિદેશ વિભાગ અનુસાર, અમેરિકાનો વિઝા મળે એટલે અમેરિકામાં પ્રવેશ મળશે તેની ગેરન્ટી નથી. વિઝાધારકને અમેરિકામાં પ્રવેશ આપવો કે નહીં તેનો અંતિમ નિર્ણય એરપોર્ટ પર અમેરિકાના કસ્ટમ્સ એન્ડ બોર્ડ પ્રોટેક્શન (સીબીપી) અધિકારીઓના હાથમાં હોય છે. જો કોઈ પ્રવાસી બિનઅધિકૃત હેતુથી અમેરિકામાં પ્રવેશ કરવાનો પ્રયાસ કરે તેમ અધિકારીને લાગે તો તેનો પ્રવેશ અટકાવી શકે છે. શંકાસ્પદ ઈરાદાઓને પગલે તમને અમેરિકામાં પ્રવેશતા અટકાવી શકાય છે. વિઝાધારકને અમેરિકામાં પ્રવેશ આપવો કે નહીં તેનો અંતિમ નિર્ણય એરપોર્ટ પર અમેરિકાના કસ્ટમ્સ એન્ડ બોર્ડ પ્રોટેક્શન (સીબીપી) અધિકારીઓના હાથમાં હોય છે. જો કોઈ પ્રવાસી બિનઅધિકૃત હેતુથી અમેરિકામાં પ્રવેશ કરવાનો પ્રયાસ કરે તેમ અધિકારીને લાગે તો તેનો પ્રવેશ અટકાવી શકે છે. શંકાસ્પદ ઈરાદાઓને પગલે તમને અમેરિકામાં પ્રવેશતા અટકાવી શકાય છે.

### ઇસરો-નાસાએ સંયુક્ત રીતે વિકસાવેલો નિસાર સેટેલાઇટ ૩૦મીએ લોન્ચ થશે

। (એજન્સી) ચેન્નાઈ, તા.૨૯ ।

વિશ્વના વિવિધ ભાગોમાં સશસ્ત્ર સંઘર્ષ ચાલી રહ્યો છે. વૈશ્વિક વ્યૂહાત્મક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને દરેક નાના-મોટા દેશ પોતાની સંરક્ષણ પ્રણાલીને મજબૂત બનાવવામાં વ્યસ્ત છે. આ દરમિયાન ભારતીય અવકાશ સંશોધન સંગઠન ઈસરો અને અમેરિકાની નાસાએ સંયુક્ત રીતે NISAR ઉપગ્રહ (NASA-ISRO સિન્થેટિક એપર્ચર રડાર) વિકસાવ્યો છે, જેને ૩૦ જુલાઈ ૨૦૨૫ના રોજ લોન્ચ કરવામાં આવશે. ઈસરોના અધ્યક્ષ અને અવકાશ વિભાગના સચિવ ડૉ. વી. નારાયણનના જણાવ્યા અનુસાર આ ઉપગ્રહને ભારતીય નિર્મિત GSLV-F16 રોકેટ દ્વારા ૭૪૦ કિમીની ઊંચાઈએ ભ્રમણકક્ષામાં સ્થાપિત કરવામાં આવશે.

### મારી મધ્યસ્થીને કારણે છ યુદ્ધ બંધ થયાં : ટ્રમ્પ

## હું ના હોત તો ભારત-પાક. વચ્ચે હજી લડાઈ ચાલતી હોત : ટ્રમ્પ

। (એજન્સી) લંડન, તા.૨૯ ।

ભારતે વારંવાર ભારપૂર્વક કરેલાં ઈનકાર છતાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ કરાવ્યાનો જશ લેવાનો પ્રયાસ કરવાનો એક પણ મોકો ચૂકતા નથી. સોમવારે ટ્રમ્પે ફરી દાવો કર્યો હતો કે, જો મેં મધ્યસ્થી ના કરી હોત અને વેપાર બંધ કરવાની ધમકી ના આપી હોત તો ભારત અને પાકિસ્તાન વચ્ચેની લડાઈ હજી પણ ચાલુ હોત.સ્કોટલેન્ડમાં બ્રિટિશ વડાપ્રધાન કીઅર સ્ટાર્મરની સાથે મીડિયાને સંબોધતાં ટ્રમ્પે ભારત-પાકિસ્તાન સહિત કુલ છ યુદ્ધ બંધ કરાવ્યા હોવાનો જશ લીધો હતો. હમાસ સાથેની સીઝફાયરની મંત્રણા પડી ભાંગવા અંગેના એક સવાલના જવાબમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે, અમે અનેક યુદ્ધવિરામ કરાવી રહ્યાં છીએ. જો હું ના હોત હાલમાં ભારત અને પાકિસ્તાન પણ એકબીજા સાથે લડી રહ્યાં હોત. આ ઉપરાંત અન્ય છ સ્થળોએ ચાલતાં યુદ્ધો પણ અટક્યાં નહોત. ઘણાં દેશો એકબીજા સાથે લડી રહ્યાં હતાં, મારે મતે તેમાં સૌથી ગંભીર અને મોટું યુદ્ધ ભારત અને પાકિસ્તાન વચ્ચેનું હતું. કારણકે બંને ન્યુક્લિયર ક્ષમતા ધરાવતા દેશો છે. હું ભારત અને પાકિસ્તાન એ બંને દેશોના નેતાઓને સારી રીતે જાણું છું. તેઓ સાથે વેપાર કરારની પ્રક્રિયા ચાલી રહી હોવા છતાં તેઓ પરમાણુ શસ્ત્રોના ઉપયોગની વાતો કરી રહ્યાં હતાં. જે તદન અયોગ્ય છે. આથી જ મેં તેમને કહ્યું કે, હું તમારી સાથે ટ્રેડ ડીલ નહીં કરું.

### ઝારખંડમાં ભીષણ અકસ્માત : કાવડ યાત્રીઓની બસ ટ્રક સાથે અથડાઈ

। (એજન્સી) દેવઘર, તા.૨૯ ।

આજે મંગળવારની વહેલી સવારે ઝારખંડના દેવઘરમાં એક ભીષણ માર્ગ અકસ્માત સર્જાયો હતો. કાવડ યાત્રીઓને લઈને જઈ રહેલી બસ ટ્રક વચ્ચે અથડાઈ હતી.અહેવાલો મુજબ આ ઘટનામાં ૬ લોકોના મોત થયા છે અને ૩૦ ઘાયલ થયા છે. ભારતીય જનતા પાર્ટીના સાંસદ નિશિકાંત દુબેએ આપેલી માહિતી મુજબ આ ઘટનામાં ૧૮ કાવડ યાત્રીઓના મોત થયા છે.અહેવાલ મુજબ આ અકસ્માત આજે સવારે ૭ વાગ્યાના અરસામાં ઝારખંડના દેવઘર-બાસુકીનાથ હાઈવે પર જમુનિયા ચોક પાસે બન્યો હતો. બસ બિહારથી કાવડ યાત્રીઓને લઈને બાબ વૈદ્યનાથ તરફ જઈ રહી હતી. ટ્રક સાથે અથડાતા બસનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

### બિહારમાં મતદાર યાદીના પ્રકાશન પર વચગાળાનો સ્ટે નહીં : સુપ્રીમ કોર્ટ




। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

બિહારમાં મતદાર યાદી સુધારણા ફેરતપાસની પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ થઈ છે. ચૂંટણી પંચે બિહારની ડ્રાફ્ટ મતદાર યાદી પણ તૈયાર કરી છે જેને ૧લી ઓગસ્ટે પ્રકાશિત કરવા સામે વચગાળાનો સ્ટે નહીં આપવા સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું છે. આ સાથે જ સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને આધાર કાર્ડ તથા વોટર આઈડી સ્વીકારવાનો પણ આદેશ આપ્યો છે. બિહારમાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)નો પ્રથમ તબક્કો ૨૫ જુલાઈએ પૂર્ણ થયો છે અને ૯૨ ટકા મતદારોએ ફોર્મ પરત કર્યા હોવાનો દાવો ચૂંટણી પંચે કર્યો છે. ચૂંટણી પંચની એસઆઈઆર વિરુદ્ધની તમામ અરજીઓ પર સુપ્રીમ કોર્ટ એકસાથે નિર્ણય કરશે.એસઆઈઆર કવાયત માટે આધાર કાર્ડ અને વોટર આઈડી સ્વીકારવાનું ચાલુ રાખવા ચૂંટણી પંચને નિર્દેશ આપતા જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની પીઠે કહ્યું કે, આ બંને દસ્તાવેજો 'વિશ્વસનીયતાની ધારણા' ધરાવે છે. રેશન કાર્ડનો પ્રશ્ન છે ત્યાં સુધી તે સરળતાથી બોગસ ઉભું કરી શકાય છે.આ કેસમાં ફાઈનલ હીયરિંગ માટે ૨૯મી જુલાઈએ નિર્ણય કરાશે તેમ બેન્ચે કહ્યું હતું. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ એનજીઓ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણે ૧ ઓગસ્ટે ડ્રાફ્ટ યાદીને જાહેર કરવા પર વચાગાળના સ્ટેનો આગ્રહ રાખતા કોર્ટને જણાવ્યું કે, મતદાર યાદીને વચગાળાના સમયમાં અંતિમ સ્વરૂપ આપવું જોઈએ નહીં. કોર્ટે ચૂંટણી પંચના નિવેનદની નોંધ લીધી હતી જેમાં ડ્રાફ્ટ યાદી બાદ પણ મતદારો પોતાનું ફોર્મ જમા કરાવી શકશે તેમ જણાવાયું હતું. આ મુદ્દે સુપ્રીમે ટકોર કરતા કહ્યું કે, કોર્ટની શક્તિને નબળી ના આંકવી જોઈએ. કોર્ટ તમારી રજૂઆત સાથે સંમત થાય છે.

### ટ્રમ્પ અને ઉર્સુલા દ્વારા ટ્રેડ ડીલની જાહેરાત

## EU સાથે ટ્રેડ ડીલમાં ટ્રમ્પનું ધાર્યું થયું, યુરોપ પાસેથી ૧૫ ટકા ટેરિફ વસૂલશે

### અમેરિકાના બજારમાં યુરોપની કારો પર ટ્રમ્પના શાસનમાં ૨૭.૫ ટકા ટેરિફ લેવાય છે, જે અગાઉ બાઈડનના સમયમાં માત્ર ૨.૫ ટકા હતી

। (એજન્સી) લંડન, તા.૨૯ ।



યુએસ અને યુરોપિયન સંઘ વચ્ચે ટ્રેડ ડીલને આખરી ઓપ અપાઈ ગયો હોવાનો દાવો યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉરસુલા વોન ડેર લેન દ્વારા થયો છે. આ ડીલ અંતર્ગત અમેરિકા દ્વારા યુરોપિયન સંઘના સામાન પર ૧૫ ટકા બેઝલાઈન ટેરિફ વસૂલાશે, જ્યારે સંખ્યાબંધ અમેરિકી નિકાસ પર ઝીરો ટેરિફ લાગુ થશે. ઈ સાથેની આ ટ્રેડ ડીલમાં ટ્રમ્પનું ધાર્યું થયું હોવાની લાગણી સાથે યુરોપમાં રોજગારી-મોંઘવારીની સ્થિતિ ચિંતાજનક બનવાની આશંકા સેવાઈ રહી છે. સ્કોટલેન્ડ ખાતે સંયુક્ત પત્રકાર પરિષદમાં ટ્રમ્પ અને ઉરસુલા દ્વારા આ ટ્રેડ ડીલની જાહેરાત થઈ હતી. બંને નેતાઓએ આ ડીલને ટ્રેડ બેલેન્સ પુનઃસ્થાપિત કરવાની દિશામાં પ્રથમ પગલું ગણાવ્યું છે. બંને પક્ષના અર્થતંત્રને નવા કરારથી લાભ થવાની આશા વ્યક્ત કરાઈ છે. જો કે વાસ્તવિકતા ઘણી અલગ હોવાની લાગણી યુરોપના દેશોમાં બળવત્તર બની છે. કારણ કે, અમેરિકાએ યુરોપના સામાન પર બેઝલાઈન ટેરિફ ૧૫ ટકા રાખી છે, જ્યારે અમેરિકાની સ્ટ્રેટેજિક અમેરિકન એક્સપોર્ટ પર ઝીરો ટેરિફ લાગુ થશે. આ ઉપરાંત યુરોપિયન દેશોએ અમેરિકા પાસેથી ૭૫૦ અબજ ડોલરની ખરીદી કરવાનું અને અમેરિકામાં ૬૦૦ અબજ ડોલરનું રોકાણ કરવાની ખાતરી આપી છે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે, આ કરારથી અમેરિકન કારને યુરોપના બજારમાં ફરી પ્રવેશ મળશે અને અમેરિકાની કૃષિ પેદાશો માટે યુરોપિયન સંઘના બજારો વધુ સુગમ બનશે. ફાર્માસ્યુટિકિલ્સને ટ્રેડ એગ્રીમેન્ટમાંથી બાકાત રખાયું છે અને સ્ટીલ-એલ્યુમિનિયમ પરની ૫૦ ટકા ટેરિફ અમેરિકાએ યથાવત રાખી છે. ટ્રમ્પના દાવાથી વિપરિત ઉરસુલા વોન ડેર લેને જણાવ્યું હતું કે ફાર્માસ્યુટિકલ્સ પર ૧૫ ટકા ટેરિફ લાદવા બંને પક્ષ સંમત થયા છે.અમેરિકાના બજારમાં યુરોપની કારો પર ટ્રમ્પના શાસનમાં ૨૭.૫ ટકા ટેરિફ લેવાય છે, જે અગાઉ બાઈડનના સમયમાં માત્ર ૨.૫ ટકા હતી. નવા કરારમાં ટેરિફનો દર ૧૫ ટકા થયો છે. યુરોપિયન પાર્લામેન્ટની ઈન્ટરનેશનલ ટ્રેડ કમિટીના વડા બ્રેન્ડ લેન્ગના મતે અમેરિકા સાથેની ડીલ સહેજ પણ સંતોષકારક નથી. તેના કારણે અસમાનતા વધવાની છે. યુરોપીયન દેશોના અર્થતંત્રમાં અસ્થિરતા આવવાની અને રોજગારીની તકો ઘટવાની આશંકા પણ તેમણે વ્યક્ત કરી હતી.

### તપાસમાં સામેલ શા માટે થયા?, રિપોર્ટ આવે તેની રાહ શા માટે જોઈ: સુપ્રીમ કોર્ટ

। નવી દિલ્હી, તા.૨૯ ।

સુપ્રીમ કોર્ટે સોમવારે અલ્હાબાદ હાઈકોર્ટના જજ જસ્ટિસ યશવંત વર્માએ ઈન હાઉસ તપાસ સમિતિના રિપોર્ટ સામે કરેલી અરજીને લઈને પ્રશ્નો કર્યા હતા. જસ્ટિસ વર્માના ઘરમાંથી બળેલી ચલણી નોટોનો મોટાપાયે જથ્થો પકડાયો હતો. આ સંદર્ભે તત્કાલિન ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા સંજીવ ખન્નાએ સમિતિ રચીને અહેવાલ તૈયાર કરવા જણાવ્યું હતું. સુપ્રીમ કોર્ટે વર્માના વકીલને સવાલ પૂછ્યો હતો કે, તમે આ તપાસ પ્રક્રિયામાં ભાગ લીધો હતો તો તેના પર પ્રશ્ન શા માટે ઉઠાવી રહ્યા છો. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ દીપાંકર દત્તા અને એ જી મસિહની ખંડપીઠે સણસણતા સવાલો કર્યા હતા કે તમે સમિતિની તપાસ પૂર્ણ થવાની અને રિપોર્ટ રજૂ થાય તેની રાહ શા માટે જોઈ. તપાસ સમિતિ સમક્ષ હાજર શા માટે થયા હતા? જસ્ટિસ વર્માના પક્ષે હાજર વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલને કોર્ટે પૂછ્યું કે, શું તમે તપાસ સમિતિ તરફથી તમારી તરફેણમાં ઓર્ડર આવે તેમ ઈચ્છતા હતા. સિબ્બલે જણાવ્યું કે, સમિતિ સમક્ષ હાજર રહેવાથી તેમની વિરુદ્ધ ગુનો નોંધી શકાય નહીં. મને લાગ્યું કે સમિતિ રોકડ કોની છે તે શોધી કાઢશે. જસ્ટિસ વર્માએ કરેલી અરજીમાં તેમની ઓળખ જાહેર નથી કરી અને તેને XXX વિ. ધ યુનિયન ઓફ ઈન્ડિયા તરીકે નામ આપ્યું છે. સુપ્રીમની બેન્ચે જસ્ટિસ વર્માની અરજીમાં દર્શાવાયેલા પક્ષકારો અંગે સવાલ કરતા જણાવ્યું કે, અરજી સાથે ઈન હાઉસ કમિટી રિપોર્ટ પણ રજૂ કરવાની જરૂર હતી.

## વિશેષ

### ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષ પૂર્ણ થવા અવસરે ગુજરાત જ ૭૫ ડિઝાઈનની થીમ પર આકર્ષક લોગો તૈયાર કરી ૩ લાખનું ઈનામ મેળવવાની નાગરિકોને અમૂલ્ય તક

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે લોગો માટેની રાષ્ટ્રીય સ્પર્ધામાં નામાંકનનો ઈ-પ્રારંભ કરાવ્યો

### સ્પર્ધામાં લોકોની સહભાગીતા વધારીને લોકો દ્વારા પ્રાપ્ત થયેલા લોગો થકી આગવી ઓળખ દ્વારા ગુજરાતના ૭૫ વર્ષની ઉજવણીમાં પોતીકાપણું સુનિશ્ચિત કરવાનો ધ્યેય

। માહિતી, અમદાવાદ, તા.૨૯ ।

ગુજરાતની સ્થાપનાના ગૌરવશાળી ૭૫ વર્ષ ૨૦૩૫માં પૂર્ણ થવાના છે. આવા ઐતિહાસિક પ્રસંગની ઉજવણી રૂપે, ગુજરાત સરકારે MyGovindia પ્લેટફોર્મ પર રાષ્ટ્રીય સ્તરે લોગો ડિઝાઈન સ્પર્ધાનું આયોજન કરવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાતના ૭૫ વર્ષની આ ભવ્ય યાત્રાના પ્રતીકરૂપે સર્જનાત્મક અને અર્થપૂર્ણ 'લોગો' મંગાવી, તેને રાજ્યના આર્થિક નેતૃત્વ, ટેક્નોલોજીકલ પ્રગતિ, સાંસ્કૃતિક પ્રભુતા અને લોકકેન્દ્રિત શાસનને ઉજાગર કરવાનો શુભ આશય આ સ્પર્ધામાં રહેલો છે.

મુખ્યમં ૭ી શ્રી અ સર્જનાત્મકતાની અભિવ્યક્તિના આગવા અવસર સમાન આ લોગો ડિઝાઈન માટેની રાષ્ટ્રીય સ્પર્ધામાં નામાંકનનો Mygov.in પ્લેટફોર્મ પર પ્રારંભ કરાવ્યો હતો. દેશભરમાંથી નાગરિકો પોતે ડિઝાઈન કરેલા લોગો તા. ૨૮ જુલાઈ થી ૧૪ ઓગસ્ટ દરમિયાન Mygov.in ની https://www.mygov.in/task/guja®a75-years-logo-compªition/ લિંક પર સબમીટ કરી શકશે.

આ રાષ્ટ્રીય સ્પર્ધામાં પસંદગી પામનાર લોગોને રૂપિયા ૩ લાખનો પુરસ્કાર તેમજ પ્રથમ પાંચ સ્પર્ધકોને મુખ્યમંત્રીશ્રીના હસ્તે સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે.

ગુજરાત@75 વાઈબ્રન્ટ હેરીટેજ, વિઝનરી ફ્યુચરની થીમ સાથે યોજાનારી ગુજરાતજ૭૫ લોગો સ્પર્ધામાં લોકોની સહભાગિતા વધારીને તથા લોકોમાંથી જ પ્રાપ્ત થયેલા લોગો થકી એક આગવી ઓળખ ઊભી કરીને ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષના ઉત્સવમાં પોતીકાપણું સુનિશ્ચિત કરવાનો ભાવ અભિપ્રેત છે. ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિ, ગૌરવશાળી



ઈતિહાસ અને અદભુત વારસા સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે જે વાઈબ્રન્ટ વિકાસ કર્યો છે તેની અભિવ્યક્તિ આ લોગોમાં સ્પર્ધકો ડિઝાઈન કરીને સબમીટ કરી શકશે. સ્પર્ધાના અન્ય નિયમો અને જાણકારી Mygov.in પર ઉપલબ્ધ કરવામાં આવેલા છે. આ પહેલ ગુજરાતની સ્થાપનાના ૭૫માં વર્ષની ઉજવણીને જનભાગીદારીથી સર્વ-સમાવેશક અને સર્વવ્યાપી બનાવવાનો એક નવીન પ્રયાસ છે. એટલું જ નહિં, આ સ્પર્ધા દ્વારા નાગરિકો ગુજરાતના વારસા, પરંપરા અને સંસ્કૃતિ સાથે જોડાઈ શકશે અને વિજેતા થયેલ લોગો Guja®a@75 માટે એક આગવું ગૌરવ, આગવી ઓળખ અને વિશેષતા બની રહેશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાષ્ટ્રીય સ્પર્ધા માટેના નામાંકનનો ઈ-પ્રારંભ કરાવ્યો તે વેળાએ મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર શ્રી ડૉ.હસમુખ અઢિયા, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે.દાસ, સલાહકાર શ્રી એસ. એસ. રાઠૌર, અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, સચિવ ડૉ. વિક્રાંત પાંડે અને વરિષ્ઠ સચિવશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાષ્ટ્રીય સ્પર્ધા માટેના નામાંકનનો ઈ-પ્રારંભ કરાવ્યો તે વેળાએ મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર શ્રી ડૉ.હસમુખ અઢિયા, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે.દાસ, સલાહકાર શ્રી એસ. એસ. રાઠૌર, અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, સચિવ ડૉ. વિક્રાંત પાંડે અને વરિષ્ઠ સચિવશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઇડર વલાસણા હાઈવે રોડ પર અકસ્માત સર્જાયો

। (એજન્સી) ઇડર,તા.૨૯ ।

વાહનોની ઓવર સ્પીડ એ રોડ અકસ્માતોનું મુખ્ય કારણ બને છે અને લોકો મોતને ભેટે છે, તેવી જ એક રોડ અકસ્માતની ઘટના સામે આવી છે. સાબરકાંઠાના ઈડરમાં રોડ અકસ્માતમાં બાઈક ચાલકનું ઓવર સ્પીડના કારણે સ્ટોરીંગ પરનો કાબૂ ગુમાવી દેતાં હવામાં ફંગોળાયો હતો અને ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે. ઈડર વલાસણા હાઈવે રોડ પર આ અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતની ઘટનાના દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. ઈડરના ઉમિયા પરિવાર નજીક બાઈક ચાલકને અકસ્માત નડ્યો હતો. ઓવર સ્પીડમાં હોવાના કારણે બાઈક ચાલક હવામાં ફંગોળાયો હતો. ઓવર સ્પીડના કારણે બાઈક ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા મોતને ભેટ્યો છે. પુરપાટ ઝડપની મજામાં બાઈક ચાલકનું મોત થયું છે. અકસ્માતને પગલે ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યાં હતા. આ ઘટના અંગેની જાણ ૧૦૮ તથા પોલીસને કરવામાં આવતાં ઈમરજન્સી એમ્બ્યુલન્સ ૧૦૮ની ટીમ સહિત પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની તપાસ કરી આ અજાણ્યો યુવક કોણ અને ક્યાંનો છે તે અંગે કાર્યવાહી શરૂ કરાઈ છે. પરિવારને સંપર્ક કરાયા બાદ પોસ્ટમોર્ટમની તજવીજ હાથ ધરવામાં આવશે. આ પહેલા પણ સાબરકાંઠામાં એક રોડ એક્સિડન્ટ થયો હતો. જેના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા હતા. સાબરકાંઠાના સહકારી જીન છાપરીયા રોડ પાસે આવેલા અનંતેશ્વર મહાદેવ પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

# બમણી આવકની વાતો વચ્ચે ગુજરાતનાં ખેડૂતો દેવાના ડુંગર તળે દબાયા

। અમદાવાદ, તા.૨૯ ।

સમૃદ્ધ ખેડૂત-સમૃદ્ધ ગુજરાતના સૂત્રો પોકારવામાં આવી રહ્યાં છે. એટલુ જ નહીં ખેડૂતોની આવક બમણી થશે, તેવુ રાજ્ય અને કેન્દ્ર સરકાર ડિંગો હાંકી રહી છે, ત્યારે ખેતી બચાવવા ખેડૂતો દેવું કરવા મજબૂર બન્યાં છે. ખુદ કેન્દ્ર સરકારે જ ઘટસ્ફોટ કર્યો છે કે, ગુજરાતમાં ખેડૂતોએ ૨૧મી જુલાઈ ૨૦૨૫ સુધીમાં ૧,૪૪,૩૩૦ કરોડ રૂપિયાની બેન્ક લોન લીધી છે. આ પરથી એ વાત પ્રસ્થાપિત થઈ છે કે, જગતનો તાત દેવાના ડુંગર તળે દબાઈ રહ્યો છે.ગુજરાતમાં ખેડૂતોની આર્થિક રીતે બેહાલ થયાં છે કેમ કે, હવે ખેતી કરવી મોંઘી બની છે. ખાતર, જંતુનાશક દવાથી માંડીને ખેતમજૂરીના ભાવો વધ્યાં છે. સિઝનમાં અથાગ મહેનત કર્યા પછી પણ જે પાક ઉત્પાદન થાય તે બજાર કે એપીએમસીમાં પહોંચે ત્યારે ખેડૂતોને પુરતા ભાવ સુદ્ધા મળતા નથી. ખેડૂતોની એવી દશા છે કે, ખેતી ખાતર બચાવવા બેન્કો પાસેથી લોન લેવી પડે છે. પરિસ્થિતી એવી નિર્માણ થઈ છે કે, ખેતી ખર્ચ વધ્યો છે, પરંતુ ખેત ઉત્પાદનના ભાવ વધ્યાં નથી. તેમાંય ચોમાસામાં ભારે વરસાદથી ખેતીને મોટાપાયે નુકશાન થાય તે અલગ.લોકસભામાં રજૂ થયેલાં રિપોર્ટ અનુસાર, બમણી આવકની ડિંગો હાંકવામાં આવી રહી છે, ત્યારે ગુજરાતમાં ૫૫ લાખ ખેડૂતોએ બેન્ક લોન લીધી છે.

# IFFCO એ વર્ષમાં બીજીવાર ખાતરના ભાવમાં તોતિંગ વધારો ઝીંક્યો

## પહેલા એક થેલીનો ભાવ ૧૭૨૦ રૂપિયા હતો, જે હવે વધીને ૧૮૫૦ રૂપિયા થયો છે ખાતરના ભાવમાં વધારો થતા ખેડૂતોને સીધી અસર થશે

। (એજન્સી) અમદાવાદ,તા.૨૯ ।

એક તરફ ગુજરાતનો ખેડૂત વિવિધ કુદરતી આફતો સામે પાકને બચાવવા ઝઝૂમી રહ્યો છે. ત્યા બીજી તરફ, સરકારે ખેડૂતોના માથા પર મોટો બોજો ઝીંક્યો છે. ઈફ્કોના ખાતરમાં આ વર્ષમાં બીજીવાર ભાવ વધારો ઝીંકવામાં આવ્યો છે. દ્વંદ્વ ખાતરની એક થેલી પર ૧૩૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. પહેલા એક થેલીનો ભાવ ૧૭૨૦ રૂપિયા હતો, જે હવે વધીને ૧૮૫૦ રૂપિયા થયો છે. ખાતરના ભાવમાં વધારો થતા ખેડૂતોને સીધી અસર થશે.

ઈફ્કો કંપનીએ ખાતરના ભાવમાં તોતિંગ વધારો કર્યો. વર્ષ ૨૦૨૫ ની શરૂઆતથી જ ખેડૂતો પર મોંઘવારીનો માર ઝીંકાયો છે. વર્ષની શરૂઆતમાં જાન્યુઆરી મહિનામાં ઈફકોએ એનપીકે ખાતરમાં ભાવ વધારો કર્યો હતો. તેના છ મહિના બાદ જુલાઈના અંતમા ફરીથી ખાતરના ભાવ વધારી દેવાયા છે. ખાતરના ભાવમાં વધારો થતા ખેડૂતોને સીધી અસર થશે. ઈફકો કંપની દ્વારા દ્વંદ્વ ખાતરની થેલીએ ૧૩૦ રૂપિયાનો વધારો કરાયો છે.

પહેલા એક થેલી પર - ૧૭૨૦ રૂપિયા હતા, હવે ભાવ વધારા બાદ ૧૮૫૦ રૂપિયા થયો છે. ત્યારે દક્ષિણ ગુજરાત ખેડૂત અગ્રણી જયેશભાઈ પટેલની સબસીડી આપવા માટે રજૂઆત કરી છે. યુરિયા ખાતરની જેમ પણ સબસીડી આપવામાં આવે તેવી માંગ કરી છે.

તો ખેડૂતોએ આક્રોશ વ્યક્ત કરતા કહ્યું કે, આ ભાવ વધારો ખેડૂતો માટે આત્મઘાતી નિવડશે. ખાતરની જરુર છે ત્યારે જ સરકારે ખેડૂતોને મોટો ઝટકો આપ્યો છે, આ ભાવ વધારાથી ખેડૂતો દેવાદાર બની જશે.

એનપીકે ખાતરનું ઉત્પાદન કરતી ઈફકો (ઈન્ડિયન ફાર્મસ ફર્ટિલાઈઝર કો-ઓપરેટીવ લિમિટેડ) દ્વારા વર્ષની શરૂઆતમા જાન્યુઆરી મહિનામાં એનપીકે ખાતરના ભાવમાં વધારો જાહેર કરાયો છે. અત્યાર સુધી ખેડુતોને એનપીકેની ૫૦ કિલોની એક ગુણ ૧૪૭૦ રૂપિયામાં મળી રહેતી હતી. ત્યારે ૫૦ કિલોની બોરીનો ભાવ ૧૭૨૦ રૂપિયા કરી દેવાયો હતો. અને હવે ફરીથી નવો ભાવવધારો લાગુ કર્યો છે.

ખાતરના ભાવ વધારા પર કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું કે, ખેડુત વિરોધી સરકાર છે. ખેતી માટે જરૂરી દરેક વસ્તુના ભાવ વધારાથી ખેડુત પાયમાલ બન્યો છે. કોંગ્રેસ ખાતરના ભાવ વધારા પર ખેડુતોનો અવાજ બનશે. હાલ પ્રજા બધી રીતે પિસાઈ રહી છે. ૨૦૧૪ પહેલા ભાજપ એમ કહેતી ૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટાડીશું. ખેડૂતોની આવક બમણી કરવાની વાત કરતા હતા. ખેડૂત આર્થિક રીતે પાયમાલ થયો છે. ખેડૂતને ઉત્પાદનના ભાવ નથી મળી રહ્યાં. મોંઘવારી સામે ખાતરના ભાવ વધાર્યા છે. સરકાર ખેડૂત વિરોધી છે, ને ખેડૂતોને પીસી રહી છે. ખાતર મોંઘું, વીજળી મોંઘી, ખેતરની માપણીનો પ્રશ્ન ઉભો છે.

**અમદાવાદમાં અસામાજિક તત્વનો આતંક**

# જમાલપુર વિસ્તારમાં ૧૫ જેટલી રિક્ષામાં તોડફોડ કરનારો આરોપી ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ,તા.૨૯ ।

અમદાવાદના જમાલપુર વિસ્તારમાં આવેલી વસંત રજબ પોલીસ ચોકી પાસે ૧૫ જેટલી રિક્ષામાં તોડફોડ કર્યાની ઘટના સામે આવી છે. સમગ્ર મામલે ગાયકવાડ હવેલી પોલીસે ફરિયાદના આધારે આરોપીની ધરપકડ કરી છે. ગુનાહિત ઈતિહાસ ધરાવતા આરોપીને ઘટના સ્થળ પર લઈ જઈ પંચનામું કરવામાં આવ્યું હતું, જ્યાં આરોપીએ લોકો પાસે જાહેરમાં માફી પણ માંગી હતી.

અમદાવાદમાં વધુ એક વખત અસામાજિક તત્વ દ્વારા આતંક મચાવવાની ઘટના સામે આવી છે. શહેરના જમાલપુર વિસ્તારમાં આવેલી વસંત રજબ પોલીસ ચોકી પાસે પાર્ક કરેલી ૧૫ થી ૨૦ જેટલી રિક્ષાઓના કાચ તોડફોડ થયા હોવાની ઘટના ગઈકાલે રાત્રે સામે આવી હતી. રીક્ષા માલિકોની ફરિયાદને આધારે ગાયકવાડ હવેલી પોલીસે સલમાન ઉર્ફે કણી નાગોરીની ધરપકડ કરી છે. સલમાન દ્વારા ગતરાત્રે તેના ઘર પાસે પાર્ક કરેલી ૧૫ થી ૨૦ જેટલી રિક્ષાઓમાં તોડફોડ કરી હતી. પોલીસે સલમાનની ધરપકડ કરી તેને ઘટના સ્થળ પર લઈ જવાયો હતો, જ્યાં તેણે સ્થાનિકો પાસે જાહેરમાં માફી માંગી હતી અને પોલીસે સલમાનને સાથે રાખી સમગ્ર ઘટનાનું પંચનામું કર્યું હતું.

**મહીસાગરમાં ધારાસભ્યનું ગામ જ વિકાસથી વંચિત**

# વિરાણીયા ગામનું માદરિયા ફળિયું આજે પણ વિકાસથી વંચિત

## સામાન્ય વરસાદમાં પણ અહીંના સ્થાનિકોને પાણીમાંથી જીવના જોખમે મુસાફરી કરવા મજબૂર થવું પડે છે

। (એજન્સી) મહીસાગર,તા.૨૯ ।

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના વિરાણીયા ગામના માદરિયા ફળિયામાં જતો રસ્તો વરસાદી પાણીમાં ગરકાવ થઈ જતાં સ્થાનિક ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્રણ વર્ષ અગાઉ બનાવેલું નાળું પહેલા જ વરસાદમાં ધોવાઈ ગયું હતું, અને આજદિન સુધી તેનું સમારકામ કરવામાં આવ્યું નથી. આને કારણે માદરિયા ફળિયાના આદિવાસી લોકોને ચોમાસામાં અહીંથી પસાર થવું અત્યંત મુશ્કેલ બન્યું છે.

ગ્રામજનોએ અનેક વખત સરપંચ તેમજ સ્થાનિક ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણને રજૂઆત કરી છે, તેમ છતાં રસ્તો ન બનતા ગ્રામજનો આજે પણ એ જ કપરી પરિસ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. રસ્તા ઉપર સામાન્ય વરસાદમાં પણ પાણી ફરી વળતા રાત્રિ દરમિયાન અને દિવસે પણ લોકોને જીવના જોખમે પસાર થવું પડી રહ્યું છે. વધુ વરસાદ પડે તો અહીં રહેતા ૧૦૦ થી વધુ ગ્રામજનો સંપર્ક વિહોણા બની જાય છે.

સ્થાનિક ગ્રામજનો બે હાથ જોડીને વહીવટી તંત્ર પાસે વહેલી તકે અહીં બ્રિજ બનાવી આપવાની માંગ કરી રહ્યા છે. જાણે માદરિયા ફળિયામાં આજદિન સુધી તંત્રનો કોઈ વિકાસ પહોંચ્યો જ ન હોય તેવા દ્રશ્યો અહીં જોવા મળી રહ્યા છે. રોડ-રસ્તા સહિત અહીંના લોકો પ્રાથમિક સુવિધાઓની માંગણી તંત્ર પાસે કરી રહ્યા છે.

આ ઘટના લુણાવાડા તાલુકાના ધારાસભ્યના જ ગામની વરવી વાસ્તવિકતા દર્શાવે છે. વિરાણીયા ગામના માદરિયા ફળિયામાં જવા માટે કોઈ પાકો રસ્તો નથી, અને ઘરે જવા માટે સ્થાનિક લોકો જીવના જોખમે પાણીમાંથી પસાર થઈ રહ્યા છે. સ્થાનિક લોકોનો દાવો છે કે ૭૨ લાખ રૂપિયાની ગ્રાન્ટ આવી હોવા છતાં પણ રસ્તો બની રહ્યો નથી. લોકોએ પોતાની વ્યથા વ્યક્ત કરવા સોશિયલ મીડિયામાં વીડિયો ઉતારી વાયરલ કર્યો છે.

# દ્વારકામાં સુરક્ષાગાર્ડને અજાણ્યા યાત્રિકોએ નિર્દયતાથી માર માર્યો

। દ્વારકા,તા.૨૯ ।

યાત્રાધામ દ્વારકામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં જગતમંદિરના એક્ઝિટ ગેટ પર ફરજ બજાવી રહેલા એક સુરક્ષા ગાર્ડને અજાણ્યા યાત્રિકોએ નિર્દયતાથી માર માર્યો હતો. સામાન્ય બાબતને લઈને શરૂ થયેલી બોલાચાલી મારામારીમાં પરિણમી હતી, જેમાં સુરક્ષાગાર્ડ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવો પડ્યો હતો. મળતી જાણકરી અનુસાર, આ ઘટના ત્યારે બની જ્યારે બે યાત્રિકો એક્ઝિટ ગેટ પર ફોન પર વાત કરી રહ્યા હતા. ડ્યુટીના સુરક્ષાગાર્ડે તેમને મંદિર પરિસરમાં ફોન પર વાત ન કરવા વિનંતી કરી. આ સમાન્ય સૂચના આપતા જ બંને યાત્રિકો ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે પોતે પોલીસ હોવાની ખોટી ઓળખ આપીને સુરક્ષાગાર્ડ સાથે દલીલો કરવાનું શરૂ કર્યું. દલીલો ઉગ્ર બનતા અજાણ્યા યાત્રિકોએ સુરક્ષાગાર્ડ પર હુમલો કર્યો અને તેને માર માર્યો હતો. અચાનક થયેલા હુમલાથી સુરક્ષાગાર્ડને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આસપાસ હાજર અન્ય લોકો અને મંદિરના સ્ટાફ દ્વારા તેને બચાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. મહત્વનું છે કે, હુમલા બાદ બંને અજાણ્યા યાત્રિકો ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત સુરક્ષાગાર્ડને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે જ્યાં તેની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાથી દ્વારકા મંદિરની સુરક્ષા વ્યવસ્થા પર પણ સવાલો ઉભા થયા છે.

# બોગસ પાસપોર્ટ સાથે અમેરિકાથી પરત આવેલો મુસાફર ઝડપાયો

## ૪૦ લાખમાં એજન્ટ મારફતે આ વ્યક્તિએ બનાવટી પાસપોર્ટ બનાવ્યો હતો અને જે પાસપોર્ટના આધારે વર્ષ ૨૦૦૭માં બેંગકોક પહોંચ્યો હતો

। અમદાવાદ,તા.૨૯ ।




અમદાવાદમાં બોગસ પાસપોર્ટ સાથે મુસાફર ઝડપાયો છે. બનાવટી પાસપોર્ટના આધારે અમેરિકાથી પરત આવેલો મુસાફર ઝડપાયો છે. રૂપિયા ૪૦ લાખમાં એજન્ટ મારફતે આ વ્યક્તિએ બનાવટી પાસપોર્ટ બનાવ્યો હતો અને જે પાસપોર્ટના આધારે વર્ષ ૨૦૦૭માં બેંગકોક પહોંચ્યો હતો.ત્યારબાદ વર્ષો સુધી અમેરિકામાં રહીને અંતે પાસપોર્ટ ખોવાઈ જવા અંગે ભારતીય દૂતાવાસને રજૂઆત કરી હતી. તે પછી ભારતીય દૂતાવાસ પાસેથી ઈમરજન્સી સર્ટિફિકેટ મેળવીને અમદાવાદ આવ્યો હતો. મેક્સિકોથી અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પહોંચ્યા બાદ ઈમિગ્રેશનની ટીમે આ વ્યક્તિ પર શંકા જતા પકડ્યો હતો. તેની વધુ તપાસ કરતા ઈમિગ્રેશનની ટીમને જાણવા મળ્યું કે મૂળ મહેસાણાના કનૈયાલાલ પટેલ નામનો મુસાફર બનાવટી પાસપોર્ટના આધારે અમેરિકામાં વર્ષો સુધી રહ્યો હતો. હાલમાં આ સમગ્ર મામલે ઈમિગ્રેશન વિભાગે એરપોર્ટ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. તમને જણાવી દઈએ કે અગાઉ ૧૨ જુલાઈએ પણ અમદાવાદમાં બોગસ પાસપોર્ટ મામલે ફરિયાદ નોંધાઈ હતી. મુસાફર અને ૨ એજન્ટો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. રૂપિયા ૧૫ લાખમાં આરોપીએ ડુપ્લીકેટ પાસપોર્ટ બનાવી જર્મનીમાં મુસાફરી કરી હતી. જર્મની પહોંચ્યા બાદ આરોપીએ ઈન્ડિયન એમ્બેસીમાં પાસપોર્ટ ખોવાઈ ગયાની જાહેરાત કરી હતી અને ઈમરજન્સી પાસપોર્ટ બનાવી પરત આવેલા મુસાફરની પૂછપરછમાં ડુપ્લીકેટ પાસપોર્ટના આધારે મુસાફરી કરી હોવાનું ખુલતા ફરિયાદ નોંધાઈ હતી.

**પોલીસે મહિલાના પતિ સહિત ૪ લોકોની ધરપકડ કરી**

# સુરતમાં પત્નીના અનૈતિક સબંધની શંકામાં પતિ અને તેના મિત્રોનો સામૂહિક બળાત્કાર

। સુરત, તા.૨૯ ।



શહેરના એક વિસ્તારમાં એક મહિલાના ચારિર્ત્ય પર શંકા રાખીને તેના પતિએ મિત્ર સાથે મળીને દુષ્કર્મ આચર્યુ હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. આટલું જ નહીં, મહિલાને બેરહેમીથી ફટકારીને તેની હત્યાની કોશિશ કરવામાં આવી હતી. આ મામલે પોલીસે મહિલાના પતિ સહિત ૪ લોકોની ધરપકડ કરી છે.આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ,સુરતના એક વિસ્તારમાં રહેતી એક મહિલાનો પતિ દારૂના ધંધામાં સામેલ હતો અને પાસાના ગુનામાં જેલમાં હતો. પોતે જેલમાં હતો, ત્યારે તેની પત્નીનો અન્ય કોઈ સાથે અનૈતિક સબંધ હોવાની તેને શંકા ગઈ હતી.ગત ૨૪ જુલાઈના રોજ જેલમાંથી છૂટ્યા બાદ તેણે તેની પત્નીને લાકડાના ફટકાથી ઢોરમાર માર્યો હતો. બીજા દિવસે ૨૫ જુલાઈએ મહિલાનો પતિ પોતાના મિત્ર મહેશને લઈને આવ્યો હતો. બન્ને જણાં મહિલાને ઉઠાવીને દિનદયાળ નગર નજીક રૂમમાં લઈ ગયા હતા, જ્યાં વારાફરતી દુષ્કર્મ આચર્યુ હતુ.આરોપીઓની હેવાનિયત આટલેથી અટકી નહતી. નળિયા વડે મહિલાના માથામાં આડેધડ ઘા માર્યા હતા. ત્યારબાદ કચ્ચો ઉર્ફે વિજય તેમજ આપીયા નામના બીજા બે આરોપીઓ સાથે મળીને મહિલાને તાપી કિનારે આવેલી પાણીની ટાંકી પાસે લઈ જવામાં આવી હતી. ત્યાં પણ ચારેય જણાએ ભેગા થઈને મહિલાને બેરહેમીથી ફટકારી તેનું ખૂન કરવા માટે દોરડું મંગાવીને હાથ-પગ બાંધી દીધા હતા. થાપ આપીને ભાગી છૂટેલી મહિલા પોલીસની શરણમાં પહોંચી ગઈ હતી. પોલીસે ગંભીર રીતે ઈજાગ્રસ્ત મહિલાને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડી હતી. પીડિતાએ કાપોદ્રા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ખૂનની કોશિશ અને બળાત્કારનો ગુનો દાખલ કરીને મહિલાના પતિ ઉપરાંત પ્રિન્સકુમાર ઉર્ફે મુન્નો, વિજય ઉર્ફે કચ્ચો અને અપ્પા સહિત ૪ આરોપીઓની ધરપકડ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાઘોડિયામાં પોલીસે બુટલેગરની કારનો પીછો કરી કારને ઝડપી પાડી

। વાઘોડિયા,તા.૨૯ ।




વહેલી સવારે અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે ઉપર પોલીસ અને બુટલેગર વચ્ચે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. વાઘોડિયા બ્રિજ પાસે બુટલેગરે કાર ન રોકી દોડાવી નાસી છૂટવાનો પ્રયાસ કરતા પોલીસે છેક વોરા ગામડી સુધી પીછો કરી આખરે કારને ઝડપી પાડી હતી. જોકે ,વરસાદ અને અંધારાનો લાભ ઉઠાવી બુટલેગર નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે કારમાંથી રૂ. ૧.૭૩ લાખ ઉપરાંતની કિંમતનો દારૂ- બિયરના જથ્થા સહિત કુલ રૂ. ૭.૭૮ લાખ ઉપરાંતની મત્તા કબ્જે કરી ફરાર બુટલેગરની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, એલસીબીઝોન ૩ ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, “જગદીશ ઉર્ફે જગો કનુભાઈ ઠાકરડા (રહે - ભાલીયાપુરા ગામ ,વડોદરા) કારમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી આજવા તરફથી આવી વાઘોડિયા બ્રિજ થઈ તરસાલી તરફ જવાનો છે”. જેથી પોલીસે વાઘોડિયા બ્રિજ પાસે વોચ ગોઠવી હતી. અને બાતમી મુજબની કાર પસાર થતાં પોલીસે તેને રોકવાનો પ્રયાસ કરતા તે કાર ચાલકે કાર ન રોકી પૂરઝડપે હંકારી નાસી છૂટવાનો પ્રયાસ કર્યો હતો. જેથી પોલીસે વાઘોડિયા બ્રિજથી તરસાલી બ્રિજ થઈ મહીસાગર હોટલની સામે વોરા ગામડી તરફના માર્ગ સુધી પીછો કર્યો હતો. આ દરમ્યાન તે કાર ચાલક જગદીશ ઉર્ફે જગાએ કાર ઉભી રાખી નાસવા જતા પોલીસે પીછો કર્યો હતો. જોકે, વરસાદ અને અંધારાનો લાભ ઉઠાવી તે નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે કારની તલાસી લેતા કારની પાછળની સીટ ઉપરથી તથા ડેકી માંથી વિદેશી દારૂની બોટલો અને બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂ.૧,૩૩,૨૪૮ની કિંમતની દારૂની ૧૦૪૧ બોટલ , રૂ. ૪૦,૫૯૫ની કિંમતના ૩૫૩ નંગ બિયરના ટીન, કાર તથા એક મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૭,૭૮,૮૪૩ની મત્તા જપ્ત કરી પ્રોહિબિશનનો ગુનો નોધી ફરાર જગદીશ ઠાકરડાને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

**લોકોને ગટરના પાણીની સમસ્યા**

# આંબેઠી રોડ પર પાણી ભરાવાની સમસ્યા, ગ્રામજનો દ્વારા તાત્કાલિક નિકાલની માગ

। (એજન્સી) ધોળકા,તા.૨૯ ।

ધોળકા તાલુકાના આંબેઠી ગામ જવાના રસ્તા પર ગટર અને વરસાદી પાણી ભરાવાને કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આંબેઠી, અંધારી, વીરપુર, વૌઠા ગામના લોકોને આ માર્ગ પરથી પસાર થવામાં ખૂબ જ હાલાકીનો સામનો કરવો પડે છે. ખેડૂતો, સ્કૂલ અને કોલેજના વિધાર્થીઓને પણ ભારે હાલાકી પડી રહી છે. સ્થિતિ એવી છે કે રસ્તા પર પાણી ભરાવાના કારણે વાહનો ફસાઈ જવાના પણ બનાવો બની રહ્યા છે. આ પાણીના તાત્કાલિક નિકાલ માટે ગ્રામજનો દ્વારા ઉગ્ર માગ કરવામાં આવી રહી છે. ધોળકા તાલુકાના આંબેઠી ગામ તરફ જતા રસ્તા પર વરસાદી અને ગટરના પાણી ભરાયા હોવાથી જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. આ માર્ગમાં અવરજવર કરતા લોકો, ખેડૂતો, સ્કૂલ તેમજ કોલેજના વિદ્યાર્થીઓને આ સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. આ માર્ગનો ઉપયોગ આંબેઠી, અંધારી, વીરપુર, વૌઠા ગામના લોકો કરી રહ્યા છે. ત્યારે આ લોકોને માર્ગમાં ગટરના પાણી અને વાહનોને ફસાવવાની સમસ્યા નડતર રૂપ બની છે. ત્યારે યુદ્ધના ધોરણે આ પાણીનો નિકાલ કરવામાં આવે તેવી સ્થાનિક લોકોની માગ ઉઠી છે. માર્ગના ચારે તરફ એટલું પાણી ભરાયું છે કે જવા માટેનો રસ્તો પણ દેખાઈ રહ્યો નથી. જેથી વાહનો ફસાય તેવી સ્થિતિ પણ સર્જાય છે. અમદાવાદ જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ હાર્દિકસિંહ દાયમાએ આ સમસ્યાનું નિરાકરણ લાવવા અને લોકોને પડતી મુશ્કેલીને ઝડપથી દૂર કરવા માટે તંત્રને અપીલ કરી છે.

**અસલાલીમાંથી ચોર્યા હતા રૂ.૧૬ લાખના ટાયર**

# પંચમહાલમાંથી ઝડપાયો ટાયર ચોર ગેંગનો સાગરીત

। (એજન્સી) પંચમહાલ,તા.૨૯ ।

પંચમહાલ જિલ્લા SOG પોલીસે અમદાવાદના અસલાલી પોલીસ મથકમાં નોંધાયેલા ટાયરોની ચોરીના ગુનાનો ભેદ ગણતરીના દિવસોમાં જ ઉકેલવામાં સફળતા મેળવી છે. સમગ્ર મામલે SOGની ટીમે એક આરોપીને ઝડપી પાડ્યો છે અને તેની પાસેથી લાખો રૂપિયાના ચોરાયેલા ટાયરો અને મુદ્દામાલ જપ્ત કર્યો છે.પ્રાપ્ત માહિતી અનુસાર, ગત ૨૩ જુલાઈ, ૨૦૨૫ના રોજ અમદાવાદના અસલાલી ખાતે આવેલા અંબિકા ટ્રેડર્સના ગોડાઉનમાંથી અલગ-અલગ કંપનીના રૂ.૧૬.૩૯ લાખની કિંમતના ૬૮ નવા ટાયરોની ચોરી થઈ હતી. આ ગુનાનો ભેદ ઉકેલવા માટે પંચમહાલ SOG પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી.SOG પોલીસે ગોધરાના સુફિયાન મહેબુબ કઠડી નામના આરોપીને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી ચોરી થયેલા ૬૮ નવા ટાયરો, એક આઈસર ગાડી અને એક મોબાઈલ મળી કુલ રૂ.૨૧.૪૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ઝડપાયેલા આરોપી સુફિયાનની પ્રાથમિક પૂછપરછમાં તેણે કબૂલ્યું હતું કે, ૫૭ ટાયરો તેને સલમાન અબ્દુલ રઉફ સબુરીયાએ આઈસર ગાડીમાં ભરાવ્યા હતા, અને બાકીના ૧૧ ટાયર ગોધરાના સીમલા વિસ્તારમાં મુક્યાં હતા. SOG પોલીસે આ બંને સ્થળોએથી ૬૮ ટાયરો જપ્ત કરીને ચોરીનો સમગ્ર મુદ્દામાલ કબજે કર્યો હતો. ચોરીની ઘટનામાં અન્ય બે અજાણ્યા ઈસમો પણ સંડોવાયેલા હોવાનું છે. પંચમહાલ SOG પોલીસે ચોરીના ટાયર સાથે ઝડપાયેલા આરોપી સુફિયાન મહેબૂબ કથડીની અટકાયત કરી અમદાવાદની અસલાલી પોલીસને વધુ કાર્યવાહી માટે જાણ કરી છે.

**૪ ઇંચ વરસાદમાં વટવા જળબંબાકાર**

# મૂશળધાર વરસાદમાં વટવા વિસ્તાર જળબંબાકાર થયું

। (એજન્સી) અમદાવાદ,તા.૨૯ ।

અમદાવાદમાં મેઘરાજા મહેરબાન થયા છે. વરસાદના કારણે શહેરનો વટવા વિસ્તાર જળમગ્ન થયો. આજે ચાર ઈંચ વરસાદમાં વટવાના વિસ્તારોમાં ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા. ભારે વરસાદથી મહાલક્ષ્મી તળાવ ઓવરફ્લો થતા સોસાયટીઓ અને માર્ગો પાણીમાં ગરકાવ થયા. શહેરમાં શનિવાર રાતથી વરસાદે ધબડાટી બોલાવી છે. બે દિવસથી મુશળધાર વરસાદના કારણે શહેરમાં જાણે સાબરમતી નદી વહેતી થઈ હોય તેવા દ્રશ્યો સામે આવ્યા. વરસાદી પાણી ભરાતા વટવા વિસ્તારના રહીશોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ભારે વરસાદના કારણે વટવા વિસ્તારની અનેક સોસાયટીઓ પાણીમાં ગરકાવ થઈ. મોંઘી ગાડીઓ પાણીમાં તરવા લાગી હોય તેવા દ્રશ્યો સામે આવ્યા. માર્ગો પરથી પસાર થતા વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આજે વહેલી સવારથી મુશળધાર વરસાદે અમદાવાદને બાનમાં લીધું છે. વટવામાં ભારે વરસાદના કારણે કેડસમા પાણી ભરાઈ જતા પોતાના રોજિંદાકામ કરવા માટે લોકો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. વરસાદી પાણી દુકાનો અને ઘરોમાં ઘુસતા ઘરવખરી અને માલસામાનને નુકસાન થયું. જયારે બજારની કેટલીક દુકાનો આજે મુશળધાર વરસાદના કારણે બંધ રાખવામાં આવી. આ વિસ્તારની શાળાઓમાં પણ આજે બાળકોની પાંખી હાજરી જોવા મળી.